# ઘરેલૂ હિંસા (મારપીટ)

## સિવિલ (દીવાની) ઉકેલો અને
## ફોજદારી કાયદાની કલમો વિશેની માર્ગદર્શિકા

February 2003 (reprinted March 2007)

Domestic Violence
A guide to civil remedies and
criminal sanctions

Gujarati

અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રસ્તાવના | 1 |
| પરિચય | 2 |
| | |
| ભાગ 1 - દીવાની ઉકેલો (સિવિલ રેમેડિઝ) | 4 |
| ફેમિલિ લૉ એક્ટ 1996નો ભાગ IV | 4 |
| પ્રોટેકશન ફ્રોમ હરેસમેન્ટ એક્ટ 1997 (દીવાની - સિવિલ) | 16 |
| સિવિલ પાર્ટનરશીપ એક્ટ 2004 | 18 |
| ડોમેસ્ટિક વાયોલન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004 | 18 |
| | |
| ભાગ 2 - બાળકો | 20 |
| ચિલ્ડ્રન એક્ટ 1989 | 20 |
| ધ અડોપ્શન એન્ડ ચિલ્ડ્રન એક્ટ 2002 | 20 |
| ચિલ્ડ્રન એક્ટ 2004 | 20 |
| ચિલ્ડ્રન એન્ડ અડોપ્શન એક્ટ 2006 | 21 |
| | |
| ભાગ 3 - ફોજદારી કાયદાની કલમો | 22 |
| પ્રોટેકશન ફ્રોમ હરેસમેન્ટ એક્ટ 1997 (ફોજદારી - ક્રિમિનલ) | 32 |
| ડોમેસ્ટિક વાયલોન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004 | 32 |
| | |
| ભાગ 4 - અન્ય સંબંધિત જોગવાઈઓ | 34 |
| હાઉસિંગ એક્ટ 1996 | 34 |
| સેન્ક્ચ્યુઅરી સ્કીમો | 34 |
| ઈમિગ્રેશનનો હોદ્દો અને જાહેર ભંડોળ | 34 |

પોલીસ રીફોર્મ એક્ટ 2002 - ઘરેલૂ હિંસા અને આરોગ્ય 35

એજ્યુકેશન એક્ટ 2002 35

સૂચિ A
સંલગ્ન વ્યક્તિ કોણ છે? 36

સૂચિ B
જેમના પર કોઈ પ્રકારનું જોખમ રહેલું હોય અથવા જેમને ધમકીઓ આપવામાં આવી હોય તેવાં સાક્ષીઓ માટે ખાસ પગલાં 39

સૂચિ C
પરિભાષિક શબ્દોની યાદી 40

સૂચિ D
સંદર્ભ માટેનાં સ્થાનો અને વધુ વાંચન સામગ્રી 45

# પ્રસ્તાવના

એચ.એમ.સી.એસ. આ ગાઈડ (માર્ગદર્શિકા)ની સુધારેલી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવે છે, જેની પહેલી આવૃત્તિ 2003માં બહાર પાડવામાં આવી હતી. આ નવી ગાઈડમાં બીજી બધી બાબતોની સાથે સાથે, ડોમેસ્ટિક વાયોલન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004 (ઘરેલૂ હિંસા (મારપીટ), ગુના અને ગુનાનો ભોગ બનેલાં લોકો વિશેના કાયદા)માં કરવામાં આવેલા ફેરફારોનું પણ પ્રતિબિંબ પાડવામાં આવ્યું છે.

*'યુ ડોન્ટ હેવ ટુ લિવ ઈન ફિયર'* (તમારે ડર હેઠળ જીવવાની જરૂર નથી) નામની એક ડીવીડી પણ અમે બનાવી છે. આ ફિલ્મમાં ફેમિલિ કોર્ટોમાં દીવાની મનાઈહુકમો - ઈન્જંક્શનો માટે અરજી કરનારાં લોકો માટે, ઈન્ટરવ્યૂઓ અને નાટ્યરૂપાંતરો મારફતે વિગતવાર સમજણ આપવામાં આવી છે. તે સેવા પૂરી પાડનારાંઓને એ દર્શાવવાનો પણધ્યેય રાખે છે કે વ્યક્તિગત લોકો અને તેમનાં કુટુંબીજનો ઉપર તેમજ સામાજિક જીવન ઉપર ઘરેલૂ હિંસાની કેટલી હદ સુધી અસર પડી શકે છે.

અમે આશા રાખીએ છીએ કે આ ક્ષેત્રમાં સેવા પૂરી પાડવામાં અને તાલીમ આપવામાં સંકળાયેલાં કોઈ પણ લોકો માટે આ સંદર્ભ પુસ્તિકા ઉપયોગી બનવાનું ચાલુ રાખશે.

ઘરેલૂ હિંસા (મારપીટ) તમામ સામાજિક વર્ગોમાં આખેઆખાં કુટુંબોને અસર કરે અને નુક્સાન કરે છે. તેની અસરો ફક્ત તેની સાથે સંકળાયેલાં કુટુંબો પર જ નહિ પરંતુ એકંદર સમાજ પર પણ ઘણા મોટા પ્રમાણમાં પડે છે. આપણે બધાંએ તેના ખર્ચા અને પરિણામો ભોગવવાં પડે છે - ફક્ત જાહેર ભંડોળો મારફતે જ નહિ, પણ તેનો ભોગ બનેલાં લોકો (પીડિતો) માટે તેના લીધે ભોગવવાં પડતાં સામાજિક પરિણામોના સંદર્ભમાં, ખાસ કરીને બાળકો માટે, જેઓ ઘરેલૂ હિંસા સાથે રહેતાં હોવાને પરિણામે કદાચ શૈક્ષણિક સફળતાઓ મેળવવામાં પાછળ પડી જાય અને સામાજિક ઉપેક્ષાનો ભોગ બને. એકવીસમી સદીમાં એ જાણીને આઘાત લાગે છે કે ઘરેલૂ હિંસાને કારણે દર અઠવાડિયે બે સ્ત્રીઓનાં મૃત્યુ થાય છે, અને બધા જ હિંસક ગુનાઓમાંથી 17% ગુના ઘરેલૂ હિંસાના હોય છે.

એક સમાજ તરીકે આપણે આવું વર્તન ન જ ચલાવી લેવું જોઈએ અને ભોગ બનેલાં લોકો તેમજ તેના ગુનેગારો બંનેને એકસમાન રીતે સ્પષ્ટ સંદેશો મોકલવાનું ચાલુ રાખવું જ જોઈએ કે ઘરેલૂ હિંસાના બનાવોને અત્યંત ગંભીરતાથી લેવામાં આવે છે. પરંતુ અમારે હજુ વધારે કરવું જ રહ્યું - અને અમે કરીશું પણ ખરા. અમારે જાહેર જાગૃતિ વધારવાની; ભોગ બનેલાં લોકોને તેમને જોઈતો ટેકો અને સલાહ મેળવવામાં મદદ કરવાની; વ્યવસાયિકો સારી રીતે તાલીમ મેળવેલાં અને સહાનુભૂતિ ધરાવતાં હોય તેવી અપેક્ષા રાખવાની; અને કોર્ટની પદ્ધતિઓ ભોગ બનેલાં લોકોને મદદ કરે અને ટેકો આપે તેની ખાતરી કરવાની જરૂર છે. આ લક્ષ્યાંકો પૂરાં કરવા માટે સમગ્ર સરકારમાં કાર્યનો એક કાર્યક્રમ આગળ વધારવામાં આવી રહ્યો છે. ઘરેલૂ હિંસાની અસર પામેલાં લોકો સાથે તંત્ર કેવો વ્યવહાર કરે છે તે જોવા માટેની અમારી ખાસ જવાબદારી છે. ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકોને સુરક્ષા મેળવવા માટેનો ઝડપી અને અસરકારક માર્ગ મળી રહે અને હિંસા આચરનારાં ગુનેગારોનો ન્યાય કરવામાં આવે તેની અમે ખાતરી કરવા માગીએ છીએ.

**માર્ચ 2007**

# પરિચય

આ ગાઈડમાં ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકોને કોર્ટ મારફતે મળી શકતા દીવાની ઉકેલો (સિવિલ રેમેડીઝ) અને ફોજદારી કાયદાની કલમો (ક્રિમિનલ સેંક્શનો) જણાવવામાં આવી છે અને તેમાં ડોમેસ્ટિક વાયોલન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004ની હાલમાં અમલમાં રહેલી તેમજ 1લી જુલાઈ 2007થી અમલમાં મૂકવામાં આવનારી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે સેવા પૂરી પાડનારાં સ્વૈચ્છિક અને કાનૂની પ્રોવાઈડરો માટે બનાવવામાં આવી છે જેઓ ઘરેલૂ હિંસાની અસરો વિશે કામકાજ કરે છે. તે સામાન્ય જનતાને પણ મદદ કરશે, પરંતુ તે સ્વ-સહાય માટેની માર્ગદર્શિકા તરીકે વાપરવાની નથી. આ સાથેની ડીવીડી *'યુ ડોન્ટ હેવ ટુ લિવ ઈન ફિયર'* (તમારે ડર હેઠળ જીવવાની જરૂર નથી), ફેમિલિ કોર્ટની કાર્યવાહીઓ મારફતે અરજી કરનારાંને ટેકો આપનારાં માટે ઉપયોગી નીવડશે. માર્ગદર્શિકા અને પત્રિકાઓ વિશેની વધારે માહિતી સૂચિ D માં આપવામાં આવી છે.

## ઘરેલૂ હિંસાની વ્યાખ્યા અમે કેવી રીતે કરીએ છીએ?

ઘરેલૂ હિંસા વિશેના 'ઈન્ટર-મિનિસ્ટેરિયલ ગ્રુપ' (આંતરિક મંત્રીમંડળ જૂથ) દ્વારા નક્કી કરવામાં આવેલી વ્યાખ્યા, 'એસોસિએશન ઓફ ચીફ પોલીસ ઓફિસર્સ' દ્વારા વાપરવામાં આવતી વ્યાખ્યાનું જ અનુસરણ કરે છે, અને તે નીચે મુજબ છે:

'કોઈ પણ લિંગનાં કે જાતીનાં પુખ્ત વયનાં જે લોકો નિકટનાં પાર્ટનરો અથવા કુટુંબીજનો[1] હોય અથવા તે રીતે પહેલાં રહેલાં હોય, તેમની વચ્ચે કરવામાં આવતા ધમકી આપતા વર્તન, હિંસા અથવા (માનસિક, શારીરિક, જાતીય, નાણાકીય અથવા લાગણીશીલ) હેરાનગતીનો કોઈ પણ બનાવ.'

ઘરેલૂ હેરાનગતી ખરેખરી શારીરિક હિંસા (મારપીટ) કરતાં ઘણું વધારે આગળ વધી શકે છે. તેમાં લાગણીશીલ હેરાનગતી, માલમિલકતનો નાશ કરવો, મિત્રો, કુટુંબીજનોથી કે ટેકો આપી શકે તેવાં બીજાં લોકોથી વિખૂટાં પાડી દેવું, પૈસા, અંગત વસ્તુઓ, ખોરાક, વાહનની સગવડ મેળવવા ઉપર, ટેલિફોન કરવા દેવા ઉપર કાબૂ રાખવો અને સતત રીતે છુપાઈને પીછો કર્યા કરવાનો સમાવેશ થાય છે. ઘણી વાર બાળકો હિંસા થતાં જુએ છે અને સ્ત્રીઓને કરવામાં આવતી હેરાનગતી અને બાળકોની (શારીરિક અને જાતીય) હેરાનગતીના બનાવો એકબીજા ઉપર ઢંકાઈ જાય છે. ઘરેલૂ હિંસા સાથે રહેવાની બાળકો ઉપર પડતી મોટી વિપરિત અસરને બાળકોની સુરક્ષાની બાબત તરીકે ઓળખવામાં આવવી જરૂરી છે. તેના લીધે તેઓ શૈક્ષણિક સફળતાઓ પ્રાપ્ત કરવામાં પાછળ પડી જાય છે, સામાજિક ઉપેક્ષા તેમજ બાળવયમાં ગુનામાં સંડોવણી, પદાર્થોનો દુરુપયોગ, માનસિક આરોગ્યની તકલીફો અને ઘરેથી ભાગી જવાને કારણે ઘરવિહોણા થઈ જવું વગેરેનો ભોગ બને છે. એ તો સ્વીકારવામાં આવે જ છે કે નિકટનાં અને નજીકનાં કુટુંબીજનો દ્વારા કરવામાં આવતી ગેરકાનૂની પ્રવૃત્તિઓના ગુનાઓ મારફતે પણ ઘરેલૂ હિંસા અને હેરાનગતી થતાં હોવાનું સ્પષ્ટપણે દેખાઈ આવે છે, જેમ કે જબરજસ્તીથી લગ્ન કરાવવાં, કહેવાતા 'માનમર્યાદા સાચવવા માટે થતા ગુના' અને સ્ત્રીઓના ગુપ્તાંગોને ઈજા પહોંચાડવી. નજીકનાં કુટુંબીજનો પણ ક્યારેક આવી હેરાનગતી કરવામાં ભાગ લેતાં કે તેને સમર્થન આપતાં હોય એવું બને છે.

બ્રિટિશ ક્રાઈમ સર્વે[2] માંથી જાણવા મળેલાં પરિણામો બતાવે છે કે મોટા ભાગની ઘરેલૂ હિંસા પુરૂષો દ્વારા સ્ત્રીઓ પર કરવામાં આવે છે. આ ગાઈડ અરજી કરનારાંઓ, ભોગ બનનારાંઓ, પ્રતિવાદીઓ, શકમંદો, ગુનેગારો અને/અથવા હેરાનગતી કરનારાંઓનો તટસ્થ નાન્યતર લિંગના સંદર્ભમાં ઉલ્લેખ કરે છે. જો કે, અમે સ્વીકારીએ છીએ કે પુરૂષો અને સમલિંગી જીવનસાથીઓ પણ સમાન રીતે ઘરેલૂ હિંસાનો ભોગ બને છે. અહીં આપવામાં આવેલી માહિતી બંને લિંગનાં લોકો, કોઈ પણ જાતીય વલણ ધરાવતાં અને બધી જ સંસ્કૃતિનાં લોકો માટે માન્ય છે. જ્યાં શક્ય હોય ત્યાં અમે નિષ્ણાતની સેવાઓ પાસે જવાની જરૂરત હોવાનું જણાવ્યું છે અને તેમાંની કેટલીક સેવાઓ સૂચિ D માં આપેલા સંદર્ભનાં સ્થાનોમાં જણાવેલી છે.

---

[1] *કુટુંબીજનોમાં* માતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન અને દાદા-દાદીઓ/નાના-નાનીઓનો સમાવેશ થાય છે, પછી તેઓ સીધા જ એકબીજા સાથે સંબંધિત હોય, સાસરા પક્ષનાં હોય કે સાવકાં કુટુંબ હોય

[2] Finney, A. Domestic violence, sexual assault and stalking: findings from the 2004/2005 British Crime Survey. હોમ ઓફિસ ઓનલાઈન રીપોર્ટ12/06.

## ક્યા ઉકેલો અને કઈ કલમો ઉપલબ્ધ છે?

કોર્ટ્સ મારફતે અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. પીડિતો દ્વારા લેવામાં આવતા જુદા જુદા માર્ગોનો આધાર અનેક જુદાં જુદાં પરિબળો ઉપર રહેલો હશે, જેમ કેઃ

- હિંસા અથવા હેરાનગતીની ગંભીરતા અને/અથવા પ્રકાર
- હેરાન કરવામાં આવેલી વ્યક્તિ અને હેરાન કરનારી વ્યક્તિ વચ્ચેના સંબંધો
- નાણાકીય અસરો, દા.ત. કાનૂની કાર્યવાહીના ખર્ચ માટે નાણાકીય મદદ મેળવવાની લાયકાત
- સિવિલ કોર્ટ્સ (દીવાની અદલાતો) કરતાં ક્રિમિનલ કોર્ટ્સ (ફોજદારી અદલાતો) વધારે સબળ પુરાવા માગે છે. (ફોજદારી કાર્યવાહીઓમાં કેસને ''વાજબી શંકા કરતાં વધારે'' હોવાનો સાબિત કરવો પડે છે, જ્યારે દીવાની કાર્યવાહીઓમાં કોર્ટ ''સંભાવનાઓના સમતોલન'' પરથી તેના નિર્ણય પર પહોંચશે)
- અરજી કરનાર/ભોગ બનનારને કાયદા તરફથી શું સુરક્ષાની જરૂર છે તે અંગે તેમની ઈચ્છાઓ; અને
- વ્યવહારમાં કાયદો ખરેખરું અને માનવામાં આવતું કેટલું રક્ષણ પૂરું પાડી શકે, તેમજ યોગ્ય સહાયક સેવાઓની ઉપલબ્ધી.

આ ગાઈડના ભાગ 1માં, ઘરેલૂ હિંસાનો ભોગ બનતાં લોકો કાઉન્ટિ કોર્ટ્સ, ફેમિલિ પ્રોસિડિંગ્સ (મેજિસ્ટ્રેટ્સ) કોર્ટ્સ અને હાઈ કોર્ટમાં શું પગલાં લઈ શકે છે તે સમજાવવામાં આવ્યું છે.

ભાગ 2માં, જ્યાં બાળકના સંપર્ક / તેના નિવાસના કેસોમાં ઘરેલૂ હિંસાની સમસ્યાની બાબત હોય તેવા કેસોના નિયંત્રણ માટેની જોગવાઈઓ જણાવવામાં આવી છે.

ભાગ 3માં, મેજિસ્ટ્રેટ્સ અને ક્રાઉન કોર્ટ્સ સહિત ક્રિમિનલ કોર્ટ્સ મારફતે મળી શકતી કાયદાની કલમો સમજાવવામાં આવી છે.

ભાગ 4માં, અન્ય સંબંધિત કાયદાઓ જણાવવામાં આવ્યા છે જેની પણ કદાચ ઘરેલૂ હિંસાનો ભોગ બનતાં લોકો, તેના ગુનેગારો ઉપર અસર પડી શકે, જેમ કે રહેઠાણને લગતી જોગવાઈઓ.

# ભાગ 1: દીવાની ઉકેલો (સિવિલ રેમેડિઝ)

## કાયદો

દીવાની (સિવિલ) ન્યાય પદ્ધતિમાં ઘરેલૂ હિંસા ઉપર જુદા જુદા પ્રમાણમાં લાગુ પડતા અનેક કાયદા છેઃ

- ફેમિલિ લૉ એક્ટનો ભાગ IV Part IV of the Family Law Act 1996 (FLA 1996)
- ધ પ્રોટેક્શન ફ્રોમ ધ હરેસમેન્ટ એક્ટ The Protection from Harassment Act 1997 (PHA 1997) – જેમાં ફોજદારી કાયદાની કલમોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે
- ધ ચિલ્ડ્રન એક્ટ The Children Act 1989 (CA 1989)
- ધ અડોપ્શન એન્ડ ચિલ્ડ્રન એક્ટ The Adoption and Children Act 2002 (AChA 2002)
- ધ ચિલ્ડ્રન એક્ટ The Children Act 2004 (CA 2004)
- ધ ડોમેસ્ટિક વાયોલન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ The Domestic Violence, Crime and Victims Act 2004[3] (DV Act 2004)
- ધ સિવિલ પાર્ટનરશીપ એક્ટ The Civil Partnership Act [CPA 2004]
- ધ ચિલ્ડ્રન એન્ડ અડોપ્શન એક્ટ The Children and Adoption Act 2006 (ChAA 2006)

હવે પછીનાં પાનાંમાં, અમે દરેક એક્ટ હેઠળ મળી શકતા મુખ્ય સિવિલ ઉકેલની જોગવાઈઓ જણાવેલી છે અને અમુક નિશ્ચિત પગલાં લેવાની કાર્યવાહી કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

# ફેમિલિ લૉ એક્ટ 1996 નો ભાગ IV

ફેમિલિ લૉ એક્ટ 1996 (FLA 1996)નો ભાગ IV અત્યાચાર, હિંસા અને ઘરમાં રહેવા બાબતના સિવિલ ઉકેલો પૂરા પાડે છે. તેનો હેતુ કુટુંબીજનો સાથેના સંબંધોમાં ઘરેલૂ હિંસાનો અનુભવ કરતાં લોકોનું રક્ષણ કરવાનો છે. આ એક્ટ હેઠળ કોણ ઈન્જંક્શન (મનાઈહુકમ) કે ઓક્યુપેશન ઓર્ડર (ઘરમાં રહેવાનું ચાલુ રાખવાનો હુકમ) મેળવવા માટે કોણ અરજી કરી શકે છે તે માટેના કડક માપદંડો છે; તે નીચે ટૂંકમાં જણાવેલા છે.

FLA 1996 હેઠળ, કોર્ટ અરજી કરનાર વ્યક્તિનું પ્રતિવાદી (જે વ્યક્તિ વિરુદ્ધ મનાઈહુકમ આપવામાં આવ્યો હોય તે)થી રક્ષણ કરવા માટે ઓક્યુપેશન ઓર્ડરો અને નોન-મોલેસ્ટેશન ઓર્ડરો (અત્યાચાર રોકવાનો હુકમ) આપી શકે છે. કૌટુંબિક કાયદાને લગતી કોઈ પણ કાર્યવાહીમાં કોર્ટ પાસે નોન-મોલેસ્ટેશન ઓર્ડર આપવાની પણ સત્તા હોય છે, - જેના માટે પ્રતિવાદી એક પક્ષ હોય છે - પછી ભલે તે ઓર્ડર મેળવવા માટે કોઈ ઔપચારિક અરજી કરવામાં ન આવી હોય અને જો કોઈ પક્ષ અથવા બાળકના લાભ માટે તે ઓર્ડર કરવામાં આવવો જોઈએ એવું કોર્ટનું માનવું હોય.

ઓક્યુપેશન ઓર્ડર, કોઈ પણ પક્ષ અથવા બાળકોનું ઘરેલૂ હિંસાથી રક્ષણ કરવા માટે, દંપતિ અને તેમનાં બાળકો દ્વારા વહેંચીને વાપરવામાં આવતા ઘરમાં રહેવા ઉપર નિયંત્રણો મૂકે છે. આ ઓર્ડર લઈને અત્યાચાર કરનારી વ્યક્તિને ઘરમાંથી સદંતર રીતે બહાર કાઢી મૂકી શકાય છે, અથવા મકાનના ભાગલા પાડીને તે વ્યક્તિને બીજા ભાગમાં રહેવાની મનાઈ ફરમાવી શકાય છે. જો પ્રતિવાદી પહેલેથી મકાન છોડીને જતો રહ્યો/જતી રહી હોય, તો તેવા કિસ્સામાં ઓક્યુપેશન ઓર્ડરનો ઉપયોગ તેને તે મકાનના અમુક ભાગમાં પ્રવેશતાં અને/અથવા આવતાં રોકવા માટે કરવામાં આવે છે.

---

[3] ss 1 – 4 Family Law Act 2006 માં સુધારો કરે છે

ઓક્યુપેશન ઓર્ડરો અનેક પ્રકારના હોય છે (નીચે જુઓ), પરંતુ સૌથી સામાન્ય ઓર્ડરમાં એવા અર્થમાં કહેવામાં આવ્યું હશે કે પક્ષો જેમાં રહેતાં હોય તે મકાન પ્રતિવાદીએ છોડી દેવાનું જ રહેશે અને તે મકાન છોડ્યા પછી તેણે તેમાં ફરીથી દાખલ નહિ જ થવાનું કે અમુક ચોક્કસ કરવામાં આવેલા અંતરની અંદર નહિ જ જવાનું. તે ઓર્ડરમાં સુનાવણી માટેની બીજી તારીખો હશે તો તેની વિગતો આપવામાં આવેલી હશે અને તે ઓર્ડર કેટલા સમય સુધી ચાલશે તે જણાવેલું હશે. સામાન્ય રીતે, આવા ઓર્ડરો છ મહિનાથી માંડીને એક વર્ષ સુધી ચાલે છે, પરંતુ તે ''બીજો ઓર્ડર'' આપવામાં ન આવે ત્યાં સુધી હોય છે. અમુક કિસ્સામાં ઓર્ડર ફક્ત એક વારના છ મહિનાના સમય માટે લંબાવી શકાય છે, દાખલા તરીકે જ્યાં અરજી કરનાર વ્યક્તિ સાથે રહેતી હોય અથવા પહેલાં સાથે રહેલી હોય અને તેને ઘરમાં કોઈ રસ (કે હક) ન હોય.

આવો ઓર્ડર આપતાં પહેલાં કોર્ટ ''નુક્સાનના સમતોલન''ની ચકાસણી કરશે, જેમાં ઘણા મોટા પ્રમાણમાં નુક્સાન થવાના સંદર્ભનો સમાવેશ કરવામાં આવે છે. આ ચકાસણી એ જાણવા માટે કરવામાં આવે છે કે જો ઓર્ડર કરવામાં આવે અથવા ન કરવામાં આવે તો તેમની સાથે રહેતી કઈ વ્યક્તિ પર અને/અથવા બાળક કે બાળકો પર સૌથી વધારે જોખમ રહેલું છે. જો કોર્ટ નુક્સાનના સમતોલનની ચકાસણી પતિ-પત્નીઓ/પાર્ટનરો અથવા ભૂતપૂર્વ પતિ-પત્નીઓ કે પાર્ટનરોની તરફેણમાં કરશે તો ઓર્ડર કરવાની તેની આદેશાત્મક ફરજ બને છે. એક્ટના વિભાગ 33(6)માં જણાવવામાં આવ્યા મુજબનાં 'લાગતાંવળગતાં પરિબળો' અનુસાર પક્ષોના સંજોગોની પણ કોર્ટ આકારણી કરે છે. આ ઘણું અટપટું હોઈ શકે છે કારણ કે પતિ અને પત્નીઓ, ઘરમાં રહેવા માટે હકદાર લોકો અને ઘર પર કોઈ હક ન હોય તેવાં સાથે રહેનારાં લોકો વચ્ચે એક્ટ તફાવત કરે છે.

નોન-મોલેસ્ટેશન ઓર્ડર (અત્યાચાર બંધ કરવાનો હુકમ), કોઈ વ્યક્તિને અરજી કરનાર વ્યક્તિ અથવા કોઈ બાળકો ઉપર હિંસા કરતાં કે તેની ધમકી આપતાં અથવા તેમના ઉપર અત્યાચાર કરતાં રોકવા માટે કરવામાં આવે છે. એક્ટમાં મોલેસ્ટેશન (અત્યાચાર)ની વ્યાખ્યા કરવામાં આવતી નથી, પરંતુ તેમાં ડરાવવું, સતત પજવવું, ધમકીઓ આપવી અને હેરાનગતી કરવાનો સમાવેશ થઈ શકે છે. નોન-મોલેસ્ટેશન ઓર્ડરના ખરેખરા શબ્દો, અરજી કરનાર વ્યક્તિ સામે હિંસાની ધમકી આપતાં કે તેનો ઉપયોગ કરતાં અથવા બીજી કોઈ વ્યક્તિનએ હિંસા કરવી જોઈએ કે તેની ધમકી આપવી જોઈએ એવું કોઈ પણ પ્રકારે સૂચન કરવાની પ્રતિવાદીને મનાઈ ફરમાવે છે. તે અરજી કરનાર વ્યક્તિને ડરાવવા, હેરાન કરવા કે પજવવાની અથવા બીજી કોઈ વ્યક્તિને તેમ કરવા માટે પ્રોત્સાહન આપવા કે તેની સૂચના આપવા કે તેમ કરવાનું કહેવાની પણ પ્રતિવાદીને મનાઈ ફરમાવે છે. અરજીમાં નામ જણાવવામાં આવેલાં બાળકોનું પણ પ્રતિવાદીથી રક્ષણ કરવા માટે પણ આ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.

હિંસા અથવા હિંસાની ધમકીથી બાળકોનું રક્ષણ કરવાની બાબત, કોઈ પણ ''લાગતાવળગતા બાળક''ને લાગુ પડે છે. લાગતાવળગતા બાળકની વ્યાખ્યા આ રીતે કરવામાં આવે છેઃ

- કોઈ પણ બાળક જે સંકળાયેલા બંને પક્ષોમાંથી કોઈ એક સાથે રહેતું હોવાની અપેક્ષા હોય
- જે બાળકને દત્તક લેવાનું હોય અથવા તેના માટે ચિલ્ડ્રન એક્ટને લગતી કાયદેસર કાર્યવાહીઓ કરવાની હોય; અને
- બીજું કોઈ પણ બાળક જે માટે કોર્ટના માનવા મુજબ તેનું હિત જોડાયેલું હોય.

ઓક્યુપેશન ઓર્ડર માટે કોણ અરજી કરી શકે છે, અને કોર્ટ્સ કેવા પ્રકારના ઓર્ડરો આપી શકે તે માટેનો માપદંડ, નોન-મોલેસ્ટેશન ઓર્ડર માટેના માપદંડો કરતાં પ્રમાણમાં ઘણો જ વધારે અટપટો છે અને તેને નીચે વધારે વિગતવાર જણાવવામાં આવ્યો છે. જો તમે નોન-મોલેસ્ટેશન ઓર્ડર માટે અરજી કરશો, તો જો તમારો કેસ સંબંધિત માપદંડ પૂરા કરતો હોય તો તમારે કદાચ ઓક્યુપેશન ઓર્ડર માટે પણ અરજી કરવી પડશે, જે માટે એક જ એપ્લિકેશન ફોર્મનો ઉપયોગ કરવાનો રહેશે.

ઓર્ડરો માટે 'ઓન-નોટિસ' (નોટિસ - સૂચના આપીને) અથવા 'વિધાઉટ નોટિસ' (નોટિસ આપ્યા વગર) અરજી કરવામાં આવે છે. આ શબ્દો વિશે પણ નીચે સમજૂતી આપવામાં આવી છે.

## નોન-મોલેસ્ટેશન અને ઓક્યુપેશન ઓર્ડરો માટે અરજી કરવી

### કોણ અરજી કરી શકે છે?

(DV Act 2004 દ્વારા સુધારો કરાયા મુજબના) FLA 1996 હેઠળ નોન-મોલેસ્ટેશન અને/અથવા ઓક્યુપેશન ઓર્ડર માટે અરજી કરી શકે તેવાં લોકોની યાદી સૂચિ A માં આપવામાં આવી છે. આનો સિદ્ધાંત એવો છે કે અરજી કરવાની લાયકાત કુટુંબનાં સભ્યો જેવા સંબંધો અને/અથવા સહનિવાસ મારફતે રહેલાં જોડાણો ઉપર અને કૌટુંબિક ઘરમાં રહેવાની હકપાત્રતા ઉપર આધારિત છે.

જો અરજી કરનાર 18 વર્ષથી ઓછી અને 16 વર્ષથી વધારે ઉંમરનાં હોય, તો તેમને તેમની અરજીમાં સહાયતા કરવા માટે તેમની પાસે ''નજીકના મિત્ર'' અથવા કાનૂની પ્રતિનિધિ હોવાં જરૂરી છે.

### ઓર્ડરો ક્યાંથી મેળવવા

આ બંને અથવા બેમાંથી કોઈ એક ઓર્ડર માટેની અરજી કૌટુંબિક ન્યાયની કાર્યવાહી કરતી કોઈ પણ કાઉન્ટિ કોર્ટમાં અને જે મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં ફેમિલિ પ્રોસિડિંગ્સ કોર્ટ (એફ.પી.સી.) પણ આવેલી હોય તેમાં કરી શકાય છે. અરજી કરનારાંએ નોંધ લેવી જોઈએ કે 'યુનાઈટેડ ફેમિલિ સર્વિસ' બનાવવામાં આવી હોવાથી, આ પ્રકારની અરજીઓ ઉપર વધારેને વધારે પ્રમાણમાં એફ.પી.સી. સ્તરે કાર્યવાહીઓ કરવામાં આવે એવી શક્યતા વધારે છે.

એફ.પી.સી.માં શરૂ થયેલા ખાસ કરીને અટપટા કેસોને ક્યારેક કાઉન્ટિ કોર્ટમાં મોકલી આપવામાં આવે છે. ઓક્યુપેશન ઓર્ડરો માટેની પણ એવી કેટલીક ચોક્કસ પ્રકારની અરજીઓ હોય છે જેના ઉપર એફ.પી.સી. દ્વારા કાર્યવાહી કરી શકાતી નથી.

### અરજી કેવી રીતે કરવી

અરજી કરનારાં સીધી જ કોર્ટમાં અરજી કરવા માટે કોઈ સોલિસિટરને કામ પર રાખી શકે છે (ખાસ કરીને જેમને ઘરેલૂ હિંસાને લગતાં કામો[4] નો અનુભવ હોય). જો સોલિસિટરને રોકવામાં આવ્યા હશે તો કેસને કોર્ટમાં લાવવામાં વધારે ખર્ચ થશે, સિવાય કે અરજી કરનાર વ્યક્તિ જાહેર ભંડોળ મેળવવા માટે લાયક બનતી હોય.

પોતાની જાતે (પોતાના વતી જાતે) અરજી કરવા ઉપર કોઈ મર્યાદાઓ નથી, પરંતુ જો અરજી કરનારાં આમ કરે, તો તેમણે બધાં જ લાગતાંવળગતાં ફોર્મ્સ અને સ્ટેટમેન્ટો પોતાની જાતે ભરવા માટે અને પોતાનો કેસ કોર્ટ સમક્ષ સમજાવવા માટે તૈયારી રાખવાની જ રહેશે. કોર્ટનાં કર્મચારીઓ કોર્ટની કાર્યપદ્ધતિઓ સમજાવીને મદદ કરી શકે છે, પરંતુ તેઓ વ્યક્તિગત કેસના સંજોગો ઉપર કાનૂની સલાહ આપી શકે નહિ, અથવા કેસનું પરિણામ શું આવવાની સંભાવના છે તેની સલાહ આપી શકે નહિ. જો કે, વધારાનો ટેકો અને માહિતી વિમેન્સ એઈડ રેફ્યુજ અથવા આઉટરીચ સર્વિસ અથવા વિક્ટિમ સપોર્ટ જેવી કોઈ સ્વૈચ્છિક સહાય[5] સંસ્થાઓ પાસેથી મેળવી શકાય છે. આ સંસ્થાઓ પણ કદાચ સૂચવી શકે કે કાનૂની સલાહ ક્યાંથી મેળવવી પરંતુ સામાન્ય રીતે તેઓ પોતે તે આપતાં નથી.

### આ પ્રક્રિયામાં કેટલો ખર્ચ થાય છે?

હાલમાં કાઉન્ટિ કોર્ટમાં ફેમિલિ લૉ એક્ટ (FLA) ની અરજી કરવા માટેનો ખર્ચ £60 છે - એફ.પી.સી. - મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં અરજી કરવા માટે કોઈ ફી નથી. આ એક્ટ હેઠળ બાદમાં કરવામાં આવેલી કોઈ અરજી માટે પણ £60 ચૂકવવાના હોય છે. જે અરજી કરનારાં તેમના પોતાના વતી આ કાર્યવાહી કરવાનો નિર્ણય કરે તેમણે તેમની અરજી ફાઈલ કરતી

---

[4] Resolution રેઝોલ્યુશન – તેમની પાસે નિષ્ણાત સોલિસિટરોની એક પેનલ છે જેઓ ડોમેસ્ટિક અબ્યુઝ (ઘરેલૂ અત્યાચાર)ના કાયદામાં માન્યતા મેળવેલાં હોય છે. તમે તેમની આ વેબસાઈટ સર્ચ કરી શકો છો www.resolution.org.uk. પરિણામોમાં સોલિસિટરો અથવા તાલીમ મેળવી રહેલાં સોલિસિટરો, કાનૂની એક્ઝેક્યુટિવો અને પૅરાલીગલ વિશે અને તેઓ માન્યતા મેળવેલાં રેઝોલ્યુશન નિષ્ણાતો છે કે રેઝોલ્યુશન મીડિયેટરો છે તેની વિગતો મળશે.

[5] કોઈ પણ સર્વિસ પ્રોવાઈડર વ્યક્તિને બીજી સર્વિસ પાસે મોકલી રહ્યાં હોય તેમણે તે વ્યક્તિની ખાસ જરૂરતોને ધ્યાનમાં રાખવી જોઈએ અને વ્યક્તિગત જરૂરતો પૂરી કરવા માટે જ્યાં શક્ય હોય ત્યાં નિષ્ણાત સેવા પાસે તેમને મોકલવાં જોઈએ, જેમ કે બી.એમ.ઈ. (BME) સર્વિસો.

વખતે આ ફી ચૂકવવાની હોય છે. જો કે તેમને કદાચ ફી ચૂકવવામાંથી મુક્તિ અથવા કેટલોક ઘટાડો મળી શકે - આ માટે કોર્ટ સર્વિસની આ પત્રિકા જુઓ EX160A[6], *Court Fees: Do you have to pay them? કોર્ટની ફીઃ શું તમારે તે ચૂકવવી પડશે?*

જો કેસ નીચેનામાંથી કોઈ એક અથવા વધારે માપદંડો પૂરા કરતો હશે, તો કોર્ટના ઓફિસર ફી માફ કરી દેશેઃ

- અરજી કરનાર અને તેના પાર્ટનરને ઈન્કમ સપોર્ટ મળતો હોય
- અરજી કરનારને આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ મળતું હોય
- અરજી કરનારને વર્કિંગ ટેક્સ ક્રેડિટ મળતી હોય
- અરજી કરનાર અથવા તેના પાર્ટનરને ઈન્કમ સપોર્ટ, આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ, વર્કિંગ ટેક્સ ક્રેડિટ અથવા ડિસેબલ્ડ પરસન્સ ટેક્સ ક્રેડિટ મળતા હોય અને અરજી કરનાર વ્યક્તિને 'લીગલ હેલ્પ' (કાનૂની મદદ) મળતી હોય અને તેઓ કોઈ સિવિલ કેસમાં સંડોવાયેલાં હોય; અથવા
- તેઓ કૌટુંબિક કેસમાં સંડોવાયેલાં હોય અને તેમને 'લીગલ હેલ્પ' મળતી હોય.

જે અરજી કરનારાંએ સોલિસિટરને કામ પર રોક્યાં હોય તેમણે એ વાત ખ્યાલમાં રાખવી જ જોઈએ કે તેમણે કોર્ટની ફી અને સોલિસિટરની કાનૂની ફી બંને ચૂકવવાનાં રહેશે. અરજી કરનાર વ્યક્તિ કદાચ કમ્યૂનિટી લીગલ સર્વિસ ફંડ (અગાઉ લીગલ એઈડ તરીકે જાણીતું અને જેનો વહીવટ લીગલ સર્વિસીસ કમિશન દ્વારા કરવામાં આવે છે) તરફથી સહાયતા મેળવવા માટે લાયક બની શકે. આ માટે લાયક બનવા માટે તેમણે આવકને લગતી કાયદેસર ચકાસણી પસાર કરવી જ પડે છે અને કેસની કાર્યવાહી કરવા માટેનાં વાજબી કારણો તેમણે બતાવવાનાં જ રહે છે.

## કેસની કાર્યવાહી કરવા માટે ભંડોળ (પૈસાની મદદ) મળી શકે છે?

બધા જ કેસોને તેમના વ્યક્તિગત સંજોગો અને લાયકાત ઉપર નક્કી કરવામાં આવે છે અને લીગલ સર્વિસીસ કમિશનના ફંડિંગ કોડમાં જણાવવામાં આવેલા માપદંડ સામે તેમની યોગ્યતા તપાસવામાં આવે છે. ફંડિંગ કોડ - ડિસિશન મેકિંગ ગાઈડન્સ (નિર્ણય લેવા માટેનું માર્ગદર્શન) હેઠળ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવે છે. જે કેસોમાં ઘરેલૂ હિંસાને લગતા તાત્કાલિક મનાઈહુકમ કરવા જરૂરી હોય તેમાં, કમિશન સાથે કોન્ટ્રાક્ટ કરેલા એક સોલિસિટર, આ પ્રકારની અરજીઓ ઉપરની રજૂઆતોમાં મોડું ન થાય તેની ખાતરી કરવા માટે, લીગલ રીપ્રેઝન્ટેશન (કાનૂની પ્રતિનિધિત્વ)નું તાત્કાલિક સર્ટિફિકેટ આપવા માટેની પોતાની સોંપાયેલી સત્તાનો ઉપયોગ કરી શકે છે.

આ માપદંડ અનુસાર, ઓર્ડર મેળવવાની સંભાવનાઓ ઓછી નહિ પણ બહેતર હોવી જ જોઈએ, અને માગવામાં આવી રહેલો ઓર્ડર મળવાની સંભાવનાને તેમજ બીજા બધા જ સંજોગોને ધ્યાનમાં રાખીને (માપદંડ 11.10), કાનૂની કાર્યવાહીઓને કારણે ગ્રાહકને મળનારા સંભવિત ફાયદા તે પાછળના સંભવિત ખર્ચને વાજબી ઠેરવી શકવા જોઈએ. આમ તો બંને પક્ષો કદાચ જાહેર ભંડોળ મેળવવા માટે હકદાર બની શકે, પરંતુ પ્રતિવાદી (ડીફેન્ડન્ટ્સ - ગુનેગાર/બચાવપક્ષ) આ માપદંડ પૂરો કરી શકે તેવી શક્યતા ઓછી છે, ખાસ કરીને જ્યાં ફક્ત નોન-મોલેસ્ટેશન માટેની અરજી કરવામાં આવી રહી હોય તેવા કિસ્સામાં. ઘરેલૂ હિંસાના કેસોમાં, ફંડિંગ કોડ માર્ગદર્શિકા અનુસાર ફંડિંગ (ભંડોળ) માટે અરજી કરી રહેલી વ્યક્તિએ ખુલાસો કરવો પડે છે કે પોલીસે અત્યાર સુધીમાં શું પગલાં લીધાં છે અને જો બીજી કોઈ સુરક્ષા કરવામાં આવી હોય તો તે શું છે. અરજી કરનારી વ્યક્તિને સુરક્ષા પૂરી પાડતી હોય તેવી જામીનને લગતી શરતો અમલમાં હોય તેવા કિસ્સામાં સામાન્ય રીતે જાહેર ભંડોળ આપવાનું યોગ્ય ગણાશે નહિ, સિવાય કે ફોજદારી ગુનાની કાનૂની કાર્યવાહીના ચૂકાદા બાદ તે શરતો ટૂંક સમયમાં જ ઉઠાવી લેવામાં આવે તેવી શક્યતાઓ હોય. જો કે આ સખત નિયમ નથી અને અરજી કરનાર વ્યક્તિને કોઈ પણ ફોજદારી ગુનાની કાનૂની કાર્યવાહીથી કેટલી હદ સુધી સુરક્ષા મેળવવાનું પોસાઈ શકે તેમ છે તે બાબત દરેક કેસમાં ધ્યાનમાં લેવામાં આવવી જ જોઈએ. સલાહ આપનારા સોલિસિટરે પણ એ બતાવવું જોઈએ કે, તેમણે કોર્ટની કાર્યવાહી શરૂ થતાં પહેલાં પ્રતિવાદીને ચેતવણીનો એક પત્ર મોકલવો જોઈએ કે નહિ તેનો અથવા આ પ્રકારના પત્રથી ગ્રાહક ઉપર કોઈ પ્રકારનો ખતરો ઊભો થઈ શકે કે નહિ તેનો વિચાર કર્યો છે.

---

[6] (નોંધ) http://www.hmcourts-service.gov.uk/HMCSCourtFinder/GetLeaflet.do?court_leaflets_id=172 /
(અરજી) http://www.hmcourts-service.gov.uk/HMCSCourtFinder/GetForm.do?court_forms_id=168

એ વાતનો ખ્યાલ રાખવાનું અગત્યનું છે કે કમિશન કેસોનો વિચાર તેમની વ્યક્તિગત યોગ્યતા અનુસાર કરે છે. સોલિસિટરોએ હંમેશાં ફંડિંગ મેળવવાની અરજી કરવાનું વિચારવું જોઈએ અને કેસના સંજોગો વિશે તેમનાથી શક્ય હોય તેટલી બધી જ માહિતી કમિશનને પૂરી પાડવી જોઈએ. આ ગાઈડના પ્રકાશન સમયે, ઈન્કમ સપોર્ટ અથવા આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ મેળવતાં લોકો આપમેળે જ જાહેર ભંડોળ મેળવવા માટે નાણાંકીય રીતે લાયક બને છે. નહિતર, જે લોકોની માસિક ગ્રોસ (કપાત પહેલાંની કુલ) આવક £2350 કરતાં ઓછી હોય (જો અરજી કરનાર વ્યક્તિ ઉપર ચાર કરતાં વધારે બાળકો નિર્ભર હોય તો ગ્રોસ આવકની વધારે ઊંચી મર્યાદા લાગુ પડે છે), મહિનાની વપરાશની આવક દર મહિનાના £649 કરતાં ઓછી હોય અને વાપરી શકાય તેવી મૂડી £8,000 અથવા તેથી ઓછી હોય તો તેવાં લોકોને કદાચ નાણાકીય સહાયતા મળી શકે. જો મહિનાની વાપરી શકાય તેવી આવક દર મહિનાના £280થી £649 જેટલી હોય, અથવા વાપરી શકાય તેવી મૂડી £3,000થી £8,000 જેટલી હોય, તો જો તેઓ તેમના કાનૂની ખર્ચ પ્રત્યે પોતાના તરફથી અમુક ફાળો આપવા માટે મંજૂર થશે તો તેના આધારે તેમને ફંડિંગ આપવામાં આવશે. **નોંધ.** સ્ટેટ બેનિફિટોના દરોમાં દર વર્ષે (લગભગ દર એપ્રિલમાં) થતા વધારા અનુસાર આ આંકડામાં આગળ સુધારા કરવામાં આવશે.

આ ઉપરાંત, કોર્ટ પાસેથી સુરક્ષા મેળવવાનો પ્રયત્ન કરી રહેલાં ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકોના લાભમાં વાપરી શકાય તેવી આવકની £649ની ઉપરી મર્યાદા કમિશન પોતાની મરજી અનુસાર માફ કરી શકે છે. આ માફી એવા કિસ્સામાં લાગુ પડે છે જેમાં ગ્રાહક નુક્સાન થવા સામે રક્ષણ મેળવવા માટે અથવા એવા કોઈ ઓર્ડરનો ભંગ કરવામાં આવ્યો હોવાને કારણે મનાઈહુકમ અથવા બીજો કોઈ ઓર્ડર માગી રહ્યા હોય. જો કે, ગ્રાહકે આપવાનો ફાળો માફ કરી શકાતો નથી, અને આથી આવા કિસ્સાઓમાં દર મહિને આપવાનો ફાળો સામાન્ય રીતે લાગુ પડતા વધુમાં વધુ ફાળા કરતાં વધી જશે. જે કિસ્સામાં મૂડી અને/અથવા આવકમાંથી કોઈ ફાળો આપવો જરૂરી ન હોય એવા કિસ્સામાં પણ ''સ્ટેટ્યુટરી ચાર્જ'' કદાચ લાગુ પડી શકે અને ગ્રાહક એન્સિલિયરી રીલિફની (નાણાકીય રાહત મેળવવા માટેની) કાર્યવાહીઓ જેવી સંબંધિત કાર્યવાહીઓમાં કોઈ મિલકત અથવા પૈસા મેળવે કે તે પોતાની પાસે જાળવી રાખે. આવા કિસ્સામાં, ફંડ આપવામાં આવેલા ગ્રાહકના સોલિસિટરનો ખર્ચ, ગ્રાહકને મળેલા કે તેણે પોતાની પાસે જાળવી રાખેલા કોઈ પણ પૈસા કે મિલકતમાંથી ચૂકવવાનો રહે છે.

જાહેર ભંડોળ વિશે વધારે માહિતી લીગલ સર્વિસીસ કમિશનની વેબસાઈટ પરથી અને સી.એલ.એસ. ડાઈરેક્ટ (www.clsdirect.org.uk) પરથી મળી શકે છે જેમાં આ કાયદા વિશે ટૂંકમાં માહિતી આપતી ડાઉનલોડ કરી શકાય તેવી પત્રિકા પણ આપવામાં આવેલી છે અને તે ગ્રાહકો માટે યોગ્ય છે.

### ઓન-નોટિસ એપ્લિકેશનો એટલે શું?

ઓન-નોટિસ એપ્લિકેશનો એટલે જેમાં બધા જ પક્ષોને કોર્ટની સુનાવણીમાં હાજર રહેવા માટેની નોટિસ (સૂચના) મોકલવામાં આવે છે.

એક વાર કાઉન્ટિ કોર્ટ અથવા એફ.પી.સી.માં એપ્લિકેશન ફાઈલ કરી દેવામાં આવ્યા પછી:

- તેને એક કેસ નંબર આપવામાં આવે છે અને તેને ડિસ્ટ્રિક્ટ અથવા સરકિટ જજ અથવા બેન્ચ ઓફ મેજિસ્ટ્રેટ્સ સમક્ષ સુનાવણી કરવા માટે નોંધવામાં આવે છે. કોર્ટના કામકાજ અને કેસ કેટલો તાત્કાલિક છે તેના આધારે આ માટેની તારીખ 24 કલાકથી માંડીને ચાર અઠવાડિયાં પછીના સમયમાં ગમે ત્યારે નક્કી કરવામાં આવી શકે છે.
- ઓન-નોટિસ એપ્લિકેશન સુનાવણીની તારીખના ઓછામાં ઓછા બે દિવસ અગાઉથી 'સર્વ કરવામાં'[7] આવવી જ જોઈએ, એટલે કે પ્રતિવાદીને તે રૂબરૂમાં હાથોહાથ આપવામાં આવવી જ જોઈએ (સામાન્ય રીતે સોલિસિટરો પાસે આ માટે નોટિસો આપવા જનારાં ખાસ માણસો કામ પર રાખેલાં હોય છે);
- પ્રતિવાદીને FL401 એપ્લિકેશન, ટેકા માટે આપવાનું સ્ટેટમેન્ટ (બયાન) અને ફોર્મ FL402 – સુનાવણીની તારીખની નોટિસ આપવામાં આવશે; અને

[7] ઓક્યુપેશન ઓર્ડરો માટે મોર્ગેજ લેનાર વ્યક્તિ અથવા મકાનમાલિકને પણ અમુક એપ્લિકેશનો આપવી જરૂરી હોય છે - જુઓ નિયમો 3.8(11) અને 3A(10).

- જ્યારે પ્રતિવાદીને બધા જ લાગતાવળગતા કાગળો મળી જાય એટલે અરજી કરનાર વ્યક્તિએ કોર્ટમાં સ્ટેટમેન્ટ ઓફ સર્વિસ ફાઈલ કરવું જ જોઈએ (ફોર્મ FL415 કોર્ટમાંથી અથવા એફ.પી.સી.માંથી મેળવી શકાય છે).

**વિધાઉટ નોટિસ એપ્લિકેશનો એટલે શું?**

આને 'એક્સ-પાર્ટે' 'Ex-parte' એપ્લિકેશનો પણ કહેવામાં આવે છે. આ અરજીઓની સુનાવણી પ્રતિવાદીને કોઈ સૂચના આપ્યા વગર (એટલા માટે તેની ગેરહાજરીમાં) કરવામાં આવે છે. નોટિસ આપ્યા વગરની એપ્લિકેશન માટે અરજી કરવાની પ્રક્રિયા લગભગ ઓન-નોટિસ એપ્લિકેશનો માટેની પ્રક્રિયા જેવી સરખી જ છે. તેમાં એકમાત્ર એટલો જ ફેર છે કે જ્યારે અરજી કરનાર એપ્લિકેશન આપવા માટે કોર્ટમાં આવે છે ત્યારે તેઓ તે જ દિવસે જજ/મેજિસ્ટ્રેટ સામે ઉપસ્થિત થાય છે. કોર્ટે શા માટે પ્રતિવાદીને પહેલેથી સૂચના આપ્યા વગર અરજી ઉપર કાર્યવાહી કરવી જોઈએ તે માટેનાં કારણો સોગંદ સાથે લેવામાં આવેલા સ્ટેટમેન્ટ - બયાનમાં જણાવેલાં હોવાં જ જોઈએ.

FLA 1996 ની કલમ 45માં નોટિસ આપ્યા વગરની એપ્લિકેશનો માટેની કાનૂની જોગવાઈઓ અને નોટિસ આપ્યા વગર અરજી ઉપર સુનાવણી કરવી જોઈએ કે નહિ તેનો નિર્ણય લેતી વેળાએ કોર્ટે અનુસરવાની માર્ગદર્શિકાઓ સમાવવામાં આવેલી છે. તેમાં પ્રતિવાદીને નોટિસ આપ્યા વગર ઓર્ડર કરવાનું ન્યાયી અને અનુકૂળ છે કે નહિ, અને જો તાત્કાલિક ઓર્ડર કરવામાં નહિ આવે તો સંભાવનાઓના સમતોલન ઉપર અરજી કરનાર વ્યક્તિ (અથવા કોઈ બાળકો)ને નુક્સાન[8] થવાનું જોખમ રહેલું છે કે નહિ, તેનો નિર્ણય લેવામાં કોર્ટની વિવેકબુદ્ધિને માર્ગદર્શિત કરતાં પરિબળો જણાવવામાં આવ્યાં છે. જો નોટિસ વગર નોન-મોલેસ્ટેશન ઓર્ડર અને/અથવા ઓક્યુપેશન ઓર્ડર કરવામાં આવશે તો કોર્ટે આખી સુનાવણી માટેની તારીખ આપવાની રહેશે જેથી પ્રતિવાદીને રૂબરૂમાં કોર્ટમાં હાજરી આપવાની તક મળી રહે.

નોટિસ આપ્યા વગરની એપ્લિકેશનો સામાન્ય રીતે મંજૂર રાખવામાં આવે છે, પરંતુ જો કોઈ અરજીને કોર્ટ દ્વારા નકારવામાં આવે (અને આવું ક્યારેક થાય છે ખરું), તો કોર્ટ એ વાતની ખાતરી કરે છે કે સુનાવણી ઝડપથી, સામાન્ય રીતે એક અઠવાડિયાની અંદર કરી દેવામાં આવે. ઓક્યુપેશન ઓર્ડરો કરતાં નોન-મોલેસ્ટેશન ઓર્ડરો નોટિસ આપ્યા વગર આપી દેવામાં આવે તેવી શક્યતાઓ ઘણી વધારે છે. અત્યંત તાત્કાલિક હોય તેવા કેસોમાં, કોર્ટ કામના સામાન્ય કલાકો સિવાયના સમયે અથવા શનિ-રવિવારે પણ બેસી શકે છે.

**નોન-મોલેસ્ટેશન ઓર્ડરો[9] માટે કેવી રીતે અરજી કરવી**

અરજી કરનારે

- ફોર્મ FL401 ભરવું જોઈએ (તેની નકલો કોર્ટમાંથી મેળવી શકાય છે અને ઈન્ટરનેટ પરથી પણ તે મળી શકે છે www.hmcourts-service.gov.uk/HMCSCourtFinder)

- પ્રતિવાદી સાથે પોતાનો સંબંધ જણાવવો જોઈએ

- તેમાં આપવામાં આવેલી જગ્યામાં, ટૂંકમાં જણાવવું જોઈએ કે શું ઉકેલ માગવામાં આવી રહ્યો છે

- જો અરજી કરનાર ફોર્મ FL401માં પોતાના ઘરનું સરનામું જણાવવા ન માગતાં હોય તો તેમણે ફોર્મ C8 ભરવું જોઈએ - આ માટે કોર્ટ પાસેથી કોઈ પરવાનગી લેવાની જરૂર નથી; અને

- એપ્લિકેશનના ટેકામાં સોગંદ લીધેલું સ્ટેટમેન્ટ - બયાન ફાઈલ કરવું જોઈએ (આમાં કેસની મુખ્ય હકીકતો જણાવવામાં આવવી જોઈએ, જેમાં ગુનાકીય પ્રવૃત્તિઓ અને પોલીસે કરેલી કોઈ દરમ્યાનગીરીની વિગતો સમાવવી જોઈએ).

---

[8] ભાગ II બાળકોમાં 'નુક્સાન' હેઠળ વધારે વિગતો જુઓ

[9] કોર્ટનાં ફોર્મ્સ એચ.એમ. કોર્ટ્સ સર્વિસની આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે http://www.hmcourts-service.gov.uk/HMCSCourtFinder/FormFinder.do અને કેટલીક એપ્લિકેશનો www.hmcourts-service.gov.uk/onlineservices પર ઓનલાઈન પણ કરી શકાય છે.

કોર્ટની પરવાનગીથી, FL401 ને લેખિતને બદલે મૌખિક જુબાનીથી પણ ટેકો આપી શકાય છે. અત્યંત તાત્કાલિક હોય તેવા કિસ્સામાં, કોર્ટ કદાચ ટેકારૂપ સ્ટેટમેન્ટ વગર એપ્લિકેશન સ્વીકારવા તૈયાર થાય, પરંતુ બાદમાં તે ફાઈલ કરવામાં આવે તેની ખાતરી કરવાનું કોર્ટ દ્વારા અરજી કરનાર વ્યક્તિને સામાન્ય રીતે કહેવામાં આવતું હોય છે.

## ઓક્યુપેશન ઓર્ડરો જુદા કેવી રીતે હોય છે?

નોન-મોલેસ્ટેશન ઓર્ડર કરતાં ઓક્યુપેશન ઓર્ડરો અનેક કારણોસર જુદા હોય છે, પણ મુખ્યત્વે તેનું કારણ એ છે કે ફેમિલિ લૉ એક્ટ 1996ના ભાગ IVના પાંચ જુદા જુદા વિભાગો છે જે આ મુદ્દા સાથે જોડાયેલા છે (વિભાગો 33, 35, 36, 37 અને 38).

સંકળાયેલા પક્ષો વચ્ચેના સંબંધો અને અરજી કરનાર વ્યક્તિને હાલમાં ઘરમાં રહેવા માટેના હકો મળે છે કે નહિ તેના પર ઓર્ડર આપવાનો આધાર રહેલો છે.

એ વાત ધ્યાનમાં રાખવાનું અગત્યનું છે કે અરજી કરનારાં લોકો જે મકાન સંકળાયેલા પક્ષોનું હાલમાં ઘર હોય, ભૂતકાળમાં ઘર રહેલું હોય અથવા ઘર થવાનું હોય તે મકાનના સંબંધમાં જ ઓક્યુપેશન ઓર્ડરની માગણી કરી શકે છે. દાખલા તરીકે, રોકાણના હેતુસર ખરીદવામાં આવેલા મકાનને લગતો ઓર્ડર કરી શકાય નહિ.

## ઓક્યુપેશન ઓર્ડરો કયા પ્રકારના હોય છે?

FLA 1996 હેઠળ કોર્ટ અનેક જુદા જુદા ઓર્ડરો કરી શકે છે. તેમાંથી કેટલાક અહીં આપેલા છે જેથી અરજી કરનારી વ્યક્તિ શું મેળવવાની અપેક્ષા રાખી શકે તેનો ખ્યાલ આવી શકે.

ઓર્ડરથીઃ

- અરજી કરનાર વ્યક્તિને ઘર અથવા ઘરના અમુક ભાગમાં રહેવાની પરવાની મળી શકે છે
- પ્રતિવાદીને ઘરમાં અથવા તેના અમુક ભાગમાં રહેવાની મનાઈ ફરમાવી શકાય છે
- પ્રતિવાદી પાસે ઘર છોડાવી શકાય છે (અમુક સમય અને તારીખ સુધીમાં)
- જણાવવામાં આવેલા સરનામે પ્રતિવાદી પાછો/પાછી ન ફરી શકે તેવો હુકમ કરી શકાય છે
- અરજી કરનાર વ્યક્તિને પ્રતિવાદી ઘરમાંથી કાઢી ન શકે એવો હુકમ કરી શકાય છે
- જે પક્ષ ઘરમાં રહેતો હોય તેમણે ઘરની વાજબી સંભાળ લેવી તેવો હુકમ કરી શકાય છે
- ઘરમાં મૂકવામાં આવેલા ફર્નિચર અને અન્ય જંગમ મિલકતના ઉપયોગ ઉપર નિયંત્રણ કરી શકાય છે
- અરજી કરનાર અથવા પ્રતિવાદી બેમાંથી કોઈ એકે મોર્ગેજ અથવા ભાડાની ચૂકવણીઓ કરવાનું ચાલુ રાખવું એવો હુકમ કરી શકાય છે.

ઓક્યુપેશન ઓર્ડરોમાં પીનલ નોટિસો (દંડની સૂચનાઓ)નો પણ સમાવેશ કરી શકાય છે અને તેની સાથે પાવર ઓફ અરેસ્ટ (ધરપકડની સત્તા) જોડવાનો પણ કોર્ટ હુકમ કરી શકે છે (નીચે જુઓ). જો કે, તમારા ઘરની વાજબી સંભાળ રાખવાના, મોર્ગેજ કે ભાડું ચૂકવવાના અથવા ફર્નિચર કે જંગમ મિલકતના ઉપયોગને લગતા ઓર્ડર સાથે કોર્ટ પાવર ઓફ અરેસ્ટ જોડી શકે નહિ. કાયદામાં રહેલી હાલની ખામીને કારણે, કોર્ટ મોર્ગેજ કે ભાડાની ચૂકવણીની અમલબજાવણી કરાવી શકે નહિ.

અત્યંત કટોકટીના સંજોગોમાં, અરજી કરનારાં લોકો, નોન-મોલેસ્ટેશન ઓર્ડર માટે જણાવેલી સમાન પ્રક્રિયાનું જ અનુસરણ કરીને નોટિસ આપ્યા વગરના ઓક્યુપેશન ઓર્ડરો મેળવી શકે છે. જો કોઈ પ્રતિવાદી ઓક્યુપેશન ઓર્ડરનો ભંગ કરે, તો અરજી કરનાર વ્યક્તિ નોન-મોલેસ્ટેશન ઓર્ડરો માટે હોય છે તેવી જ અમલબજાવણી માટેની પ્રક્રિયાઓનો ઉપયોગ કરી શકે

છે.

### ઓક્યુપેશન ઓર્ડર માટે કોણ અરજી કરી શકે છે?

ઓક્યુપેશન ઓર્ડર મેળવવા માટેની અરજી કરી શકે તેવાં લોકોની ત્રણ શ્રેણીઓ છેઃ

- હકદાર વ્યક્તિઓ
- હકદાર ન હોય તેવી વ્યક્તિઓ; અને
- જેમની પાસે વૈવાહિક ઘરના હકો હોય અથવા સિવિલ પાર્ટનરો તરીકેના હકો હોય તેવી વ્યક્તિઓ.

'હકદાર' વ્યક્તિને મકાનના ફ્રીહોલ્ડ માલિક, ભાડૂત અથવા કરારબદ્ધ લાઈસન્સ ધરાવનાર વ્યક્તિ તરીકે રહેવાના કેટલાક કાનૂની અધિકારો મળે છે. 'હકદાર ન હોય તેવી' વ્યક્તિને આવા કોઈ અધિકારો મળતા નથી.

ઘરેલૂ હિંસાનો ભોગ બનેલી સ્ત્રી કેવા પ્રકારના ઓક્યુપેશન ઓર્ડર માટે અરજી કરી શકે છે તેનો આધાર તે હકદાર છે કે હકદાર નથી તેના પર રહેલો છે. જો તે હકદાર ન હોય, તો તેની એપ્લિકેશનનો પ્રકાર તેણે પ્રતિવાદી સાથે લગ્ન કરેલાં હતાં કે નહિ તેના પર રહેલો હોય છે. અરજી કરનારી હકદાર બનતી વ્યક્તિ FLAની કલમ 33 હેઠળ ઓર્ડર મેળવવાની અરજી કરી શકે છે, જ્યારે હકદાર ન હોય તેવી વ્યક્તિ કલમો 35, 36, 37 અથવા 38 હેઠળ અરજી કરી શકે છે.

ઓક્યુપેશન ઓર્ડર મેળવવા માટે અરજી કરતી હકદાર બનતી વ્યક્તિએ બતાવવાનું જ રહેશે કે તેઓ પ્રતિવાદી સાથે કોઈ રીતે જોડાયેલાં છે, દાખલા તરીકે, લગ્ન, સિવિલ પાર્ટનરશીપ અથવા સહનિવાસ મારફતે.

આ જોડાણની વ્યાખ્યાઓની એક યાદી સૂચિ A માં આપવામાં આવી છે.

### સુનાવણીઓ અને ઓર્ડરોમાં શું કરવામાં આવે છે?

કાઉન્ટિ કોર્ટમાં FL401 એપ્લિકેશનો માટેની નોન-મોલેસ્ટેશન અને ઓક્યુપેશન ઓર્ડરોની સુનાવણીઓ ખાનગીમાં ''ચેમ્બર્સ''માં (જજના રૂમમાં) કરવામાં આવે છે. તે એફ.પી.સી.ઝમાં પણ કદાચ કરવામાં આવી શકે, જેમાં કોર્ટરૂમમાં જાહેર જનતાને બેસવાની પરવાનગી મળતી નથી. આ બેમાંથી કોઈ પણ કોર્ટ બીજાં લોકોને અંદર આવવા દઈ શકે, દાખલા તરીકે ટેકો આપવા માટે કોઈ મિત્ર અથવા કોઈ સ્વતંત્ર સલાહકારને. અરજી કરનારાંએ કદાચ કોર્ટને મૌખિક જુબાની આપવી પડે. કેસ કેટલો અટપટો છે અને પ્રતિવાદી તેના પર મૂકાયેલા આરોપો સામે દલીલ કરે છે કે નહિ તેના આધારે સુનાવણીમાં જુદો જુદો સમય લાગે છે. સુનાવણીમાં કોર્ટ આ કરી શકે છે

a) અરજી રદબાતલ (ડિસમિસ) કરી નાંખે; અથવા

b) નોન-મોલેસ્ટેશન ઓર્ડર અને/અથવા ઓક્યુપેશન ઓર્ડર આપે; અથવા

c) અરજી કરનાર વ્યક્તિ અને પ્રતિવાદી વચ્ચે નક્કી કરવામાં આવેલી શરતો અનુસાર પ્રતિવાદી તરફથી 'અંડરટેકિંગ' - 'આપવામાં આવતું વચન' સ્વીકારે, પરંતુ કોર્ટને પણ એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે આનાથી અરજી કરનાર વ્યક્તિને પૂરતું રક્ષણ મળી રહેશે.

### 'આપવામાં આવતાં વચનો' શું હોય છે?

વચન આપવું એ એક વિકલ્પ છે, જેનાથી પક્ષો આખી સુનાવણી કર્યા વગર તેમના ઝઘડાનું સમાધાન કરી શકે છે. તે અમુક બાબતો કરવા માટે અથવા અમુક બાબતો નહિ કરવા માટે કોર્ટને આપવામાં આવતું વચન છે. તે **ગુનાની કબૂલાત નથી.** કાઉન્ટિ અથવા ફેમિલિ પ્રોસિડિંગ્સ કોર્ટમાં નોંધવામાં આવેલા કેસોમાં વચનો આપી શકાય છે, જો કે તેનો ભંગ કરવા બદલ થતી સજાઓ ફેમિલિ પ્રોસિડિંગ્સ કોર્ટમાં એક સરખી હોતી નથી. બેમાંથી કોઈ પણ કોર્ટે તો જ વચનો સ્વીકારવાં જોઈએ જેમાં તેમ કરવામાં સલામતી હોવાનો તેમને સંતોષ થતો હોય. પ્રતિવાદી તેમની વિરુદ્ધ મૂકવામાં આવેલા આરોપોની કબૂલાત કર્યા વગર વચન આપી શકે છે. એટલા માટે, તે વચનનો ઉપયોગ બાદમાં કરવામાં આવતી કોઈ પણ

ફોજદારી ગુના માટેની કાર્યવાહીઓમાં ગુનાકીય આરોપના પુરાવા તરીકે અથવા કોઈ પ્રકારની હિંસા થઈ હોવાની સાબિતી તરીકે કરી શકાય નહિ. અને અત્યાચાર કરવામાં આવ્યો હોવાની હકીકતનો કોઈ પુરાવો પણ તેનાથી મળતો નથી.

કોર્ટ કોઈ વચનની સાથે પાવર ઓફ અરેસ્ટ જોડી શકે નહિ, પરંતુ વચનનો ભંગ કરવો તે હજુ પણ કોર્ટનો નિરાદર (અપમાન) કર્યો હોવાનું ગણવામાં આવશે અને બીજા કોઈ પણ કોર્ટ ઓર્ડરની જેમ જ તેનો પણ અમલ કરવાની ફરજ પાડી શકાય છે. વચન ઉપર (જેમાં સામાન્ય રીતે નોન-મોલેસ્ટેશન ઓર્ડર જેવું જ લખાણ લખેલું હોય છે) તે આપનાર વ્યક્તિએ સહી કરવી જ જોઈએ. બંને પક્ષો સુનાવણી છોડીને બહાર જાય તે પહેલાં સામાન્ય રીતે કોર્ટ તેમને બંનેને ફોર્મ N117 આપે છે.

### શું ઓર્ડર બદલી શકાય છે?

જો પ્રતિવાદી અથવા અરજી કરનાર વ્યક્તિ ઓક્યુપેશન ઓર્ડર, નોન-મોલેસ્ટેશન ઓર્ડર (અથવા બંને)માં કોઈ ફેરફાર કરવા (તેની શરતો બદલાવવા), અથવા તેને છૂટો (કેન્સલ) કરવા અથવા તેને લંબાવવા ઈચ્છતાં હોય, તો તેમણે કોર્ટને નોટિસ આપીને અરજી કરવાની જ રહેશે. કોર્ટ બીજી સુનાવણીની ગોઠવણ કરશે.

### બીજી કોર્ટ્સમાં એપ્લિકેશનો હોય છે?

પ્રેક્ટિશનરોએ નોંધવું જોઈએ કે સિવિલ અને/અથવા ફેમિલિ કોર્ટ્સમાં ખાસ કરીને અંગત લૉ કેસોમાં (વ્યક્તિઓ વચ્ચેના કેસોમાં), ક્રિમિનલ (ફોજદારી) કોર્ટમાં નિકાલ માટે કરવાની બાકી રહેલી બીજી કાર્યવાહીઓ વિશે કોર્ટને ખબર હોય એવી શક્યતા નથી. દાખલા તરીકે, સંપર્કને લગતી એપ્લિકેશનની સુનાવણી કરતી કોર્ટને, નિકાલ કરવાના બાકી રહેલા ક્રિમિનલ કેસ વિશે, જેમાં પ્રતિવાદીને (આરોપી ગુનેગારને) બાળકોનો સંપર્ક કરતાં અટકાવવા માટેની જામીનની શરત લાદવામાં આવી હોય તેની, આપમેળે જાણ નહિ થાય. કાનૂની પ્રતિનિધિઓએ હંમેશાં તેમનાં ગ્રાહકોને બીજી કાર્યવાહીઓ વિશે પૂછી લેવું જોઈએ. બીજી કોઈ કાર્યવાહીઓ ચાલી રહી છે કે કેમ તેના ઉપર કોર્ટનું ધ્યાન દોરવા માટે કોર્ટ્સ હંમેશાં પક્ષોને પૂછે તેવી શક્યતા છે, પરંતુ કાનૂની પ્રતિનિધિઓએ ખાતરી કરવી જોઈએ કે જ્યાં પુરાવાને લગતા નિયમો હેઠળ તેમને ઉલ્લેખ કરવાની પરવાનગી હોય ત્યાં તેમને અગાઉની કે હાલની બધી જ કાર્યવાહીઓ વિશે કોર્ટને વાકેફ કરવામાં આવે.

આ ગાઈડના ભાગ 3માં, ન્યાયપદ્ધતિઓ વચ્ચે માહિતીની આપ-લે કરવાના સંદર્ભમાં, પુરાવાને લગતા નિયમો વિશે આપણે વધારે ચર્ચા કરીશું. (ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસની ભૂમિકા ઉપર આપેલા વિભાગમાં જુઓ).

### શું તમે અપીલ કરી શકો છો?

જ્યારે બંને પક્ષોએ સુનાવણીમાં હાજરી આપી હોય અને આપવામાં આવેલા ઓર્ડરથી એક અથવા બંને પક્ષ રાજી ન હોય ત્યારે ભાગ IV ઓર્ડર માટેની અપીલ કરી શકાય. અસલ ઓર્ડર કરવામાં આવ્યો હોય તે તારીખથી 14 દિવસની અંદર આ અપીલ કરી દેવી જ જોઈએ. જો અપીલ કરવા માગનાર વ્યક્તિ આ સમયની અંદર અપીલ દાખલ ન કરી શકે તેમ હોય, તો તેઓ જે કોર્ટે ઓર્ડર કર્યો હોય તે જ કોર્ટ પાસેથી અપીલ તૈયાર કરવાનો વધારે સમય માગવા માટે અરજી કરી શકે.

અપીલો અસલ ઓર્ડર કરનાર કોર્ટ કરતાં જુદી કોર્ટ્સમાં સાંભળવામાં આવે છેઃ

- ફેમિલિ પ્રોસિડિંગ્સ કોર્ટમાં કરવામાં આવેલા ઓર્ડરો માટે ડિવિઝનલ કોર્ટ ઓફ ધ હાઈ કોર્ટમાં અપીલ કરવામાં આવે છે
- કાઉન્ટિ કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા કરવામાં આવેલા ઓર્ડર માટે કાઉન્ટિ કોર્ટમાં સરકિટ જજ સમક્ષ અપીલ કરવામાં આવે છે
- હાઈ કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા કરવામાં આવેલા ઓર્ડરો માટે તે જ વિસ્તાર માટેની હાઈ કોર્ટના જજ સમક્ષ અપીલ કરવામાં આવે છે; અને
- સરકિટ જજ દ્વારા કરવામાં આવેલા ઓર્ડરો સામે કોર્ટ ઓફ અપીલમાં અપીલ કરવામાં આવે છે.

## પાવર ઓફ અરેસ્ટ (ધરપકડ કરવાની સત્તા)માં શેનો સમાવેશ કરવામાં આવે છે?

જે કિસ્સામાં હિંસા કરવામાં આવી હોવાનું કે હિંસાની ધમકી આપવામાં આવી હોવાનું જાણવા મળે તેમાં નોન-મોલેસ્ટેશન (1લી જુલાઈ 2007 સુધી) અથવા ઓક્યુપેશન ઓર્ડરની કોઈ પણ જોગવાઈ સાથે પાવર ઓફ અરેસ્ટ (ધરપકડ કરવાની સત્તા) Power of Arrest (PoA) જોડી શકાય છે. જો પ્રતિવાદી કોઈ ઓર્ડરનો ભંગ કરતો/કરતી હોવાની વાજબી શંકા થાય તો PoA થી પોલીસ ઓફિસર કોઈ વોરંટ વગર પ્રતિવાદીની ધરપકડ કરી શકે છે. આમાં અરજી કરનાર વ્યક્તિને મુખ્ય ફાયદો એ થાય છે કે તેમણે ધરપકડ માટેનું વોરંટ બહાર પાડવા માટે કોર્ટને જુદી અરજી કરવી પડતી નથી. ઓર્ડર ઓન-નોટિસ હોય કે નોટિસ વગરનો હોય, કોર્ટ્સ તે ઓર્ડરની સાથે (અથવા ઓર્ડરની અમુક જોગવાઈઓ સાથે) PoA જોડી શકે છે. પ્રતિવાદીની એક વાર ધરપકડ કરવામાં આવ્યા પછી પોલીસે તેને (ધરપકડ કરવામાં આવ્યો હોય ત્યારથી) 24 કલાકની અંદર કોર્ટ સમક્ષ (અસલ ઓર્ડર કરનારી કોર્ટ જેટલા જ સ્તરની કોર્ટમાં) રજૂ કરવો પડે છે. જો કોર્ટ તાત્કાલિક સુનાવણી કરીને આ બાબત ઉપર કાર્યવાહી કરી શકે તેમ ન હોય, તો ગુનેગારને કસ્ટડીમાં રીમાન્ડ પર સોંપવાની કે જામીન પર છોડવાની તેની પાસે સત્તા છે.

જો કે, DV Act 2004 ની કલમ 1, FLA માં સુધારો કરીને નોન-મોલેસ્ટેશન ઓર્ડરના ભંગને ક્રિમિનલ - ફોજદારી ગુનો બનાવે છે અને જ્યારે તારીખ 1લી જુલાઈ 2007 ના રોજ તેનો અમલ કરવામાં આવશે ત્યારથી નોન-મોલેસ્ટેશન ઓર્ડરો સાથે PoA જોડવાનું કોર્ટ્સ માટે કાનૂની ગણાશે નહિ. આ ઉપરાંત, PACE ની કલમ 24 હેઠળ ધરપકડ કરી શકાય તેવા ગુનાઓની યાદીને બદલે, જાન્યુઆરી 2006થી સીરિયસ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ પોલીસ એક્ટ Serious Organised Crime and Police Act 2005 (SOCPA) અમલમાં આવ્યો હતો, અને એટલા માટે તેણે DV Act 2004 ની કલમ 10ને બદલે બધા જ ગુનાને ધરપકડ કરવા લાયક બનાવ્યા હતા. જ્યાં યોગ્ય હશે ત્યાં ઓક્યુપેશન ઓર્ડરો સાથે હજુ પણ PoA જોડી શકાશે.

PoAs માં તે ક્યારે પૂરી થાય છે તેની તારીખ લખેલી હોવી જ જોઈએ. કેટલીકવાર, તે જે ઓર્ડરો સાથે જોડવામાં આવી હોય તે ઓર્ડર પૂરો થાય તે પહેલાં પૂરી થઈ જાય એવું બને. દાખલા તરીકે, જ્યારે કોઈ ઓર્ડરના અમુક ભાગ માટે જ PoA લાગુ પડતી હોય ત્યારે આવું બની શકે.

PoA માટેના ફોર્મ FL406 માં, તે PoA જેની સાથે ''જોડવામાં આવેલી'' હોય તે બધા જ ભાગો સ્પષ્ટપણે લખેલા હોવા જ જોઈએ. આ ફોર્મ અરજી કરનાર વ્યક્તિના સરનામા માટેના વિસ્તારના પોલીસ સ્ટેશનના ઉપરી ઓફિસરને આપવામાં આવવું જ જોઈએ. આની સાથે અરજી કરનાર વ્યક્તિ (અથવા તેના સોલિસિટર) દ્વારા એક સ્ટેટમેન્ટ - બયાન પણ આપવામાં આવવું જ જોઈએ કે પ્રતિવાદીને ઓર્ડર આપવામાં આવ્યો છે અથવા તેને ઓર્ડરની શરતોની જાણ કરવામાં આવી છે.

## વોરંટ ફોર અરેસ્ટ (ધરપકડ માટેના વોરંટ)ની ક્યારે જરૂર પડી શકે?

જ્યાં ઓક્યુપેશન ઓર્ડર સાથે PoA જોડવામાં ન આવી હોય, અથવા ઓર્ડરની અમુક જ જોગવાઈઓ સાથે તે જોડવામાં આવી હોય, અને પ્રતિવાદી તેનો ભંગ કરે, તો અરજી કરનાર વ્યક્તિ તે જ સિવિલ કોર્ટમાં ધરપકડનું વોરંટ મેળવવાની અરજી કરી શકે. જો પોલીસ કથિત ગુનેગારની ધરપકડ નહિ કરવાનો કે તેના પર આરોપ નહિ મૂકવાનો નિર્ણય કરે, તો પણ આ જ પ્રક્રિયા લાગુ પડે છે આ માટે ફોર્મ FL407 પર નોટિસ આપ્યા વગર અરજી કરવામાં આવે છે અને તેના ટેકામાં સોગંદ લીધેલી જુબાની આપવી જ જોઈએ. જો કોર્ટને સંતોષ થઈ જાય કે પ્રતિવાદીએ ઓર્ડરની શરતોનું પાલન કર્યું નથી, તો ધરપકડ માટેનું વોરંટ (ફોર્મ FL408) બહાર પાડવામાં આવે છે. આ ફોર્મ કોર્ટ દ્વારા અરજી કરનાર વ્યક્તિના વિસ્તારને આવરી લેતા પોલીસ સ્ટેશનના ઓફિસરને મોકલી આપવામાં આવે છે.

## પીનલ નોટિસ એટલે શું?

આ લખાણનો ઉપયોગ વચન આપવા માટેના ફોર્મમાં અને ઓક્યુપેશન ઓર્ડર માટેના ફોર્મમાં કરવામાં આવે છે[10]: **''આ ઓર્ડરમાં આપવામાં આવેલી સૂચનાઓનું તમારે પાલન કરવાનું જ રહેશે. જો તમે પાલન નહિ કરો, તો તમે કોર્ટનો નિરાદર કરવા બદલ ગુનેગાર ઠરશો અને તમને કદાચ જેલમાં મોકલવામાં આવી શકે.''**

આને પીનલ નોટિસ કહેવાય છે. જો પ્રતિવાદી ઓર્ડરનું અથવા વચનનું પાલન ન કરે, તો અરજી કરનાર વ્યક્તિ તે જ કોર્ટમાં બંધનકર્તા સુનાવણી (કમિટલ હીયરીંગ) માટે અરજી કરી શકે છે.

---

[10] તારીખ 1 જુલાઈ 2007 થી અમલમાં, નોન-મોલેસ્ટેશન અને ઓક્યુપેશન ઓર્ડરો માટે જુદાં જુદાં ફોર્મ્સ હશે.

આ સુનાવણીઓમાં જો પ્રતિવાદીએ ઓર્ડરનો ભંગ કર્યો હોવાનું જાણમાં આવશે, તો તેણે "કારણ બતાવવું" પડે છે, એટલે કે તેને શા માટે જેલમાં ન મોકલવો/મોકલવી જોઈએ તે તેણે સમજાવવું પડે છે. જો તે પોતાનાં પગલાં માટેનો યોગ્ય ખુલાસો ન આપી શકે, તો જજ તેને કોર્ટના નિરાદર કરવા બદલ સજા સંભળાવી શકે છે. (તારીખ 1 જુલાઈ 2007 પછી નોન-મોલેસ્ટેશન ઓર્ડરોનો ભંગ કરવા સામે કેવી રીતે કાર્યવાહી કરવામાં આવશે તેની વધારે વિગતો પાન 19 પર આપેલી છે.)

**જ્યારે કોઈ ઓર્ડરનો ભંગ કરવામાં આવે ત્યારે કોર્ટ શું કરે છે?**

જ્યારે PoA જોડવામાં આવી હોય તેવા ઓક્યુપેશન ઓર્ડરનો ભંગ કરવા બદલ પ્રતિવાદીની ધરપકડ કરવામાં આવે છે ત્યારે તેમને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે છે. કોર્ટ આ પગલાં લઈ શકે છેઃ

- તાત્કાલિક તે મામલા ઉપર કાર્યવાહી કરીને જરૂરી ઓર્ડર બહાર પાડી શકે છે; અથવા
- મામલો મુલતવી કરી શકે છે અને પ્રતિવાદીને છોડી દઈ શકે છે (ધરપકડ કર્યાના 14 દિવસની અંદર કેસ ફરીથી કોર્ટ સમક્ષ રજૂ કરવો જ પડે છે, સિવાય કે મંજૂરી મેળવીને તે સમય લંબાવવામાં આવ્યો હોય); અને
- પક્ષોને મુલતવી કરાયેલી સુનાવણી માટેની તારીખની 2 દિવસ કરતાં અગાઉથી જાણ કરે છે.

બંધનકર્તા સુનાવણીમાં કોર્ટ નક્કી કરે છે કે ઓર્ડરનો ભંગ કરવામાં આવ્યો છે કે નહિ અને જો ભંગ કરવામાં આવ્યો હોવાનું જણાય તો શું સજા આપવી તેનો નિર્ણય કરે છે. હાલમાં એફ.પી.સી. બે મહિના સુધીની જેલ સજા અને કાઉન્ટિ કોર્ટ બે વર્ષ સુધીની સજા સંભળાવી શકે છે. મોટા ભાગનાં બંધનો અમુક અઠવાડિયાં કે મહિના માટેનાં હોય છે, વર્ષો માટેનાં નહિ. ઘણા કેસોમાં કોર્ટ મુલતવી કરાયેલો કમિટલ ઓર્ડર કરે છે જેમાં જો પ્રતિવાદી ઓર્ડરની શરતોનું પાલન કરે તો તેને જેલમાં મોકલવામાં આવતો/આવતી નથી.

**રીમાન્ડના કયા પ્રકારો છે?**

- **રીમાન્ડ ઈન કસ્ટડીઃ** પ્રતિવાદીને કમિટલના અંતમાં (સામાન્ય રીતે આ નિર્ણય લેવાયાના 8 આખા દિવસો કરતાં ઓછા સમયની અંદર) ફરી પાછો કોર્ટમાં હાજર કરવા માટે કસ્ટડી (કેદ)માં રાખવામાં આવે છે. જો રીમાન્ડનો સમય 3 આખા દિવસ કરતાં વધારે ન હોય તો પ્રતિવાદીને પોલીસ સ્ટેશનમાં રાખી શકાય છે.
- રીમાન્ડ ઈન કસ્ટડી - ઉપરની જેમ જ પણ પ્રતિવાદીને બચાવપક્ષ (ડીફેન્ડન્ટ) તરીકે સંબોધવામાં આવે છે
- **રીમાન્ડ ઓન બેઈલઃ** પ્રતિવાદીને બેઈલ - જામીન આપી શકાય છે, જેનો અર્થ એ થાય કે તેને કસ્ટડીમાં રાખવામાં આવતો નથી પરંતુ તેણે કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી જે કોઈ પણ શરતો હોય તેનું પાલન કરવું જ પડે છે. આમાં બોન્ડ તરીકે પૈસા ચૂકવવા પડે, જેથી પ્રતિવાદી સુનાવણીમાં હાજરી આપે તેની ખાતરી થાય; અથવા તેમાં પ્રતિવાદી વતી બીજી કોઈ વ્યક્તિએ પૈસાના બોન્ડ ચૂકવવાની જરૂર પડી શકે. આ રીમાન્ડનો સમય 8 આખા દિવસો કરતાં વધારે લાંબો હોઈ શકે નહિ, સિવાય કે બંને પક્ષો વધારે સમય માટે મંજૂર થયા હોય. જો કે, મુલતવી કરાયેલી સુનાવણી પ્રતિવાદીની ધરપકડ કરવામાં આવ્યાના 14 દિવસ કરતાં વધારે સમય પછી ન કરી શકાય.
- રીમાન્ડ ઓન બેઈલઃ પ્રતિવાદીને કોઈ શરતો વગર અથવા શરતો સાથે જામીન પર છોડવામાં આવી શકે. જો પ્રતિવાદી તેને જે તારીખે અને સમયે અને જે સ્થળેથી જામીન આપવાના હોય ત્યાં હાજર ન રહે, અથવા તેની જામીનની શરતોનો ભંગ કરે, તો તેની ધરપકડ કરીને તેને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવી શકે. તે પછી તેના રીમાન્ડની પરિસ્થિતિને તેણે શરતનો ભંગ કર્યો હોવાના સંજોગો અનુસાર નવેસરથી જોવામાં આવશે.
- **વધારે રીમાન્ડઃ** જો પ્રતિવાદી તેની બીમારી અથવા બીજી કોઈ મુશ્કેલીને કારણે કોર્ટ સમક્ષ હાજર થઈ શકે તેમ ન હોય, તો તે માટે રીમાન્ડનો સમય લંબાવી શકાય છે.

- ઉપરની જેમ જ, પરંતુ તેમાં પ્રતિવાદી નહિ પણ ડીફેન્ડન્ટ - બચાવપક્ષ તરીકે ઉલ્લેખવામાં આવે છે.

DV Act 2004 ની કલમ 1 નોન-મોલેસ્ટેશન ઓર્ડરનો ભંગ કરવાને ફોજદારી - ક્રિમિનલ ગુનો બનાવશે. જો કોઈ વ્યક્તિ વાજબી કારણ વગર અને ઓર્ડર અસ્તિત્વમાં હોવાની તેમને જાણ હોય તેવા સમયે તે ઓર્ડરનો ભંગ કરે તો તે વ્યક્તિની નોન-મોલેસ્ટેશન ઓર્ડરનો ભંગ કરવા બદલ ધરપકડ કરવામાં આવી શકે છે.

વ્યક્તિના જે પગલાં માટે કોર્ટના અનાદર તરીકે પહેલેથી સજા કરવામાં આવી ચૂકી હોય તેવા કોઈ પગલાંના સંબંધમાં કલમ 1 હેઠળ વ્યક્તિને કોઈ ગુના માટે ગુનેગાર ઠેરવી શકાય નહિ. અને જો તેના તે પગલાંને પરિણામે કલમ 1 હેઠળ ગુનો પુરવાર થયો હોય તો પણ તેને અનાદર માટે સજા ફરમાવી શકાય નહિ.

જો નોન-મોલેસ્ટેશન ઓર્ડરનો ભંગ કરવામાં આવવાને કારણે પોલીસને બોલાવવામાં આવે અને તેઓ પ્રતિવાદી/આરોપી ગુનેગારની ધરપકડ કરે, અને (ગુનાનો ભોગ બનેલી-અરજી કરનાર વ્યક્તિ અને સી.પી.એસ. સાથે સલાહમસલત કર્યા પછી) જો તેના પર કાયદેસર પગલાં નહિ લેવાનો નિર્ણય લેવામાં આવે, તો ભોગ બનેલી-અરજી કરનાર વ્યક્તિ હજુ પણ ઓર્ડરનો ભંગ થયો હોવાની બાબત ઉપર કોર્ટના અનાદર તરીકેની કાર્યવાહી કરવા માટે સિવિલ કોર્ટમાં અરજી કરી શકે છે.

ભોગ બનેલી-અરજી કરનાર વ્યક્તિ આમાં પોલીસને જરા પણ નહિ સંડોવવાનું નક્કી કરી શકે અને ધરપકડ માટેનું વોરંટ મેળવવા માટે અલગથી અરજી કરી શકે અથવા પ્રતિવાદીને શા માટે જેલમાં ન મોકલવો જોઈએ એવું બતાવતી નોટિસ મેળવવાનું અને આપવાનું ગોઠવી શકે અને ઉપર જણાવ્યા મુજબ આ બાબત ઉપર સિવિલ કોર્ટમાં અનાદર તરીકેની કાર્યવાહી કરાવી શકે.

જો ગુનેગારની ધરપકડ કરવામાં આવે અને તેના ઉપર આરોપ મૂકવામાં આવે તો તે માટેની પ્રક્રિયા ઉપરોક્ત ઓક્યુપેશન ઓર્ડરો માટેની પ્રક્રિયા જેવી જ હોય છે, ફક્ત આમાં કથિત ગુનેગારને પહેલી વાર મજિસ્ટ્રેટ્સ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવશે. સિવિલ - દીવાની કાર્યવાહી શરૂ કરનારી ભોગ બનેલી-અરજી કરનાર વ્યક્તિ તે પછી ક્રિમિનલ - ફોજદારી કેસમાં ભોગ બનેલી મુખ્ય વ્યક્તિ-સાક્ષી બનશે અને જો પૂરતા પુરાવા હશે અને તેમ કરવાનું જાહેર હિતમાં હશે તો ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ કાયદેસર પગલાં લેવાની કાર્યવાહી કરશે.

# પ્રોટેક્શન ફ્રોમ હરેસમેન્ટ એક્ટ 1997 (સિવિલ - દીવાની)

પ્રોટેક્શન ફ્રોમ હરેસમેન્ટ એક્ટ Protection from Harassment Act 1997 (PHA 1997) માં ઘરેલૂ હિંસા માટે ક્રિમિનલ - ફોજદારી અને સિવિલ - દીવાની બંને પ્રકારના ઉકેલ આપવામાં આવ્યા છે. ફોજદારી કાયદાની કલમો વિશે અમે આ ગાઈડના ભાગ 3માં સમજાવ્યું છે.

આ એક્ટમાં આપવામાં આવેલા ઉકેલો ફેમિલિ લૉ એક્ટ Family Law Act 1996 માં આપવામાં આવેલા ઉકેલો જેવા જ છે. PHA 1997 અસલમાં ''સતત રીતે પીછો કરતાં રહીને પજવણી કરવા''ની સમસ્યા દૂર કરવા માટે બનાવવામાં આવ્યો હતો, પરંતુ જે લોકો કૌટુંબિક સંબંધો અને/અથવા સહનિવાસનાં ''જોડાણો'' માટેની જરૂરી શરતો પૂરી ન કરી શકતાં હોવાને કારણે FLA 1996 હેઠળ અરજી ન કરી શકતાં હોય તેઓ દ્વારા પણ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અમુક હદ સુધી DV Act 2004: કલમ 3 દ્વારા આ પરિસ્થિતિમાં સુધારો થશે - જે સાથે રહેતાં એક જ લિંગનાં દંપતિઓને પણ ભાગ IVની જોગવાઈઓ વિજાતીય દંપતિઓ જેટલી જ સમાન રીતે ઉપલબ્ધ કરાવે છે (ડિસેમ્બર 2005થી અમલમાં), અને કલમ 4 - જે દંપતિઓ ક્યારેય સાથે ન રહ્યાં હોય અથવા લગ્ન ન કર્યાં હોય તેમને ભાગ IVના ઓર્ડરો મેળવી શકવા લાયક બનાવે છે (1 જુલાઈ 2007થી અમલમાં આવશે).

PHA 1997 પ્રતિવાદીઓ ઉપર નિયંત્રણ મૂકવા માટેના સિવિલ ઉકેલો પૂરા પાડે છે - પ્રતિવાદીના વર્તન ઉપર કાબૂ રાખવો અને/અથવા અરજી કરનાર વ્યક્તિના ઘર અથવા કામના સ્થળની આસપાસના વિસ્તારમાં તેમને પ્રવેશવા ન દેવા - અને હેરાનગતી કરવા બદલ નુક્સાનીનો દાવો કરવો. તેમાં મનાઈહુકમો અને નુક્સાની માટેના દાવાઓ કરવાનો સમાવેશ થાય છે. તાજેતરના એક સંબંધિત દાખલામાં આ એક્ટના સંભવિત અવકાશ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. એક કેસમાં સાસુ સામે એક સફળ એપ્લિકેશન કરવામાં આવી હતી, જેમાં અરજી કરનારને નુક્સાની માટે £35,000 ચૂકવવામાં આવ્યા હતા, જેમાં એક યુવતી પર તેની સાસુ દ્વારા હેરાનગતી કરવા માટે ઈરાદાપૂર્વક અને અવગણનાથી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો.[11]

### કોણ અરજી કરી શકે છે?

આ એક્ટ હેઠળ કોઈ પણ વ્યક્તિ કોઈ પણ વ્યક્તિ સામે મનાઈહુકમ મેળવવા કે નુક્સાની માટેનો દાવો માંડવા અરજી કરી શકે છે.

આ એક્ટની કલમ 3 હેઠળ, કાયદેસર કાર્યવાહી ''કલમ 1ના ખરેખરા અથવા પકડાયેલા ભંગ''ના આધાર પર કરવામાં આવી શકે છે. આ એક્ટ હેઠળની ફોજદારી કાર્યવાહીથી વિપરિત છે, જેમાં ''લેવામાં આવેલા પગલાં''ની સાબિતિ આપવી જરૂરી હોય છે, એટલે કે બચાવપક્ષે દાવેદારને અગાઉ ઓછામાં ઓછા બે વાર હેરાન કર્યા હોય.

### કઈ કોર્ટ્સ સંકળાયેલી હોય છે?

આ એક્ટની કલમ 3 હેઠળ કરવામાં આવતી અરજીઓ હાઈ કોર્ટમાં કે કાઉન્ટિ કોર્ટમાં કરી શકાય છે. આ કેસો માટે એફ.પી.સી. કાર્યવાહી કરી શકતી નથી.

### અરજી કરનારાંએ કેવી રીતે અરજી કરવી?

જો આ એક્ટની કલમ 2 અથવા 4 હેઠળ ફોજદારી કાર્યવાહી કરવાનો પોલીસ નિર્ણય કરે, તો દીવાની કાર્યવાહી કરવાની કોઈ જ જરૂરત નહિ રહે. જો અરજી કરનાર વ્યક્તિ કલમ 3 હેઠળ દીવાની કાર્યવાહી કરવાનો નિર્ણય કરે, તો તે તેઓ તેમની જાતે કરી શકે છે અથવા કોઈ સોલિસિટરને રોકી શકે છે. સોલિસિટરને સંડોવવાનું પૈસાની બાબતમાં ઘણું મોંઘું પડે છે, સિવાય કે અરજી કરનાર વ્યક્તિને જાહેર ભંડોળ (પાનાં 7-8 જુઓ) મળી શકતું હોય. પોતાની જાતે કાર્યવાહી કરી રહેલી અરજી કરનાર વ્યક્તિએ બધાં જ લાગતાંવળગતાં ફોર્મ્સ ભરવાની અને જો કેસનો ટ્રાયલ ચાલે તો કોર્ટ સમક્ષ પોતાના કેસની રજૂઆત કરવાની, કથિત ગુનેગારને પ્રશ્નો પૂછવાની અને તેના દ્વારા પૂછાનાર પ્રશ્નોના જવાબ આપવા સહિતની, તૈયારી રાખવી જ જોઈએ.

---

[11]સિંગ-વિ-ભાકર (4NG17900) નોટિંગહમ કાઉન્ટિ કોર્ટ 24 જુલાઈ 2006

નુક્સાની માટે કે મનાઈહુકમ મેળવવા માટેનો દાવો કરતી વખતે, અરજી કરનારાં પાસે અનેક વિકલ્પો હોય છે. જેમ કેઃ

1) તેઓ અમુક ચોક્કસ રકમ માટેનો દાવો કરી શકે (અમુક નિશ્ચિત રકમની નુક્સાની માટે); અથવા

2) તેઓ અચોક્કસ રકમ માટેનો દાવો કરી શકે (અનિશ્ચિત રકમ માટેની નુક્સાની); અને/અથવા

3) તેઓ પૈસાના દાવાની સાથે અથવા તેના વગર મનાઈહુકમ મેળવવાની અરજી કરી શકે છે.

તેમની પસંદગી ગમે તે હોય, અરજી કરનારાંએ ફોર્મ N1 ભરવાનું રહેશે (જે કોર્ટમાંથી મેળવી શકાય છે). તે માટે કેટલી ફી ચૂકવવી પડશે તેનો આધાર શું ઉકેલ માગવામાં આવી રહ્યો છે તેના પર તેમજ કોર્ટ મારફતે કરવાની કાર્યવાહી પર રહેલો હશે. પરંતુ જો અરજી કરનારાં ઉપરના વિકલ્પ 3 માટે અરજી કરે, તો ડિસ્ટ્રિક્ટ જજ અથવા સરકિટ જજ સમક્ષ તે માટેની સુનાવણી ગોઠવવામાં આવશે.

ઉપરોક્ત વિકલ્પ 1ની પસંદગી કરી રહેલાં દાવેદારોએ કદાચ જજ સમક્ષ હાજર થવાની જરૂર નહિ પડે. જો બચાવપક્ષ દાવાનો જવાબ ન આપે અને પોતાનો બચાવ રજૂ ન કરે, તો દાવેદાર કોર્ટ પાસે કર્તવ્યચ્યૂતિ માટેનો ચૂકાદો આપવાની માગણી કરી શકે છે આવા કિસ્સામાં, કોર્ટમાં હાજરી આપવી પડતી નથી. તાત્કાલિક કિસ્સામાં, દાવેદારો (ફોર્મ N244નો ઉપયોગ કરીને) કોર્ટ પાસે સંપૂર્ણ કાર્યવાહી માટેની અરજી આપવામાં આવે તે પહેલાં, વચગાળાના અથવા કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટે અરજી કરી શકે છે.

### PHA 1997 હેઠળ શું અમલબજાવણી હોય છે?

આ એક્ટ હેઠળ ઓર્ડરનો ભંગ કરવો એ ક્રિમિનલ ઓફેન્સ - ફોજદારી ગુનો બને છે. FLA 1996ની જેમ આ એક્ટ હેઠળ પાવર ઓફ અરેસ્ટ જોડવા માટેની કોઈ જોગવાઈ નથી. પરંતુ જ્યારે બચાવપક્ષ ઉપર નિયંત્રણ મૂકવા માટે કોર્ટે મનાઈહુકમ આપ્યો હોય, અને દાવેદાર કહે કે બચાવપક્ષે આ ઓર્ડરનો ભંગ કર્યો છે, તો તેઓ (જે કોર્ટમાં ઓર્ડર આપવામાં આવ્યો હોય તે કોર્ટ મારફતે) ધરપકડ માટેનું વોરંટ મેળવવાની અરજી કરી શકે. જો સોગંદ ઉપર અરજીની સત્યતા પૂરવાર કરવામાં આવે અને બચાવપક્ષે ઓર્ડરનું કે ઓર્ડરના અમુક ભાગનું પાલન નહિ કર્યું હોવાનું માનવા માટે જજ પાસે વાજબી કારણો હોય, તો જ વોરંટ આપવામાં આવી શકે છે. તે પછી તે વોરંટ કોર્ટ અરજી કરનાર વ્યક્તિના વિસ્તારને આવરી લેતા પોલીસ સ્ટેશનન ઉપરી અધિકારીને મોકલી આપવામાં આવશે. પરંતુ જો ઓર્ડરનો ભંગ કરવા માટે કરવામાં આવેલી પ્રવૃત્તિ ગુનાકીય પ્રવૃત્તિ હોય, તો પોલીસ ફોજદારી ગુના માટે ધરપકડ કરી શકે છે.

અથવા, દાવેદાર 'કમિટલ એપ્લિકેશન' - બચાવપક્ષને કસ્ટડી કે જેલમાં મોકલવા માટેની અરજી કરી શકે છે. એકવાર કોર્ટના કર્મચારી દ્વારા આ એપ્લિકેશન આપી દેવામાં આવ્યા પછી તેને સુનાવણી માટે નોંધવામાં આવશે. તે પછી જો ઓર્ડરનો ભંગ થયો હોવાનું પુરવાર થાય, તો બચાવપક્ષે "કારણ બતાવવાનું" જ રહેશે કે ઓર્ડરનું પાલન નહિ કરવા બદલ તેને શા માટે જેલમાં ન મોકલવો/મોકલવી જોઈએ.

## સિવિલ પાર્ટનરશીપ એક્ટ 2004

5મી ડિસેમ્બર 2005ના રોજ અમલમાં આવેલા આ કાયદાએ નવા પ્રકારના કાનૂની સંબંધોની રચના કરી હતી, જે બે વ્યક્તિઓ દ્વારા બનાવી શકાય છે, જેઓઃ

- એક જ લિંગનાં હોય;
- પહેલેથી હાલની સિવિલ પાર્ટનરશીપમાં ન હોય અથવા કાયદેસર પરણેલાં ન હોય;
- સંબંધોના પ્રતિબંધિત પ્રમાણની અંદર ન હોય;
- બંને સોળ વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હોય.

સિવિલ પાર્ટનરશીપ લગ્ન નથી પરંતુ એટલી જ ગંભીરતા સાથેનો તેના જેવો જ સમાંતર સંબંધ અને વચનબદ્ધતા છે, જેને સમલિંગી દંપતિઓ જો ઈચ્છે તો પોતાના સંબંધોને કાયદેસર માન્યતા અપાવી શકે તે માટે માટે બનાવવામાં આવી છે. તે દંપતિને એક બીજાના સિવિલ પાર્ટનર તરીકેનો હોદ્દો આપશે. નોંધણીની પ્રક્રિયામાંથી પસાર થવાથી સિવિલ મેરેજ (લગ્ન) જેવી જ સમાનતાઓ સાથેની સિવિલ પાર્ટનરશીપ બનાવી શકાશે. વિદેશી કાયદા હેઠળના કેટલાક નોંધાયેલા કાનૂની સંબંધો (જે દેશોમાં સિવિલ પાર્ટનરશીપોની મંજૂરી હોય તેમાં સમાન લિંગનાં લોકોનાં લગ્ન સહિત), યુકેમાં સિવિલ પાર્ટનરશીપો તરીકે માન્યતા મેળવી શકે તે માટેની પણ કેટલીક જોગવાઈ આ એક્ટમાં કરવામાં આવી છે.

CPA 2004 (કલમ 82, સૂચિ 9) ફેમિલિ લૉ એક્ટ Family Law Act 1996ના ભાગ IVમાં સુધારો કરે છે જેથી પરિણિત દંપતિઓને લાગુ પડતી હોય તેવી જ એક સરખી જોગવાઈઓ સિવિલ પાર્ટનરોને પણ લાગુ પડે છે. એટલે કે જ્યાં 'પતિ કે પત્ની' ઓક્યુપેશન ઓર્ડર માટે અરજી કરી શકે તેવી જોગવાઈઓ હોય, ત્યાં સિવિલ પાર્ટનરોને પણ તેવો જ એકસમાન અધિકાર મળે છે. DV Act 2004ની કલમ 3 દ્વારા FLA 1996ની 'જોડાયેલાં વ્યક્તિઓ'ની યાદીમાં સુધારો કરીને તેમાં 'સહનિવાસીઓ'માં સમલિંગી સહનિવાસીઓનો પણ સમાવેશ થતો હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

## ડોમેસ્ટિક વાયોલન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004[12]

આ એક્ટની ફેમિલિ લૉ એક્ટ Family Law Act 2006 પર અસર કરતી જે જોગવાઈઓનો 1 જુલાઈ 2006થી અમલ કરવામાં આવશે તે કલમો 1 અને 4 છે. કલમો 2 અને 3નો અમલ ડિસેમ્બર 2005માં કરવામાં આવ્યો હતોઃ કલમ 2માં જો પક્ષો સાથે રહેતાં હોય અથવા ભૂતકાળમાં સાથે રહેલાં હોય તો વધારાની ધ્યાનમાં લેવાની બાબતો તેમજ તેમના સંબંધના પ્રકાર જણાવે છે; કલમ 3 સાથે રહેતાં સમલિંગી દંપતિઓને નોન-મોલેસ્ટેશન અને ઓક્યુપેશન ઓર્ડરો મેળવવાની સરખી સુવિધાઓ પૂરી પાડે છે.

કલમ 1 નોન-મોલેસ્ટેશન ઓર્ડરના ભંગને ફોજદારી ગુનો બનાવે છે. આ ભંગ કરવા માટેનો આરોપ મૂકવામાં આવ્યેથી પાંચ વર્ષ સુધીની જેલ સજા કરવામાં આવી શકે છે. આની વિગતો ઉપર ''ઓર્ડરનો ભંગ કરવામાં આવે તો કોર્ટ શું કરે છે?'' શીર્ષક હેઠળ આપવામાં આવી છે.

કલમ 4માં ક્યારેય સાથે ન રહ્યાં હોય અથવા લગ્ન ન કર્યાં હોય તેવાં કેટલાંક દંપતિઓને નોન-મોલેસ્ટેશન અને ઓક્યુપેશન ઓર્ડરો મેળવવા માટે લાયક બનાવતી જોગવાઈ કરવામાં આવી છે.

---

[12] http://www.legislation.hmso.gov.uk/acts/acts2004/20040028.htm

કલમ 12: હેઠળ કોર્ટ્સ કોઈ પણ ગુનાસર સજા સંભળાવતી વખતે (અને દોષમુક્ત કરતી વખતે) નિયંત્રણમાં રાખતા હુકમો લાગુ પાડી શકે છે અને જો ઓર્ડરમાં ફેરફાર કરવાની કે તેનો અંત લાવવાની અરજી કરવામાં આવે તો નિયંત્રણ માટેના ઓર્ડરમાં નામ જણાવવામાં આવેલી કોઈ પણ વ્યક્તિને કોર્ટમાં રજૂઆત કરવાનો હક આપે છે. આ કલમનો અમલ પણ 1 જુલાઈ 2007થી કરવામાં આવશે અને તેની વિગતો ભાગ 3માં પ્રોટેક્શન ફ્રોમ હરેસમેન્ટ એક્ટ Protection from Harassment Act 1997 નાં ફોજદારી પાસાંઓ અંગેની કાર્યવાહી કરતા વિભાગમાં જણાવવામાં આવી છે.

# ભાગ 2: બાળકો

## ચિલ્ડ્રન એક્ટ 1989

Family Law Act 1996 ની કલમ 6 Children Act 1989માં સુધારો કરીને કોર્ટને પરવાનગી આપે છે જે હેઠળ કોર્ટ વ્યક્તિને બાળકના ઘરમાંથી બહાર કાઢે કે બહાર રાખે, અથવા તે બાળકના ઘરની આસપાસના અમુક નિશ્ચિત અંતરમાં પ્રવેશવાની તે વ્યક્તિને મનાઈ ફરમાવતો હુકમ, જરૂર પડે તો સાથે પાવર ઓફ અરેસ્ટ જોડીને, લાગુ પાડી શકે છે. જ્યાં કોર્ટ પાસે વ્યક્તિને બહાર રાખવાનો ઓર્ડર આપવાની સત્તા હોય, ત્યાં તે લાગતીવળગતી વ્યક્તિ પાસેથી તેને લગતું વચન પણ સ્વીકારી શકે છે.

જે કિસ્સામાં ઈમર્જન્સી પ્રોટેક્શન ઓર્ડર (તાત્કાલિક સુરક્ષા માટેનો ઓર્ડર) અથવા ઈન્ટેરિમ કેર ઓર્ડર (વચગાળાના સમય પૂરતી સંભાળનો ઓર્ડર) કરવામાં આવ્યો હશે તેમાં જ (Children Act 1989 ની કલમો 44A, 44B, 38A અને 38B હેઠળ) (Family Law Act 1996 ની સૂચિ 6 દ્વારા દાખલ કરવામાં આવ્યા મુજબ) કોર્ટ આ ઓર્ડરો કરશે.

## અડોપ્શન એન્ડ ચિલ્ડ્રન એક્ટ 2002

અડોપ્શન એન્ડ ચિલ્ડ્રન એક્ટ Adoption and Children Act (બાળકોને દત્તક લેવાનો અને બાળકોને લગતો કાયદો) નવેમ્બર 2002 માં પસાર કરવામાં આવ્યો હતો. આ એક્ટ હવેથી એ સ્પષ્ટ કરે છે કે જ્યારે કોર્ટ Children Act 1989 ની કલમ 8 હેઠળ કોઈ એપ્લિકેશન પર વિચારણા કરી રહી હોય અને કોઈ બાળકે નુક્સાન સહન કરવું પડ્યું છે કે નહિ અથવા તેને નુક્સાન સહન કરવું પડે તેવી શક્યતા છે કે નહિ તેનો પણ તે વિચાર કરી રહી હોય, તો તેણે બાળકને ફક્ત ઘરેલૂ હિંસાનો ભોગ બનવો પડ્યું હોવાને લીધે જ નહિ પણ બાળકે તે હિંસા થતાં જોઈ હોવાને કારણે પણ તેને જે નુક્સાન થઈ શકે તે નુક્સાનનો વિચાર કરવો જ જોઈએ.

નુક્સાનની સુધારાયેલી વ્યાખ્યાનો જાન્યુઆરી 2005થી ઔપચારિક અમલ કરવામાં આવ્યો હતો. આ સુધારો - કોર્ટ્સ અને સંકળાયેલાં વ્યવસાયિકો બંને માટે - સંપર્ક અને ઘરેલૂ હિંસા ઉપર કોર્ટ્સ માટે માર્ગદર્શન પૂરું પાડે છે જે હાલની માર્ગદર્શિકામાં ઉમેરો કરે છે.

બાળકના સંપર્ક અને તેના નિવાસને લગતી એપ્લિકેશનો કરવા માટેનાં સુધારો કરાયેલાં ફોર્મ્સ C1 અને C1A (જેમને સામાન્ય રીતે 'ગેઈટવે' 'Gateway' ફોર્મ્સ તરીકે ઓળખવામાં આવે છે), પણ 31 જાન્યુઆરી 2005થી શરૂ કરવામાં આવ્યાં હતાં. અરજી કરનારાં અને પ્રતિવાદીઓને શરૂઆતના તબક્કેથી જ બાળકને નુક્સાન થવા અંગેની ચિંતાઓ વ્યક્ત કરવાની તક મળે છે અને તેઓ ઘરેલૂ હિંસાના કોઈ બનાવોની બાળક પર વિપરિત અસર પડી છે કે નહિ, અથવા બાળકને ભવિષ્યમાં તેની કદાચ અસર થઈ શકે કે કેમ તે વિશેની માહિતી કોર્ટ્સને પૂરી પાડી શકે છે.

## ચિલ્ડ્રન એક્ટ 2004

ચિલ્ડ્રન એક્ટ Children Act 2004 થી બાળકોના કેસોમાં માહિતી જાહેર કરવાના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. નવા નિયમો 31 ઓક્ટોબર 2005થી અમલમાં આવ્યા હતા. પૂરી વિગતો માટે કોર્ટ સર્વિસની આ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલી માર્ગદર્શિકા જુઓ: http://www.hmcourts-service.gov.uk/docs/ex710_1105.pdf

નવા નિયમોમાંની કોઈ પણ બાબત, બાળકોનું હિત કોર્ટ્સની સર્વોપરી ચિંતા હોવાના સિદ્ધાંતને નબળી પાડતી નથી અથવા અમુક નિશ્ચિત કેસોમાં વિસ્તૃત માહિતી જાહેર કરવાની પરવાનગી આપવાની કે તેના પર મર્યાદા મૂકવાની કોર્ટ પાસે રહેલી સત્તાને રોકતી નથી. આ નિયમો બાળકો અને પુખ્ત વયનાં લોકોની યોગ્ય સલાહ અને ટેકો મેળવી શકવાની જરૂરત સામે યોગ્ય એકાંત (અંગતપણું) મેળવવાની જરૂરતોને સમતોલિત કરે છે. વર્ષની શરૂઆતમાં આ કાયદામાં કરવામાં આવેલા

બીજા ફેરફારો ઉપરાંત આ નિયમો અમલમાં લાવવામાં આવ્યા છે.

Children Act 2004 ની કલમ 62 તારીખ 12 એપ્રિલ 2005થી અમલમાં આવી હતી. આનો અર્થ એ થાય કેઃ

- બાળકોને સંડોવતી કૌટુંબિક કાનૂની કાર્યવાહીઓમાં સંકળાયેલો કોઈ પક્ષ, ઓર્ડરો વિશે બીજાં લોકો કે સંસ્થાઓને જાહેર કરે તે હવેથી ફોજદારી ગુનો ગણાશે નહિ, પરંતુ તે જાહેરાત સામાન્ય જનતાને અથવા સામાન્ય જનતાના કોઈ વિભાગને અથવા માધ્યમોને કરવામાં ન આવે તો જ; અને

- બાળકોને સંડોવતી જે કૌટુંબિક કાનૂની કાર્યવાહીઓ ખાનગીમાં કરવામાં આવી હોય તેના વિશેની અમુક સ્પષ્ટતા કરાયેલી માહિતી વિશે વાતચીત કરી શકાય તેવા સંજોગોની નિયમોમાં મંજૂરી આપવામાં આવી હોય તેમાં, માહિતી જાહેર કરવાનું કોર્ટનો અનાદર કર્યો હોવાનું ગણવામાં આવશે નહિ.

## ચિલ્ડ્રન એન્ડ અડોપ્શન એક્ટ 2006

ચિલ્ડ્રન એન્ડ અડોપ્શન એક્ટ Children and Adoption Act 2006[13] (બાળકો અને દત્તક લેવાને લગતો કાયદા)એ 21મી જૂન 2006ના રોજ તેની સંસદીય મંજૂરી મેળવવાની પ્રક્રિયા પૂરી કરી હતી અને તેને 'રોયલ અસેન્ટ' (રાજવી મંજૂરી) આપવામાં આવી હતી. જ્યારે આ એક્ટ અમલમાં આવશે ત્યારે તેના લીધે કોર્ટ્સને બાળકના સંપર્કની પ્રક્રિયાઓમાં સરળતા કરવા માટેની વધારે બાંધછોડ કરી શકાય તેવી સત્તા મળશે અને Children Act 1989 હેઠળ કરવામાં આવેલા કોન્ટેક્ટ ઓર્ડરની અમલબજાવણી કરાવી શકશે. આ એક્ટથી કોર્ટ્સને સંપર્કને લગતા જે કેસોમાં માતાપિતા વચ્ચે વિવાદ હોય તેવા કેસો પર કાર્યવાહી કરતી વખતે વધારે વિસ્તૃત વિકલ્પો મળી રહેશે. એક્ટમાં પૂરી પાડવામાં આવેલી નવી સરળતા માટેની સુવિધાઓમાં કોર્ટ્સને સત્તા મળે છે કે તે કોન્ટેક્ટ ઓર્ડર કરવામાં આવે તે પહેલાં માતાપિતા પર તેઓ "સંપર્કની પ્રવૃત્તિઓ" જેમ કે સંબંધિત પેરેન્ટિંગ પ્રોગ્રામોમાં કે વર્ગોમાં અથવા માહિતી બેઠકોમાં હાજરી આપે તેવી શરત લાદી શકે છે. આ એક્ટથી કોર્ટ્સને કોન્ટેક્ટ ઓર્ડર સાથે અમુક શરતો જોડવાની પણ સત્તા મળે છે, જે હેઠળ માતા કે પિતાએ "સંપર્કની પ્રવૃત્તિ"માં હાજરી આપવી પડે અને CAFCASSના ઓફિસર સંપર્ક ઉપર દેખરેખ રાખે તે જરૂરી બનાવે છે.

જ્યાં કોન્ટેક્ટ ઓર્ડરનો ભંગ કરવામાં આવ્યો હોય તો એક્ટમાં એવી જોગવાઈઓ આપવામાં આવી છે જેથી કોન્ટેક્ટ ઓર્ડરોનો અમલ કરવાની ફરજ પાડી શકાય છે, જેનાથી કોન્ટેક્ટ ઓર્ડરનો ભંગ કરનાર વ્યક્તિને વગર પગારે કામ કરવાની કોર્ટ ફરજ પાડી શકે છે. આના લીધે કોન્ટેક્ટ ઓર્ડરોના ભંગની બાબતો ઉપર કોર્ટ્સ વધારે અનુકૂળતાથી કાર્યવાહી કરી શકશે અને તે ઓર્ડરના ભંગને કોર્ટના અનાદર તરીકે ગણવાની હાલની સત્તા ઉપરાંતની સત્તા હશે.

આ એક્ટની કલમ 7 હેઠળ ચિલ્ડ્રન એન્ડ ફેમિલિ કોર્ટ એડવાઈઝરી સપોર્ટ સર્વિસ (સી.એ.એફ.સી.એસ.એસ.) Children and Family Court Advisory Support Services (CAFCASS) ના ઓફિસરો અથવા વેલ્શ ફેમિલિ પ્રોસિડિંગ્સ Welsh family proceedings ના ઓફિસરોને જ્યાં લાગતું હોય કે કોઈ બાળકને નુક્સાન થવાનું જોખમ હોવાની શંકાનું કારણ છે ત્યાં તેમણે Children Act 1989 (નિવાસ/સંપર્ક/પ્રતિબંધિત પગલાં અને અમુક સ્પષ્ટતા કરાયેલી બાબતોના ઓર્ડરો) હેઠળ ખાનગી કાનૂની કાર્યવાહીઓમાં જોખમનાં મૂલ્યાંકનો કરવાં જરૂરી હોય છે.

(એવી અપેક્ષા છે કે Family Assistance Orders અને જોખમનાં મૂલ્યાંકનોના સંબંધમાં Children and Adoption Act 2006 ના ભાગ 1 માં આપવામાં આવેલી જોગવાઈઓનો ઓક્ટોબર 2007થી અમલ કરવામાં આવશે.)

---

[13] આ એક્ટનું લખાણ અહીંથી જોઈ શકાય છેઃ http://www.opsi.gov.uk/acts/acts2006/20060020.htm
આ લિન્ક સરકારના ગ્રીન પેપર Parental separation: Children's Needs and Parents' Responsibilities સાથે છેઃ http://www.dfes.gov.uk/childrensneeds/

# ભાગ 3: ફોજદારી કાયદાની કલમો

## કાયદો

ફોજદારી કાયદા હેઠળ 'ઘરેલૂ હિંસા' કોઈ સ્પષ્ટ કરાયેલો ગુનો નથી. એટલા માટે, તે માટેનો આરોપ (ચાર્જ), અત્યાચાર કે હિંસાના ચોક્કસ સંબંધિત સંજોગો અનુસાર ઉત્તમ હોય તે મુજબ લગાવવામાં આવે છે. એટલે કે ઘરેલૂ સંદર્ભમાં એવા અનેક ગુના છે જે હિંસા માટે લાગુ પાડવામાં આવી શકે, ઉપરાંત બળજબરીપૂર્વક કરાવવામાં આવેલાં લગ્નના સંદર્ભમાં પણ તે લાગુ પાડી શકાય. નીચેના કાયદાની કલમો ઘરેલૂ હિંસાના કેસોમાં લાગુ પડે છે - આ યાદી સંપૂર્ણ નથીઃ

| | |
|---|---|
| Murder હત્યા કે ખૂન | Common law |
| Manslaughter પૂર્વયોજના વગર કરવામાં આવેલી હત્યા કે ખૂન | Common law |
| Breaches of Bail જામીનનો ભંગ | Bail Act 1976 s6(1) (2) and (7) |
| Criminal damage ગુનાકીય નુક્સાન | Criminal Damage Act 1971 s1 (1) |
| Common assault સામાન્ય હુમલો | Criminal Justice Act 1988 s39 |
| Threats to kill મારી નાંખવાની ધમકી | Offences against the Persons Act 1861 s16 |
| GBH with intent ઈરાદાપૂર્વક કરવામાં આવેલી ગંભીર શારીરિક ઈજા | Offences against the Persons Act 1861 s18 |
| GBH/wounding ગંભીર શારીરિક ઈજા/જખમ | Offences against the Persons Act 1861 s20 |
| ABH | Offences against the Persons Act 1861 s47 |
| Other અન્ય | Offences against the Persons Act 1861 |
| Harassment હેરાનગતી | Protection from Harassment Act s2(1) and (2), 4(1) |
| Affray જાહેર સ્થળે મારપીટ કે હિંસા | Public Order Act 1986 s3 |
| Threatening behaviour ધમકી આપતું વર્તન | Public Order Act 1986 s4 |
| Threatening behaviour with intent ઈરાદાપૂર્વક ધમકી આપતું વર્તન | Public Order Act 1986 s4(A) |
| Rape બળાત્કાર | Sexual Offences Act 1956 s1 |
| Assault by penetration સ્થળ પર ઘૂસીને હુમલો કરવો | Sexual Offences Act 2003 s2 |
| Sexual assault જાતીય હુમલો | Sexual Offences Act 2003 s3 |
| Other અન્ય | Sexual Offences Act 2003 |
| Theft ચોરી | Theft Act 1968 s1 |
| Blackmail બ્લૅકમેઈલ | Theft Act 1968 s21 |
| Witness intimidation સાક્ષીને ડરાવવાં | Criminal Justice and Public Order Act 1994 s51 |
| Criminal trespass ગુનાકીય રીતે બીજાંની જગ્યામાંથી પસાર થવું | Criminal Law Act 1977 s6(1) |
| Child cruelty બાળક પ્રત્યે ક્રૂરતા | Children and Young Persons Act 1933 s1 |
| Child abduction બાળકનું અપહરણ | Child Abduction Act 1984 ss1 and 2 |
| Trafficking for exploitation શોષણ કરવા માટેની લેવડદેવડ | Asylum and Immigration (Treatment of Claimants, etc) Act 2004 s4 |
| Trafficking for sexual exploitation જાતીય શોષણ કરવા માટેની લેવડદેવડ | Sexual Offences Act 2003 ss57-60 |

ઘરેલૂ હિંસાના તમામ કેસો ઉપર જ્યારે ક્રિમિનલ - ફોજદારી ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય ત્યારે શરૂઆતમાં મેજિસ્ટ્રેટ્સ કોર્ટ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે, કારણ કે બધા જ ક્રિમિનલ કેસોની શરૂઆત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ કરવી જરૂરી હોય છે. ગુનાની ગંભીરતાના આધારે, તે પછી કેસોને ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવી શકે. બળાત્કાર જેવા ગંભીર ગુનાને હંમેશાં મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાંથી ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવે છે અને આવા ગુનાને 'ફક્ત કાયદેસર આરોપ મૂકાયેલા' ગુના તરીકે ઓળખવામાં આવે છે. આવા કેસોમાં લાગતીવળગતી મેજિસ્ટ્રેટ્સ કોર્ટ નક્કી કરશે કે તેણે કાર્યવાહી કરવા માટે કેસ બહુ વધારે ગંભીર છે કે નહિ. જો કેસ બહુ વધારે ગંભીર હશે, તો તેઓ તે કેસ ક્રાઉન કોર્ટને સોંપી દેશે. જો મેજિસ્ટ્રેટ નક્કી કરે કે તેઓ કેસ સાંભળી શકે તેમ છે, તો પણ ડીફેન્ડન્ટ ક્રાઉન કોર્ટમાં કેસની સુનાવણી કરવાનું પસંદ કરી શકે છે. 'ફક્ત સંક્ષિપ્ત' કેસો જ મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં સાંભળી શકાય છે.

ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકો, ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (સી.પી.એસ.) Crown Prosecution Service (CPS) દ્વારા ફોજદારી ગુનાની કાર્યવાહી ચલાવવામાં આવે એવો આગ્રહ રાખી શકતાં નથી. જો સી.પી.એસ. નીચે જણાવેલાં કારણોસર કેસ પર કાર્યવાહી નહિ કરવાનું નક્કી કરે, તો ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ ફોજદારી ઉકેલને બદલે દીવાની ઉકેલની કાર્યવાહી કરવાનું વિચારી શકે. જો કે, જ્યારે પણ શક્ય હોય ત્યારે બધા જ કેસોમાં કાયદેસર કાર્યવાહી કરવાની સી.પી.એસ.ની નીતિ છે.

### ઘરેલૂ હિંસા સામે પોલીસનો પ્રતિસાદ શું હોય છે?

મોટા ભાગનાં પોલીસ દળોમાં ડોમેસ્ટિક વાયોલન્સ યૂનિટો (ડી.વી.યુ.) Domestic Violence Units (DVU) હોય છે.. આ યૂનિટોની અંદર, ઘરેલૂ હિંસાની બાબતોમાં (અને અમુક વિસ્તારોમાં બળજબરીથી કરાવવામાં આવતાં લગ્નો જેવી અન્ય નિષ્ણાત બાબતોમાં) નિષ્ણાત તાલીમ મેળવેલાં, આ કામ માટે ખાસ ફાળવવામાં આવેલા ઓફિસરો ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકોને ટેકો આપવા માટે હાજર હોય છે. બધા જ દળોમાં સ્થાનિક પોલીસ સ્ટેશનો સાથે કમ્યૂનિટી સેફ્ટી યૂનિટો (સી.એસ.યુ.) Community Safety Units (CSU) જોડાયેલાં હોય છે અને ઘણી વાર આમાં જ ડી.વી.યુ. આવેલાં હોય છે. આ યૂનિટો ભોગ બનેલાં લોકોને માહિતી તેમજ સલાહ પૂરાં પાડે છે અને વર્ણભેદી હેરાનગતી, પાડોશીઓનો ત્રાસ સહિતની અનેક સામાજિક સમસ્યાઓ તેમજ નફરત પ્રેરિત ગુના તરીકે નિશ્ચિત કરવામાં આવેલી અને હોમોફોબિક (સમલિંગી લોકોને સંડોવતી) હિંસા સહિતની અન્ય બાબતો ઉપર પગલાં લે છે.

જ્યારે ઘરેલૂ હિંસાના બનાવના કોઈ સ્થળે પોલીસને બોલાવવામાં આવશે ત્યારે તેઓ લાક્ષણિક રીતેઃ

- પ્રારંભિક તપાસ કરશે અને બધા જ ઉપલબ્ધ પુરાવાઓ સુરક્ષિત કરવાનો પ્રયત્ન કરશે, મળી શકે તેવા બીજા પુરાવાઓ ઓળખશે, બનાવના સ્થળે રહેલાં સંભવિત સાક્ષીઓને ઓળખશે અને જ્યાં યોગ્ય હશે ત્યાં બીજા સાક્ષીઓની વિગતો મેળવશે.
- જો તેમની પાસે ગુનો કરનાર વ્યક્તિની ધરપકડ કરવા માટેનાં કારણો હશે અને તે હજુ પણ સ્થળ પર હાજર હશે અથવા તેને શોધી શકાય તેમ હશે, તો તેની ધરપકડ કરશે (કોઈએ હિંસક ગુનો કર્યો હોવાની કે હિંસક ગુનો કરવાની તૈયારીમાં હોય અથવા શાંતિનો ભંગ કર્યો હોય તેવી તેમને શંકા હોય તો તે વ્યક્તિની ધરપકડ કરવા માટે તેમની પાસે વોરંટ હોવું જરૂરી નથી; અને તેમણે પોતે હુમલો કે હિંસા થતાં જોયું હોવાની પણ જરૂર નથી).
- ભોગ બનેલી વ્યક્તિ પાસેથી તે સમયે, શકમંદથી દૂર રહીને, બયાન લેવાનો પ્રયત્ન કરશે, પછી ભલે તે બયાન ટૂંકું અને મૂળભૂત હોય. પરંતુ જ્યાં બીજા પુરાવા ઉપલબ્ધ હોય અને પોલીસે તે એકઠા કરી લીધા હોય, તો ભોગ બનેલી વ્યક્તિના ટેકા વગર જ કેસ આગળ વધારી શકાય છે. ભોગ બનેલી વ્યક્તિ પાસેથી બયાન મેળવવાનો એક હેતુ એ છે કે તેનાથી પોલીસ ઓફિસરો પોલીસ સ્ટેશનમાં શકમંદ વ્યક્તિનો ઈન્ટરવ્યૂ લઈ શકે છે. બચાવપક્ષની વ્યક્તિની ધરપકડ કરવામાં આવ્યાના 24 કલાકની અંદર તેના પર આરોપ - ચાર્જ મૂકી દેવામાં આવવો જરૂરી છે, સિવાય કે તે માટેનો સમય લંબાવવામાં આવ્યો હોય. અમુક કિસ્સામાં, વધારે પુરાવા મેળવી શકાય તે માટે શકમંદને ફરી પાછા પોલીસ સ્ટેશને આવવાનું જણાવીને કદાચ જામીન પર છોડવામાં આવી શકે.
- કેટલીકવાર, ભોગ બનેલી વ્યક્તિને ફોરેન્સિક મેડિકલ એક્ઝામિનર (એફ.એમ.ઈ.) Forensic Medical Examiner (FME) ને મળવાનું કહેશે. જો તે મંજૂર થશે તો પોલીસ તેની તપાસ કરાવવા માટે પોતાની સાથે પોલીસ સ્ટેશને લઈ જશે. અમુક કિસ્સામાં, પોલીસ ભોગ બનેલી વ્યક્તિની બનાવના સ્થળે જ તપાસ કરવા માટે એફ.એમ.ઈ.ને બોલાવશે. જો તે એફ.એમ.ઈ.ને મળવા માટે રાજી નહિ હોય તો તેમને શક્ય તેટલું જલદી

પોતાના જીપી અથવા સ્થાનિક હોસ્પિટલમાં મળવા જવાની વિનંતી કરવામાં આવશે. આ તેને સારવાર આપવા માટે યોગ્ય તબીબી મૂલ્યાંકન કરવાની ખાતરી કરવા પૂરતું જ નથી, પરંતુ તેનાથી તબીબી પુરાવા પણ એકઠા કરી શકાય છે જેનો કોર્ટ કેસમાં પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય છે.

- પોલીસ દળની પોતાની ઘરેલૂ હિંસાને લગતી વ્યૂહરચનાઓ અનુસાર, ભોગ બનેલી વ્યક્તિને બીજા કયા વિકલ્પો મળી શકે તેમ છે તેની સલાહ આપે છે, દાખલા તરીકે સિવિલ - દીવાની કાર્યવાહી હેઠળ મનાઈહુકમ મેળવવો. વ્યક્તિગત જરૂરિયાતના આધારે પોલીસ તેને સહાયક સંસ્થાઓ, એડવોકસી ગ્રુપો અથવા વિમેન્સ એઈડ, વિક્ટિમ સપોર્ટ જેવી સ્થાનિક રેફ્યુજ સર્વિસોના અથવા સ્થાનિક ડોમેસ્ટિક અબ્યુઝ સ્પેશ્યાલિસ્ટ સોલિસિટરના કે બીજી કોઈ નિષ્ણાત સેવાનો સંપર્ક કરવા માટેનાં સરનામાં પણ આપશે. પોલીસ કોઈ પણ માહિતી વિક્ટિમ સપોર્ટને આપી શકે તે પહેલાં તે માટે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની મંજૂરી મેળવવી પડે છે, જો કે આ સંસ્થાનો સીધો પણ સંપર્ક કરી શકાય છે. પોલીસ, સી.પી.એસ. સાથે સલાહમસલત કરીને, મામલાની તપાસ કરવા માટે અને પુરાવાઓની સબળતા અને ગુનો પુરવાર થવાની સંભાવનાના આધારે શકમંદ વ્યક્તિ પર આરોપ મૂકવો કે નહિ તે નક્કી કરવા માટે જવાબદાર છે.

## પોલીસ બેઈલ (જામીન)માં શું કરવામાં આવે છે?

બચાવપક્ષ - ડીફેન્ડન્ટ પર આરોપ મૂકવો કે નહિ તેનો નિર્ણય - ચાર્જિંગ ડિસિશન લેવાનો અથવા તેમને કોર્ટમાં પહેલીવાર રજૂ કરવાના બાકી હોય ત્યારે પોલીસ દ્વારા જામીન આપવામાં આવે છે. જામીન શરતી અથવા બિનશરતી હોઈ શકે છે અને તેનો આધાર, તે વ્યક્તિ પર અગાઉ લાગતાવળગતા કોઈ ગુના પુરવાર થયેલા છે કે નહિ તેના સહિતના કેસના સંજોગો પર રહેલો હોય છે. જામીન આપવા ઉપરાંત, ડીફેન્ડન્ટને જ્યાં સુધી કોર્ટમાં હાજર કરવામાં ન આવે ત્યાં સુધી તેને કસ્ટડીમાં પણ રાખવામાં આવી શકે છે. આરોપ મૂકવામાં આવ્યા બાદ જામીન પર છોડવામાં આવેલા ડીફેન્ડન્ટોને સામાન્ય રીતે આગામી ઉપલબ્ધ તારીખે કોર્ટમાં હાજર થવા માટે નોંધવામાં આવશે.

સુનાવણીમાં કોર્ટ દ્વારા નિર્ણય લેવામાં આવશે કે ડીફેન્ડન્ટને જામીન આપવા કે ટ્રાયલ ચાલે ત્યાં સુધી કસ્ટડીમાં રાખવો. જો ડીફેન્ડન્ટને કસ્ટડીમાં રીમાન્ડ પર લેવાની માગણી કોર્ટ પાસે કરવામાં આવે, તો પ્રોસિક્યુશને (સરકારી વકીલ) બતાવવું જ પડે છે કે ડીફેન્ડન્ટને આગામી સુનાવણીમાં હાજર રાખવા માટે અથવા બીજા ગુના કરતો રોકવા માટે અથવા સાક્ષીઓને હેરાન કરતો રોકવા માટે જામીનની શરતો પૂરતી નહિ થાય.

અહીં કેટલીક જુદી જુદી શરતો આપેલી છે જે કોર્ટ્સ ડીફેન્ડન્ટ ઉપર લાગુ પાડી શકે છેઃ

- તેણે સીધા કે આડકતરી રીતે, નામ આપવામાં આવેલી વ્યક્તિનો સંપર્ક ન જ કરવો જોઈએ; અને/અથવા
- અમુક નિશ્ચિત કરવામાં આવેલા વિસ્તારમાં ન જ પ્રવેશવું જોઈએ (અને સંભવતઃ 'શેરીના નક્શા'ના સંદર્ભમાં વર્ણવવામાં આવે છે, અમુક ચોક્કસ સરનામેથી થતા અંતર મુજબ નહિ) નામ આપવામાં આવેલા સ્થળે ન જ જવું જોઈએ; અને/અથવા
- નામ આપવામાં આવેલા સ્થળે જ રહેવું અને સૂવું જોઈએ; અને/અથવા
- તેને આપવામાં આવેલા દિવસે અથવા દિવસોએ અને આપવામાં આવેલા સમયે નામ આપવામાં આવેલા પોલીસ સ્ટેશને હાજરી નોંધાવવી જ જોઈએ; અને/અથવા
- પોતાનો પાસપોર્ટ નામ આપવામાં આવેલા પોલીસ સ્ટેશને જમા કરાવી દેવો જ જોઈએ.

આ શરતો આમ તો એક સરખી હોવા છતાં, તેને સિવિલ નોન-મોલેસ્ટેશન અને ઓક્યુપેશન ઓર્ડરોની શરતો સાથે ગૂંચવવી જોઈએ નહિ, જેમાં આટલી સુરક્ષાત્મક શરતો મૂકવામાં આવવી જરૂરી હોતી નથી.

જ્યારે કોર્ટ જામીન આપે છે ત્યારે, તે નિર્ણયની અને કોઈ શરતો હોય તો તેની નોંધ કરવા માટે એક પ્રમાણભૂત ફોર્મનો ઉપયોગ કરે છે. જો ડીફેન્ડન્ટ તેની જામીનની કોઈ પણ શરતોનો ભંગ કરે તો તેની ધરપકડ કરવામાં આવી શકે છે અને તેને કસ્ટડીમાં રીમાન્ડ પર રાખવાની કોર્ટ પાસે સત્તા છે. એક વાર ક્રિમિનલ - ફોજદારી કેસ પૂરો થઈ જાય તે પછી કોઈ

જામીન રહેતા નથી, આથી અગાઉની જામીનની શરતોની અસર લાગુ થતી નથી. એટલા માટે ડીફેન્ડન્ટ કોઈ નિયંત્રણો હેઠળ રહેતો નથી, સિવાય કે તેને કરવામાં આવેલી કોઈ સજાના પરિણામે તેના પર નિયંત્રણો મૂકવામાં આવેલાં હોય. PHA 1997ની કલમ 5 હેઠળ આપવામાં આવેલો નિયંત્રણનો ઓર્ડર લાગુ પાડીને, અથવા જો PHA 1997 અથવા FLA 1996 હેઠળ સિવિલ મનાઈહુકમનો ઓર્ડર કરવામાં આવ્યો હોય તો તે લાગુ પાડીને વધારે સુરક્ષા પૂરી પાડી શકાય છે. DV Act 2004ની કલમ 12, કલમ 5માં સુધારો કરે છે અને નવી કલમ 5A દાખલ કરે છે, જેનાથી સજામાંથી છૂટા કરવામાં આવે ત્યારે તેના પર નિયંત્રણનો ઓર્ડર કરી શકાય છે (વધારે વિગતો માટે આગળ જુઓ).

**ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (સી.પી.એસ.)નું કામ શું છે?**

શકમંદ ઉપર આરોપ - ચાર્જ મૂકવો જોઈએ કે નહિ અને કયા ગુનાસર મૂકવો જોઈએ તે નક્કી કરવાની ઘણી મોટી જવાબદારી ક્રિમિનલ જસ્ટિસ એક્ટ Criminal Justice Act 2003 એ સી.પી.એસ.ને આપી હતી. અત્રે 42 વિસ્તારો છે, જે ભૌગોલિક રીતે પોલીસ સેવા માટેના વિસ્તારો અને એક 'ખરેખરા' વિસ્તાર, સી.પી.એસ. ડાઈરેક્ટ CPS Direct સાથે મેળ બેસાડે છે, જે પોલીસને પહેલેથી ચાર્જ લઈને રાષ્ટ્રિય સ્તરે કામના કલાકો સિવાયના સમયે સલાહ સેવા પૂરી પાડે છે. આ દરેક વિસ્તાર માટે એક નેશનલ ડોમેસ્ટિક વાયોલન્સ કો-ઓર્ડિનેટર હોય છે, જેઓ વ્યૂહરચનાત્મક અને કાર્યકારી બંને રીતે કામ કરે છે અને તેઓ ઘરેલૂ હિંસાના કેસો માટેના અગ્રણી પ્રોસિક્યુટર (સરકારી વકીલ) હોય છે.

પોલીસે શકમંદની ધરપકડ કર્યા બાદ (કેટલાક અત્યંત નજીવા ગુના સિવાય) તેમણે ફાઈલ સી.પી.એસ.ના વકીલને મોકલી આપવી જ પડે છે, જેઓ કેસની કાર્યવાહી આગળ વધારવી કે નહિ તે નક્કી કરે છે. કોડ ફોર ક્રાઉન પ્રોસિક્યુટર્સ અનુસાર કેસની પુનઃવિચારણા (રિવ્યૂ) કરવામાં આવે છે અને કાયદેસર કાર્યવાહી કરવાનો નિર્ણય બે ચકાસણીઓ પર આધારિત હોય છેઃ

1) પુરાવાઓની ચકાસણી — 'ગુનો પુરવાર થવાની વાસ્તવિક સંભાવના' પૂરી પાડવા માટે પૂરતા પુરાવા હોવા જ જોઈએ

જો ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ કાયદેસર કાર્યવાહી કરવા માટે પોતાનો ટેક પાછો ખેંચી લે, તો કેસ આપમેળે જ બંધ થઈ જતો નથી. જ્યાં બીજા પુરાવાઓ ઉપલબ્ધ હોય, જે પુરાવાની ચકાસણી સંતોષવા માટે પૂરતા હોય, તો હજુ પણ કેસ આગળ વધી શકે. અથવા કોઈ સાક્ષીને કોર્ટમાં હાજર થવાની ફરજ પાડવામાં આવી શકે. કેસ સંભાળતા ઓફિસર સાથે સલાહમસલત કરીને કોઈ અનુભવી પ્રોસિક્યુટરે કેસ પર વિચારણા કર્યા પછી આમ કરવામાં આવે છે. આવું સામાન્ય રીતે ત્યારે બને છે જ્યારે વિસ્તૃત જનતાના હિતમાં કાયદેસર કાર્યવાહી કરવાનું જરૂરી બનતું હોય, દાખલા તરીકે હિંસાનું પ્રમાણ વધી શકે, બાળકો સંકળાયેલાં હોય અથવા ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પર ખૂબ જ મોટું જોખમ હોય.

જો ગુનામાંથી બચેલી વ્યક્તિ પોલીસને જાણ કરે કે તે પોતાનું અસલ સ્ટેટમેન્ટ - બયાન પાછું ખેંચવા માગે છે, તો તેનાં કારણોનો ખુલાસો કરતું બીજું લેખિત બયાન તેની પાસેથી લેવા માટે સી.પી.એસ. પોલીસને કહેશે, જેમાં તેનું અસલ બયાન સાચું હતું કે નહિ તે ચોક્કસ કરવાનું અને આવો નિર્ણય લેવા માટે તેની પર કોઈ દબાણ મૂકવામાં આવ્યું છે કે કેમ તે પૂછવામાં આવશે. તેણે બયાન પાછું ખેંચવા વિશે પોલીસનો પોતાનો અભિપ્રાય પણ માગવામાં આવશે. જો એવી શંકા જશે કે ભોગ બનેલી વ્યક્તિ પર કેસ પાછો ખેંચવા માટેનું દબાણ મૂકવામાં આવ્યું હોઈ શકે, તો તે મામલાની વધારે તપાસ કરવા માટે સી.પી.એસ. પોલીસને કહી શકે.

2) જાહેર હિતની ચકાસણી — જો પુરાવાની ચકાસણી સંતોષવામાં આવી હોય તો જ પ્રોસિક્યુટર આ ચકાસણી કરે છે.

જાહેર હિતનાં અનેક એવાં પરિબળો છે જેનો અહીં વિચાર કરવામાં આવી શકે. ગુનો પૂર્વનિયોજિત હતો, ગુનો કોઈ બાળકની હાજરીમાં અથવા તેની ખૂબ જ આસપાસ કરવામાં આવ્યો હતો અથવા તે ગુનો ફરીથી કરવામાં આવે એવી શક્યતા છે કે કેમ જેવાં બધાં જ પરિબળો અહીં લાગેવળગે છે.

કૌટુંબિક કાર્યવાહીઓમાં કરવામાં આવેલા કોઈ પણ ઓર્ડરો કે ચૂકાદાઓની નકલો સી.પી.એસ. કાયદેસર રીતે કેસમાં સંકળાયેલા પક્ષો તરફથી મેળવી શકે છે, જેમ કે પોલીસ અથવા ભોગ બનેલી વ્યક્તિ પાસેથી. બીજી કોઈ પણ સામગ્રી માટે, જેમ કે બયાનો અથવા રીપોર્ટો માટે, તે મેળવતાં પહેલાં કે બીજી કોઈ કાર્યવાહીઓમાં તેમનો ઉપયોગ કરતાં પહેલાં ફેમિલિ કોર્ટની રજા મેળવવી જ પડે છે.[14]

---

[14] જુઓ Family Proceedings (Amendment) Rules 2005 (various)

જ્યાં કોઈ સિવિલ ઓર્ડરનો ભંગ કરવામાં આવ્યો હોવાની સી.પી.એસ.ને ખબર હોય, ત્યાં આ માહિતીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય અને ફોજદારી - ક્રિમિનલ કેસની કાર્યવાહીમાં તેનાથી કોઈ વધારે વજન મૂકી શકાય કે નહિ તેનો તે વિચાર કરશે.

સી.પી.એસ. ઘરેલૂ હિંસાના કેસો પર કેવી રીતે કાયદેસર કાર્યવાહી કરશે તેની વિગતો તેની સુધારાયેલી નીતિમાં આપવામાં આવી છે, જે ફેબ્રુઆરી 2005[15] માં પ્રસિદ્ધ કરવામાં આવી હતી (www.cps.gov.uk).

**કોર્ટમાં હાજરી આપવાનું અને રાહ જોવાના સમયનું શું?**

ઉપર જણાવ્યા મુજબ, ઘરેલૂ હિંસાના મોટા ભાગના ફોજદારી - ક્રિમિનલ કેસો પર મેજિસ્ટ્રેટ્સ કોર્ટ્સમાં કાર્યવાહી કરવામાં આવે છે; નીચે સમજાવ્યા મુજબ થોડા કેસોને ક્રાઉન કોર્ટમાં મોકલી આપવામાં આવે છે. બંને પ્રકારની કોર્ટ્સમાં ટ્રાયલ માટેનો રાહ જોવાનો સમય બે અઠવાડિયાંથી માંડીને અનેક મહિનાઓ સુધી જુદો જુદો હોઈ શકે છે. નોંધણીનો આધાર અલગ અલગ કોર્ટના સ્થળ અને કામના બોજા પર રહેલો હશે, પરંતુ બેમાંથી  કોઈ એક પક્ષ દ્વારા પણ કેસ પાછો ઠેલવામાં આવી શકે, દાખલા તરીકે કેસ તૈયાર કરવા, રીપોર્ટો બનાવવા વગેરે માટે.

કોઈ કેસ અનેક કારણોસર ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવે છે, જેમ કેઃ

- તેમાં ફક્ત ફોજદારી ગુનાનો આરોપ મૂકી શકાય તેમ જ હોય (શબ્દ સમજૂતી જુઓ); અથવા
- તે ''બેમાંથી કોઈ પણ બાજુ જઈ શકે તેવો ગુનો'' હોય (શબ્દ સમજૂતી જુઓ) જેને સંક્ષિપ્ત ટ્રાયલ માટે યોગ્ય ગણવામાં ન આવે; અથવા
- તે બેમાંથી કોઈ પણ બાજુ જઈ શકે તેવો ગુનો હોય અને ડીફેન્ડન્ટે ક્રાઉન કોર્ટમાં તેનો ટ્રાયલ કરવાની પસંદગી કરી હોય; અથવા
- તે બેમાંથી કોઈ પણ બાજુએ જઈ શકે તેવો ગુનો હોય અને મેજિસ્ટ્રેટ્સના માનવા મુજબ પૂરતી સજા કરવા જેટલી સત્તા તેમની પાસે ન હોય.

ફોજદારી કાર્યવાહીઓ ગમે તે તબક્કામાં હોય, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને તે કાર્યવાહી કેટલે પહોંચી તે વિશેની માહિતી આપતાં રહેવાની ફરજથી પોલીસ બંધાયેલી છે, ખાસ કરીને જામીન વિશેના નિર્ણયોની માહિતી. ભોગ બનેલાં લોકોને કેસ, ટ્રાયલની તારીખો વગેરે વિશે પોલીસના વિટનેસ કેર યૂનિટ (ડબલ્યુ.સી.યુ.) Witness Care Unit (WCU) દ્વારા માહિતગાર રાખવામાં આવવાં જોઈએ. WCU ભોગ બનેલી વ્યક્તિને વિક્ટિમ સપોર્ટ અને વિટનેસ સર્વિસ વિશે જાણ કરશે જે જ્યાં કેસ સાંભળવામાં આવવાનો હોય તે સ્થાનિક કોર્ટમાંથી મળી શકે છે. વિટનેસ સર્વિસ સાક્ષીઓ, ભોગ બનેલાં લોકો, તેમનાં મિત્રો અને કુટુંબીજનોને સુનાવણી પહેલાં, તે દરમ્યાન અને તે પછી ટેકો અને માહિતી પૂરાં પાડે છે. તેમને વિનંતી કરવામાં આવે તો ટ્રાયલ શરૂ થતાં પહેલાં તેઓ કોર્ટની મુલાકાતે જવાની ગોઠવણ પણ કરી આપી શકે છે. સાક્ષીઓને મળી શકતી બધી જ સેવાઓની વિગતો વિક્ટિમ સપોર્ટની Going to Court 'ગોઈંગ ટુ કોર્ટ' -  કોર્ટમાં જવું નામની પત્રિકામાંથી મળી શકે છે, જે પોલીસ અને/અથવા WCUએ સાક્ષીઓને આપવી જોઈએ. કોર્ટમાં હાજરી આપતી બીજી કોઈ વ્યક્તિને પણ તેમણે મુસાફરી માટેના કયા ખર્ચાનો દાવો કરવો જોઈએ અને તે દાવો કેવી રીતે કરવો જોઈએ તેની સલાહ આપવામાં આવશે. ભોગ બનેલાં લોકોને પોલીસ લાગતીવળગતી બીજી સ્થાનિક સહાય સંસ્થાઓનો પણ સંપર્ક કરાવી શકે છે. વધારે માહિતી માટે તમે HMCS Victim & Witness એચ.એમ.સી.એસ. વિક્ટિમ એન્ડ વિટનેસની આ વેબસાઈટ જોઈ શકો છો http://www.hmcourts-service.gov.uk/infoabout/attend/witness/index.htm.

---

[15] ઘરેલૂ હિંસાના કેસો પર કાર્યવાહી કરવા માટેની નીતિ અને પ્રોસિક્યુશન માટેના નિર્ણયો પર કેવી રીતે પહોંચવામાં આવે છે તે અહીંથી જોઈ શકાય છેઃ http://www.cps.gov.uk/publications/docs/DomesticViolencePolicy.pdf અને http://www.cps.gov.uk/publications/docs/DomesticViolenceLeaflet.pdf

## કોઈ કેસ કેવી રીતે નોંધવામાં આવે છે?

કોઈ કેસની ટ્રાયલ માટે નોંધણી કરતાં પહેલાં ક્રિમિનલ જસ્ટિસ યૂનિટની અંદર આવેલું પોલીસનું વિટનેસ કેર યૂનિટ બધા જ પક્ષોને તેઓ જે તારીખોએ ન આવી શકે તેમ હોય તે તારીખો પૂછે છે - ઉપરાંત તેમના ટેલિફોન નંબરો અને સરનામાં પણ માગે છે જ્યાં ટૂંકા સમયની અંદર પક્ષોનો સંપર્ક કરી શકાય તેમ હોય.

મેજિસ્ટ્રેટ્સ કોર્ટ્સમાં અમુક નિશ્ચિત તારીખો માટે કેસો નોંધવામાં આવે છે, જેથી સુનાવણી માટેની પ્રારંભિક સૂચના અને તે જે તારીખે ગોઠવવામાં આવે તે બંને વચ્ચે વાજબી સમયનું અંતર રાખી શકાય.

ક્રાઉન કોર્ટ્સમાં, કેસો અમુક નિશ્ચિત તારીખો માટે નોંધવામાં આવે છે અથવા તો વહેલી-ચેતવણીની યાદીમાં મૂકવામાં આવે છે જેમાં લગભગ બે અઠવાડિયાંનો સમય આવરી લેવામાં આવે છે. બીજા વિકલ્પમાં, ટ્રાયલની તારીખની આગલી સાંજે જ પક્ષોને તે વિશેની સૂચના આપવામાં આવી શકે.

જો બેમાંથી કોઈ પક્ષનો સંપર્ક ન થઈ શકે, તો કેસને બાદની કોઈ તારીખ પર મુલતવી કરવામાં આવે છે. સુનાવણી પહેલાં જો ડીફેન્ડન્ટ પોતાનો ગુનો કબૂલી લે તો સાક્ષીઓએ કોર્ટમાં હાજરી આપવાની જરૂર પડતી નથી. જો ટ્રાયલની શરૂઆતમાં કે તે દરમ્યાન ગુનાની કબૂલાત કરી લેવામાં આવે, તો કોર્ટમાં હાજરી આપવા માટેની ચેતવણી આપવામાં આવેલાં કોઈ પણ સાક્ષીઓએ તે પછી હાજરી આપવાની જરૂર પડતી નથી.

## સાક્ષીઓનું કામ શું હોય છે?

ઘરેલૂ હિંસાના પ્રકારને કારણે, ઘણી વાર તેનો ભોગ બનનારી વ્યક્તિ જ તેની સાક્ષી હોય છે, અને એટલા માટે તે જ ટ્રાયલની મુખ્ય સાક્ષી ગણાય છે. જો ડીફેન્ડન્ટ પોતાનો ગુનો કબૂલી લે, અથવા બીજી સ્થાઓએથી ખૂબ જ સબળ પુરાવાઓ મળેલા હોય, જેમ કે પાડોશીઓ, પોલીસ અથવા મેડિકલ કર્મચારીઓ, જે કોર્ટ સમક્ષ રજૂ કરી શકાય તેમ હોય, તો સાક્ષીએ હાજરી આપવાની જરૂરત રહેતી નથી. જો કે સાક્ષીએ રૂબરૂમાં આપેલી જુબાની જ સર્વોત્તમ પુરાવો ગણી શકાય.

ક્રિમિનલ જસ્ટિસ એક્ટ Criminal Justice Act 2003 ની કલમ 116 હેઠળ, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ રૂબરૂ હાજરી આપવાને બદલે સોગંદ લીધેલા લેખિત બયાન મારફતે પોતાની જુબાની આપી શકે છે. એવી કેટલીક નિશ્ચિત પરિસ્થિતિઓ છે જેમાં આ કલમનો ઉપયોગ કરી શકાય છે, દાખલા તરીકે, ડરને કારણે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને દૂર રાખવામાં આવી હોય, અથવા તેઓ તેમની 'શારીરિક કે માનસિક હાલત'ને કારણે મૌખિક જુબાની આપી શકે તેમ ન હોય. મૌખિક જુબાનીને બદલે લેખિત બયાન આપવાની મંજૂરી આપવાનું ન્યાયના હિતમાં છે કે નહિ તેનો કોર્ટે પણ વિચાર કરવો પડે છે.

અમુક મર્યાદિત સંજોગોમાં ડરને કારણે મૌખિક જુબાની ન આપી હોય તેવી વ્યક્તિનું બયાન રજૂ કરી શકાય. જો એમ કરવાનું ન્યાયના હિતમાં હોય તો નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને લેખિત બયાન માટેની રજા કોર્ટ દ્વારા Criminal Justice Act 2003 ની કલમો 114-116 હેઠળ આપી શકાયઃ-

- તેનું લખાણ; અથવા
- બીજા કોઈને થતો કોઈ પણ પ્રકારનો અન્યાય, બયાન આપનાર વ્યક્તિની ઉલટ તપાસ કરવાની અક્ષમતા સહિત; અથવા
- ખાસ પગલાં માટેનો નિર્ણય કરી શકાયો હોત કે નહિ; અથવા
- બીજા કોઈ સંબંધિત સંજોગો.

આ અરજીઓને મંજૂરી આપવાની કોર્ટ્સની સામાન્ય રીતે ઈચ્છા હોતી નથી કારણ કે તેના લીધે ડીફેન્ડન્ટના કાનૂની પ્રતિનિધિ ભોગ બનેલી વ્યક્તિની ઉલટ તપાસ કરી શકતાં નથી. આ અરજી સફળ થવાની શક્યતા ઓછી છે. જો કે યુરોપિયન કોર્ટે એ સ્પષ્ટ કર્યું છે કે આનો એકંદર સિદ્ધાંત આખો ટ્રાયલ ન્યાયી છે કે નહિ તે જોવાનો છે.

જુલાઈ 2002થી, યૂથ જસ્ટિસ એન્ડ ક્રિમિનલ એવિડન્સ એક્ટ Youth Justice and Criminal Evidence Act 1999 માં આવેલા કાયદા બાદ નવાં પગલાં દાખલ કરવામાં આવ્યાં હતાં, જે બધા જ 'ભોગ બનેલાં લોકો' માટે લાગુ

પાડી શકાય છે. આ પગલાં હેઠળ જેમના પર કોઈ પ્રકારનું જોખમ રહેલું હોય અથવા જેઓ ભયભીત હોય તેવાં સાક્ષીઓને શરૂઆતથી જ પોલીસે ઓળખી લેવાં જરૂરી હોય છે. આના લીધે ભોગ બનેલી વ્યક્તિની પરિસ્થિતિ કેવી છે તેનો સી.પી.એસ. વિચાર કરી શકે છે અને જુબાની આપતી વખતે તે ભોગ બનેલી વ્યક્તિને મદદ થઈ શકે તે માટે કોઈ ખાસ પગલાં લેવાની કઈ અરજી કોર્ટને કરવી જોઈએ તે નક્કી કરી શકે છે. ખાસ પગલાંમાં આનો સમાવેશ થઈ શકેઃ ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓ માટે રાહ જોવાના અલગ રૂમો અને સગવડો; પડદા પાછળ રહીને અથવા ટીવી/વિડિયો લિન્ક મારફતે જુબાની આપવી; અથવા જાહેર જનતાને બેસવાનો વિભાગ ખાલી કરાવવો. જો કે એ યાદ રાખવું જોઈએ કે શું પગલાં માટે અરજી કરવામાં આવે છે અને શેની મંજૂરી આપવામાં આવે છે તેનો આધાર કેસના પ્રકાર પર અને કેવા પ્રકારના સાક્ષીઓ સંકળાયેલાં છે તેના પર રહેલો છે. આ જોગવાઈઓ ટૂંકમાં જણાવતું એક ટેબલ સૂચિ B માં આપેલું છે.

## કન્વિક્શન - ગુનો પુરવાર કરવા માટે શું કરવામાં આવે છે?

તારીખ 7 ડિસેમ્બર 2006ના રોજ 'સેન્ટન્સિંગ ગાઈડલાઈન્સ કાઉન્સિલ' Sentencing Guidelines Council દ્વારા આ વિષયો પરની નિશ્ચયાત્મક માર્ગદર્શિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતીઃ *Overarching Principles: Domestic Violence*[16] અને *Breach of a Protective Order*[17].

કોઈ ડીફેન્ડન્ટ - બચાવપક્ષ - પ્રતિવાદીને ફોજદારી ગુના માટે ગુનેગાર પુરવાર કરવા માટે, જ્યુરી અથવા ડીફેન્ડન્ટના ગુના વિશે મેજિસ્ટ્રેટ્સ/જજને "વાજબી શક કરતાં ઘણી વધારે" ખાતરી હોવી જ જોઈએ, સિવિલ - દીવાની મામલાઓમાં થાય છે તેમ ફક્ત "સંભાવનાઓના સમતલોન" પર જ નહિ.

જો ટ્રાયલ પછી કોઈ ડીફેન્ડન્ટ પોતાનો ગુનો કબૂલી લે અથવા ગુનેગાર હોવાનું બહાર આવે, તો તેના પર અનેક પ્રકારની સજાઓ લાગુ પાડી શકાય છે. ફોજદારી કાયદાની કલમોનું મુખ્ય ધ્યાન ડીફેન્ડન્ટને ગુનાકીય વિશ્વમાંથી બહાર લાવીને પુનઃસ્થાયી કરવાનું હોવાની સાથે સાથે તેને બીજા વધારે ગુના કરતાં રોકવાનું પણ છે. જ્યારે આની વિરુદ્ધમાં સિવિલ કેસોમાં મળી શકતા ઉકેલો મુખ્યત્વે ગુનાનો ભોગ બનતાં લોકોનું રક્ષણ કરવા માટે બનાવવામાં આવ્યા છે.

મેજિસ્ટ્રેટ્સ પાસે સજા કરવાના અનેક જુદા જુદા વિકલ્પો હોય છે, સદંતરપણે અથવા શરતી છૂટકારો આપવાથી માંડીને દંડ કરવા અને કમ્યૂનિટી ઓર્ડરો આપવાથી જેલ સજા કરવા સુધી. જેલ સજા તાત્કાલિક અથવા મુલતવી કરાયેલી હોઈ શકે છે અને કોર્ટ દ્વારા લાગુ પાડવામાં આવેલી એક અથવા એક કરતાં વધારે શરતોનું ડીફેન્ડન્ટ પાલન કરે છે કે નહિ તે જોવા માટે સજા બાદની કોઈ તારીખ સુધી મુલતવી પણ કરવામાં આવી શકે. ઉપરની કોઈ પણ સજા સાથેના નાણાકીય રાહતના હુકમ તરીકે, ઈજા પામેલા પક્ષને વળતર ચૂકવી આપવાનો ઓર્ડર પણ મેજિસ્ટ્રેટ્સ ડીફેન્ડન્ટને કરી શકે છે (તેની નાણાકીય હાલત અનુસાર).

કમ્યૂનિટી ઓર્ડર એ કોર્ટ ઓર્ડર હોય છે જેમાં નીચેમાંની ઓછામાં ઓછી એક અથવા વધારે શરતો સમાવવામાં આવી હોય છેઃ

- વગર પગારે કામ કરવાની શરત;
- કોઈ પ્રવૃત્તિ કરવાની શરત;
- કોઈ પ્રોગ્રામ કરવાની શરત (ઘરેલૂ હિંસા કરાવતું ગુનાહિત વર્તન બંધ કરાવવા માટેના પ્રોગ્રામ સહિત);
- પ્રતિબંધિત પ્રવૃત્તિને લગતી શરત;
- કરફ્યુની શરત;
- બાકાત રાખવાની શરત;
- નિવાસને લગતી શરત;

---

[16] http://www.sentencing-guidelines.gov.uk/docs/domestic_violence.pdf
[17] http://www.sentencing-guidelines.gov.uk/docs/breach_of_protective_order.pdf

- માનસિક બીમારીના ઈલાજની શરત;

- ડ્રગની લતમાંથી છૂટવાની સારવારની શરત;

- દારૂની લતમાંથી છૂટવાની સારવારની શરત;

- દેખરેખ રાખવા માટેની શરત;

- હાજરી આપવા માટેના સેન્ટર - એટેન્ડન્સ સેન્ટરમાં જવાની શરત (જો ડીફેન્ડન્ટ 25 વર્ષથી નાની ઉંમરનો હોય તો)

## ગુનેગારો માટેના પ્રોગ્રામો

ઇંગ્લેન્ડ અને વેલ્સમાં દરેક પ્રોબેશન સર્વિસ એરિયામાં ગુનેગારો માટેનો એક માન્યતાપ્રાપ્ત પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. આ પ્રોગ્રામો, જેનો ગુનો પુરવાર થઈ ચૂક્યો હોય તેવા પુખ્ત વયના પુરૂષ ગુનેગારો માટે બનાવવામાં આવ્યા હોય છે જેઓ તેમના નજીકના સ્ત્રી જીવનસાથી પ્રત્યે અત્યાચાર કરતા હોય, જો કે આ શ્રેણીમાં આવતા બધા જ ગુનેગારો આ પ્રોગ્રામ માટે લાયક બનતા નથી જે માટેનાં અનેક જુદાં જુદાં કારણો છે. આ પ્રોગ્રામો નીચેના આંતરિક-બંધારણના બનેલા છે:

- આંતર-સંસ્થાકીય જોખમનાં મૂલ્યાંકનો અને જોખમનું નિયંત્રણ, જેમાં પોલીસ તેમજ અન્ય લાગતીવળગતી સંસ્થાઓ સાથે અંદરોઅંદર માહિતીની આપલે કરવાના સિદ્ધાંતનો સમાવેશ થાય છે.

- ગુનાનો ભોગ બનેલાં જાણીતા લોકો અને પ્રોગ્રામમાં સ્વીકારવામાં આવેલા પુરૂષોનાં નવાં પાર્ટનરોનો સંપર્ક કરવો જેથી તેઓ વાસ્તવિક અપેક્ષાઓ રાખે તેની ખાતરી થાય, વાસ્તવિક સલામતીનાં આયોજનોને પ્રોત્સાહન આપવામાં આવે, પ્રોગ્રામ વિશે માહિતી આપવા અને પ્રોગ્રામના મૂલ્યાંકનમાં તેમનો ફાળો આપવા તેમને બોલાવવામાં આવે.

- કોર્ટના જે કેસોમાં ગુનેગારોએ હાજરી ન આપી હોય તેવા કેસોને ઝડપથી ફરી પાછા કોર્ટમાં લઈ જવા માટે ગુનેગારના મેનેજરની દેખરેખ દ્વારા ગુનેગાર ઉપર સક્રિય નિયંત્રણ; પોલીસ તેમજ વિમેન્સ સેફટી વર્કર સાથે સક્રિયપણે સંપર્ક વાતચીત; કેટલીક વ્યક્તિગત ગોઠવણોવાળી બેઠકો પૂરી પાડવી.

- ગુનેગારો સાથે જૂથમાં કામ કરવાની બેઠકો.

2006/07ની શરૂઆતમાં, ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમની અંદર ચલાવવામાં આવતા બધા જ માન્યતા પ્રાપ્ત ડોમેસ્ટિક અબ્યુઝ પર્પીટ્રેટર પ્રોગ્રામો Domestic Abuse Perpetrator Programmes એ કરેક્શનલ સર્વિસીસ એક્રેડિટેશન પેનલ (સી.એસ.એ.પી.) Correctional Services Accreditation Panel (CSAP) નાં ગુણવત્તાનાં ધોરણો સંતોષપૂર્વક પૂરાં કર્યાં હતાં અને, સૌ પ્રથમવાર નેશનલ ઓફેન્ડર મેનેજમેન્ટ સર્વિસ (એન.ઓ.એમ.એસ.) National Offender Management Service (NOMS) દ્વારા પ્રોગ્રામ પૂરો કરવા માટે નક્કી કરવામાં આવેલાં લક્ષ્યાંકો પૂરાં કરવામાં આવ્યાં હતાં.

## સ્પેશ્યાલિસ્ટ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ્સ

સ્પેશ્યાલિસ્ટ ડીવી કોર્ટ (એસ.ડી.વી.સી.) Specialist DV Court (SDVC) નો ઉલ્લેખ કરતી વખતે અમે કોઈ કોર્ટના મકાન કે ન્યાયાલય વિશે વાત કરતાં નથી, પરંતુ તે ઘરેલૂ હિંસાના કેસો ઉપર મેજિસ્ટ્રેટ્સ કોર્ટ્સમાં કાર્યવાહી કરવાની એક નિષ્ણાત પદ્ધતિ છે. સામાન્ય રીતે, સ્પેશ્યાલિસ્ટ ક્રિમિનલ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ્સ નીચેના દ્વારા ચલાવવામાં આવે છેઃ

- જૂથબંધીઃ બધા જ ઘરેલૂ હિંસાના કેસોને એક જૂથમાં એક જ કોર્ટની બેઠકમાં લઈ આવવામાં આવે છે જેમાં અનેક જુદી જુદી બાબતો પર પગલાં લેવામાં આવે છે - જામીનમાં ફેરફારો, કબૂલાતો, ટ્રાયલ પહેલાંની પુનઃવિચારણાઓમાં સજા

આપતાં પહેલાના રીપોર્ટો અને સજા સંભળાવવી. કેટલીક ક્લસ્ટર (જૂથબંધીની) કોર્ટ્સ અમુક નિશ્ચિત ઘરેલૂ હિંસાને લગતી બેઠકોમાં પણ ટ્રાયલો સાંભળે છે.

- ફાસ્ટ-ટ્રેકિંગઃ કોર્ટની યાદીની અમુક ચોક્કસ બેઠકોની ફાળવણી કરીને ઘરેલૂ હિંસાના કેસોને અગ્રતા આપવામાં આવે છે દા.ત. કોર્ટની 4માંથી 1 ફાળવણી ઘરેલૂ હિંસા માટેની આગળ સુનાવણી/ટ્રાયલ માટે ફાળવવામાં આવે છે.

પરંતુ એ નોંધવાનું અગત્યનું છે કે સ્થાનિક કાનૂની અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહાયક કામોમાં SDVCs ને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવે છે. આમાં મુખ્ય બાબત એ છે કે ઘરેલૂ હિંસાના સ્વતંત્ર સલાહકારો - ઈન્ડિપેન્ડન્ટ ડોમેસ્ટિક વાયોલન્સ એડવાઈઝર્સ (આઈ.ડી.વી.એ.ઝ) independent domestic violence advisors (IDVAs) આ ટેકો પૂરો પાડવા માટે ઉપલબ્ધ હોય છે. એડવોકસી સેવાઓ ઉપલબ્ધ હોવાની સાથે સાથે નિષ્ણાત કોર્ટ્સના વિકાસ અને તેને સહાય કરવામાં સંકળાયેલા બીજા ભાગીદારોમાં આમનો સમાવેશ થાય છેઃ પોલીસ, સોશિયલ સર્વિસીસ, હાઉસિંગ, સી.પી.એસ., પ્રોબેશન સર્વિસ, પ્રાઈમરી કેર ટ્રસ્ટ, એક્સિડેન્ટ એન્ડ ઈમર્જન્સી, જીપીઝ. તાલીમ મેળવેલાં, ખાસ સમર્પિત કર્મચારીઓની જોગવાઈની પણ ભલામણ કરવામાં આવે છે.

પહેલી 7 સ્પેશ્યાલિસ્ટ કોર્ટ્સ, વેસ્ટ લંડન, કાર્ડિફ, ડાર્બિ, વૂલ્વરહેમ્પટન, કેરફિલિ, ક્રોયડન, લીડ્સનું સ્વતંત્ર રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે[18]. તેના ફાયદામાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- ગુનાનો ભોગ બનેલાં લોકો માટે કોર્ટ અને સહાયક સેવાઓની અસરકારકતામાં વધારો;
- માહિતીની બહેતર આપ-લે;
- જાહેર જનતામાં વધેલો આત્મવિશ્વાસ અને ગુનાનો ભોગ બનેલાં લોકો વધારે પ્રમાણમાં સંકળાવાં;
- પ્રક્રિયાના કેન્દ્રમાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને રાખવામાં આવવી.

ડિસેમ્બર 2005માં લેવામાં આવેલા સી.પી.એસ.ના ડેટાની નિશ્ચિત નોંધમાં પણ દેખાયું હતું કે SDVCsમાં ચાલતા કેસોમાં પ્રોસિક્યુશનની સફળતા 71% હતી જેની સામે રાષ્ટ્રિય સરેરાશ 59% હતી. મૂલ્યાંકનોના આ હકારાત્મક પરિણામોના આધારે, એચ.એમ. કોર્ટ્સ સર્વિસ, હોમ ઓફિસ અને સી.પી.એસ.એ એક પ્રોગ્રામ બનાવ્યો હતો જેના મારફતે બધી જ મેજિસ્ટ્રેટ્સ કોર્ટ્સ અને સરકારી ઓફિસોમાં આ મૂલ્યાંકનોનો પ્રચાર કરવામાં આવ્યો હતો. કોર્ટ્સ અને લોકલ પાર્ટનરશીપોને SDVC બનાવવામાં તેમનો રસ જાહેર કરવા માટે આમંત્રવામાં આવ્યા હતા. સ્વ-મૂલ્યાંકનથી એક આધાર મળ્યો હતો જેના મરફતે કયા વિસ્તારો 'તૈયાર' છે તેનું અને બીજાં અનેક પરિબળોના અમલનું મૂલ્યાંકન કરી શકાય છે. આ પરિબળોને આ ક્ષેત્રનાં મુખ્ય હિતધારકોની ટાસ્ક ફોર્સ દ્વારા બનાવવામાં આવ્યાં હતાં અને તેમાં 'રીસોર્સ મેન્યુઅલ'નો સમાવેશ કરવામાં આવ્યો હતો. SDVC પ્રોગ્રામ, રીસોર્સ મેન્યુઅલ અને ડેટા કલેક્શન ટેમ્પલેટો વિશેની પાર્શ્વભૂમિકા ક્રાઈમ રીડક્શનની આ વેબસાઈટ મારફતે મેળવી શકાય છેઃ
http://www.crimereduction.gov.uk/domesticviolence/domesticviolence59.pdf

એપ્રિલ 2007થી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં 64 સ્થળોએથી SDVCs ચલાવવામાં આવશે.

[18] ઓનલાઈન રીપોર્ટ અહીંથી મળી શકે છેઃ http://www.cps.gov.uk/publications/docs/specialistdvcourts.pdf; http://www.cps.gov.uk/publications/docs/dvpilotsites0405.pdf; અને http://www.cps.gov.uk/publications/docs/eval_dv_pilots_04-05.pdf

## ઈન્ટિગ્રેટેડ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ્સ

આ પુસ્તિકા મુદ્રણમાં જતી વખતે ક્રોયડનમાં શરૂ કરવામાં આવેલી સૌથી પહેલી ઈન્ટિગ્રેટેડ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ (આઈ.ડી.વી.સી.) Integrated Domestic Violence Court (IDVC) તેના પહેલા પ્રયોગાત્મક વર્ષના મધ્ય સમયમાં છે. આ પ્રયોગનું 2007ના ઓટમ/વિન્ટરમાં મૂલ્યંકન કરવામાં આવશે અને તેની સાથે Domestic Violence, Crime and Victims Act 2004 ની જોગવાઈની અસરનું માપ કાઢવા માટેના મૂલ્યાંકનના પ્રોજેક્ટ પણ કરવામાં આવશે.

IDVC ની મુખ્ય લાક્ષણિકતા એ છે કે એક જ કુટુંબ સાથે સંબંધિત હોય અને જેમાં ઘરેલૂ હિંસાનું એક પરિબળ હોય તેવી ક્રિમિનલ - ફોજદારી અને કૌટુંબિક બાબતોની સુનાવણી જ્યારે પણ શક્ય હોય ત્યારે એક જ જજ સમક્ષ કરી શકાશે - હાલોમાં યુ.એસ.એ.માં અમલમાં રહેલી જોગવાઈની જેમ.

શબ્દ IDVC નો ઉપયોગ અનુકૂળતા માટે કરવામાં આવે છે - કેસોની સુનાવણી મેજિસ્ટ્રેટ્સની અને ફેમિલિ પ્રોસિડિંગ્સ કોર્ટ્સના ન્યાયયિક વિસ્તારોની અંદર જ કરવામાં આવે છે - કોઈ નવી કોર્ટમાં નહિ.

ક્રોયડન પાયલટના સિદ્ધાંતો અને લક્ષ્યોમાં એવું માની લેવામાં આવે છે કે કોઈ પણ પગલાં હાલના કાયદાની અંદર રહીને લેવામાં આવશે અને દરેક કેસની હકીકતોના આધારે ન્યાયનો ચુકાદો આપવામાં આવશેઃ

- જ્યાં શક્ય હોય ત્યાં એક કુટુંબ, એક જજ, અને કાયદા તેમજ ન્યાયી પ્રક્રિયાની અંદર રહીને.
- એક જ જજ દ્વારા કૌટુંબિક કેસ સાંભળવામાં આવે તે પહેલાં ક્રિમિનલ કેસની સુનાવણી પૂરી કરી દેવી, ઓછામાં ઓછું વ્યક્તિને ગુનેગાર કે નિદોર્ષ સાબિત કરવા સુધી.
- જ્યાં IDVC ની અંદર કેસ સાંભળવામાં આવવાનો હોય તે પ્રક્રિયાને લીધે તેમાં સંકળાયેલાં લોકોને કોઈ પ્રકારે મોડું ન થવું જોઈએ.
- અસરકારક રીતે માહિતીની આપલે કરવાથી સલામત અને અસરકારક નિર્ણયો લેવામાં મદદ થશે.

## પ્રોટેક્શન ફ્રોમ હરેસમેન્ટ એક્ટ 1997 (ક્રિમિનલ)

આ એક્ટનો મુખ્ય ફાયદો એ છે કે તે જે લોકો તેમના ત્રાસ ગુજારનારાં પાર્ટનર સાથે ન રહેલાં હોય અથવા જેમને બાળકો ન હોય તેમને પણ આ કાયદો મળી શકે છે. ગુનાનો ભોગ બનેલાં જે લોકો Family Law Act 1996 દ્વારા નક્કી કરવામાં આવેલા અરજી કરનારાં માટેના કડક માપદંડમાં ન આવતાં હોવાને કારણે (આ ગાઈડની સૂચિ A અને ભાગ I જુઓ) આ કાયદા હેઠળ ઉકેલ ન મેળવી શકે તેમના માટે PHA 1997 એક મહત્ત્વનો ઉકેલ છે.

PHA 1997 હેઠળ કરવામાં આવતી ફોજદારી - ક્રિમિનલ કાર્યવાહીને પરિણામે ગુનો પુરવાર કરવામાં અને ગુનેગાર પર નિયંત્રણનો ઓર્ડર મૂકવામાં આવી શકે છે. નિયંત્રણના ઓર્ડરથી ગુનેગાર પર અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે, પરંતુ તેનાથી મિલકતને લગતા હકો વિશેના કોઈ ઓર્ડરો કરી શકાતા નથી.

આ એક્ટ દ્વારા બે ફોજદારી - ક્રિમિનલ ગુનાઓ **બનાવવામાં** આવ્યા હતાઃ હેરાનગતી - હરેસમેન્ટ (કલમ 2 હેઠળ); અને હિંસાનો ભય (કલમ 4 હેઠળ). હેરાનગતીને સંક્ષિપ્ત ગુના તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને તેમાં મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં અથવા જો આરોપ મૂકવા પાત્ર ગુનો હોય તો ક્રાઉન કોર્ટમાં ટ્રાયલ ચલાવી શકાય છે.

- કલમ 2ઃ આ કલમ હેઠળ કોઈ વ્યક્તિએ એવાં કામો કે વર્તન ન જ કરવાં જોઈએ જેથી તે બીજા (કે બીજાં લોકો) પ્રત્યેની હેરાનગતી તરીકે ગણવામાં આવે અને તે બીજા (કે બીજાં લોકો) પ્રત્યેની હેરાનગતી હોવાનું જાણતી હોય અથવા જાણતી હોવી જ જોઈએ. આ એક્ટના હેતુસર, અહીં જે વ્યક્તિના વર્તન અંગે સવાલ કરવામાં આવ્યો છે તેના જેવી જ મહિતી ધરાવતી અન્ય વાજબી વ્યક્તિનું માનવું હોય કે તેવું વર્તન હેરાનગતી ગણવામાં આવે છે તો, તેવું વર્તન કરતી વ્યક્તિ એ જાણતી હોવી જ જોઈએ કે તેના વર્તનને હેરાનગતી તરીકે ગણવામાં આવે છે. ''વર્તન''માં ઓછામાં ઓછા બે પ્રસંગોએ એવું વર્તન કરવામાં આવેલું હોવું જ જોઈએ. આ કલમ હેઠળ ફક્ત મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં જ ટ્રાયલ ચલાવી શકાય છે.

- કલમ 4ઃ આ કલમ હેઠળ ઓછામાં ઓછા બે પ્રસંગે, કોઈ વ્યક્તિનું વર્તન કે કામને લીધે બીજી વ્યક્તિને ડર લાગે, તેમની સામે હિંસાનો ઉપયોગ કરવામાં આવશે, અને જો તે વ્યક્તિ જાણતી હોય કે જાણતી હોવી જ જોઈએ કે તે દરેક પ્રસંગે તેના લીધે બીજી વ્યક્તિને ડર લાગશે, તો તે આ ગુનાસર ગુનેગાર ઠરે છે. કલમ 2માં જણાવ્યા મુજબ આમાં પણ 'વાજબીપણા' માટેની ચકાસણી છે. આ ગુના માટે મેજિસ્ટ્રેટ્સની કે ક્રાઉન કોર્ટમાં ટ્રાયલ ચલાવી શકાય છે.

ઉપરનામાંથી કોઈ પણ ગુનો કરતા હોવાની શંકા હોય તે વ્યક્તિની ધરપકડ કરવાની પોલીસ પાસે સત્તા છે અને તેઓ તેના પર કાયદેસર કાર્યવાહી કરવી કે નહિ તેનો નિર્ણય લેવા માટે કેસ સી.પી.એસ.ને મોકલી આપે છે.

## ડોમેસ્ટિક વાયોલન્સ, ક્રાઈમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004

જુલાઈ 2007થી, DV Act 2004ની કલમ 12, PHA 1997ની કલમ 5માં સુધારો કરે છે અને નવી કલમ 5A દાખલ કરે છે જેનાથી કોઈ પણ ગુના માટે સજા કરતી વખતે નિયંત્રણના ઓર્ડરો લાદવાની કોર્ટ્સને વધારે વિસ્તૃત સત્તા મળે છે. તેનાથી જો ઓર્ડરમાં ફેરફાર કરવાની કે તેનો અંત લાવવાની અરજી કરવામાં આવશે તો નિયંત્રણના ઓર્ડરમાં નામ જણાવવામાં આવેલી વ્યક્તિને કોર્ટમાં રજૂઆત કરવાનો હક પણ મળશે.

આ જોગવાઈ કોઈ પણ ગુના માટે - જ્યાં ડીફેન્ડન્ટ પર ટ્રાયલ ચલાવામામાં આવ્યો હોય કે તેને છોડી દેવામાં આવ્યો હોય - નિયંત્રણના ઓર્ડરો લાદવા માટેની કોર્ટ્સની સક્ષમતા પણ દાખલ કરે છે. હાલમાં, જો ગુનેગાર પર કોઈ વ્યક્તિની હેરાનગતી માટે અથવા કોઈને હિંસાના ભયમાં મૂકવા માટે Protection from Harassment Act ની કલમ 2 અથવા 4 હેઠળ ગુનો પુરવાર થયેલો હોય તો જ નિયંત્રણના ઓર્ડરો આપી શકાય છે. આનું ધ્યેય જ્યારે કોઈ ક્રિમિનલ કેસમાં વ્યક્તિનો છૂટકારો થઈ જાય, પરંતુ કેસના સંજોગો પરથી એ દેખીતું હોય કે ભોગ બનેલી વ્યક્તિને સતત સુરક્ષા આપવાની જરૂર છે, તો તેવી પરિસ્થિતિ અંગે પગલાં લેવાનું છે. અલબત્ત, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ સિવિલ કોર્ટમાંથી નોન-મોલેસ્ટેશન ઓર્ડર અથવા મનાઈહુકમ જરૂર મેળવી શકે છે. જો કે, વધારે સક્રિય વલણ અપનાવવાથી મોડું થતું અને

લીગલ એઈડના બજેટમાં વધારો થતો અટકાવી શકાશે, એટલું જ નહિ, પરંતુ ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ માટે પણ ખામી રહિત વધારે સુરક્ષા પૂરી પાડી શકશે.

વ્યક્તિનો છૂટકારો થઈ ગયા પછી, કોર્ટ પ્રોસિક્યુશન અને પ્રતિવાદી પક્ષ બંનેને બોલાવીને એવા કોઈ વધારાના પુરાવા રજૂ કરવા માટે કહી શકે જે ક્રિમિનલ કાર્યવાહીમાં રજૂ કરી શકાય તેવા ન હોય, પણ સિવિલ કાર્યવાહીમાં રજૂ કરી શકાય તેવા હોય. તે પુરાવાના આધારે, કોર્ટ નક્કી કરશે કે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની હેરાનગતીમાંથી સુરક્ષા કરવા માટે કોઈ ઓર્ડર આપવાનું જરૂરી બનશે કે નહિ. અથવા, ક્રિમિનલ ટ્રાયલમાં પહેલેથી જ રજૂ કરવામાં આવેલા પુરાવાના આધારે કોર્ટ તે નિર્ણય લઈ શકે. (દાખલા તરીકે, કોઈ વ્યક્તિને ગંભીર શારીરિક ઈજાના આરોપમાંથી છૂટકારો મળી ગયો હોઈ શકે, પરંતુ તે વ્યક્તિ બારણાં પછાડીને ધમકીઓ આપતી બૂમો પાડતી પાડતી જબરજસ્તીથી ઘરમાં ઘૂસી હતી તે બાબતે કોઈ વિવાદ ન હોઈ શકે.)

નિયંત્રણના ઓર્ડરનો હેતુ રોકથામ માટેનો હશે, સજા કરવા માટેનો નહિ - કોઈ વ્યક્તિનું હેરાનગતીથી રક્ષણ કરવાના એક પગલા તરીકે. અમારું માનવું છે કે એવા સંજોગો હોય છે જેમાં ગુનો પુરવાર કરવા માટે પૂરતા પુરાવાઓ હોવા છતાં, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને તાત્કાલિક સુરક્ષા આપવાની જરૂર પડે છે. ઓર્ડર કરવો કે નહિ તેનો વિચાર કરતી વખતે, કોર્ટ પણ તે જ પ્રશ્ન પર વિચાર કરશે જેના પર Protection from Harassment Act ની કલમ 3 હેઠળ નિયંત્રણના ઓર્ડર માટે કરવામાં આવેલી અરજી ઉપર સિવિલ કોર્ટ દ્વારા વિચાર કરવામાં આવશે, એટલે કે, હેરાનગતીમાંથી રક્ષણ કરવા માટે ઓર્ડર આપવો જરૂરી છે? તે કોર્ટના ચૂકાદા માટેનો પ્રશ્ન છે.

ભૂતકાળના ગેરવર્તાવને લગતા અમુક ચોક્કસ આરોપો પુરવાર થયા છે કે નહિ તેનો વિચાર કરતી વખતે, કોર્ટ્સ પુરાવા માટેના દીવાની ધોરણો - સિવિલ સ્ટાન્ડર્ડ લાગુ પાડશે. પરંતુ, આ જ પ્રકારના ઓર્ડરો પરના કેસના કાયદામાં સ્પષ્ટ કરવામાં આવ્યા મુજબ (જેમ કે ASBOs - અસામાજિક વર્તનને લગતા ઓર્ડરો અને ફૂટબોલ પ્રતિબંધના ઓર્ડરો), લાગુ પાડવામાં આવનારા સિવિલ સ્ટાન્ડર્ડનો આધાર કેસના પ્રકાર પર રહેલો હશે, જેમાં કથિત વર્તનની ગંભીરતા અને લાદી શકાય તેવી કોઈ પણ ફોજદારી કાયદાની કલમોનો સમાવેશ કરવામાં આવશે.

જો ઓર્ડરમાં ફેરફાર કરવાની કે તેનો અંત લાવવાની અરજી કરવામાં આવી હોય તો DV ACT 2004 નિયંત્રણના ઓર્ડરમાં નામ જણાવવામાં આવેલી કોઈ પણ વ્યક્તિને ''તેની વાત સાંભળવામાં આવે'' તેનો એટલે કે રજૂઆત કરવાનો અધિકાર પણ આપે છે. કોર્ટના નિયમો - રૂલ્સ ઓફ કોર્ટ, નિયંત્રણના ઓર્ડરમાં નામ જણાવવામાં આવેલી કોઈ પણ વ્યક્તિને આવી કોઈ અરજી કરવામાં આવી હોવાની જાણ કરવાની કોર્ટ પર ફરજ મૂકે છે જેથી શું બની રહ્યું છે તેની તે વ્યક્તિને અગાઉથી જાણ થાય, અને જેથી તેમને તે અરજી સામે કોર્ટમાં દલીલ કરવાની તક મળી રહે.

# ભાગ 4 – અન્ય સંબંધિત જોગવાઈઓ

## હાઉસિંગ એક્ટ 1996

ઘરેલૂ હિંસાનો ભોગ બનતાં લોકોનું રક્ષણ કરવાની આ એક્ટ એક આડકતરી પદ્ધતિ છે, કારણ કે તે ત્રીજા પક્ષ - તેમના મકાનમાલિક - પર પઝેશન ઓર્ડરની અરજી કરવાનો આધાર રાખે છે. જો કોઈ ભાડૂત બીજા ભાડૂત પ્રત્યે હિંસક વર્તન કરતા હોવાનું તેમના ધ્યાન પર દોરવામાં આવે અથવા એવો આરોપ મૂકવામાં આવે તો આ એક્ટ હેઠળ ફક્ત મકાનમાલિક જ - અથવા વધારે સ્પષ્ટતાપૂર્વક, કોઈ લોકલ ઓથોરિટી અથવા સોશિયલ લેન્ડલોર્ડ જ પગલાં લઈ શકે છે.

આ દીવાની ઉકેલનો આધાર પણ ઘરેલૂ હિંસાનો ભોગ બની રહેલાં ભાડૂત પર રહેલો છે જે પાછા નહિ ફરવાના ઈરાદા સાથે મકાન છોડીને જતાં રહ્યાં હોય. એટલા માટે, તે એક સરળ ઉપાય છે જે અનુસાર મકાનમાલિક ઘરમાં રહેલા હેરાનગતી કરતા ભાડૂત પાસેથી મકાન પાછું મેળવવા પગલાં લઈ શકે છે. તેનાથી હિંસાનો ભોગ બનેલી વ્યક્તિ મકાનમાં રહી શકતી નથી. કે તે કોઈ - મનાઈહુકમના સ્વરૂપમાં - બીજા કોઈ સ્થળે સુરક્ષા પણ પૂરી પાડતો નથી.

## સેન્ક્ચ્યુઅરી સ્કીમો

સેન્ક્ચ્યુઅરી સ્કીમ લોકોને ઘરવિહોણાં થતાં રોકવા માટેની એક અનોખી પદ્ધતિ છે. તે ઘરેલૂ હિંસાનો ભોગ બનતાં લોકો માટે તેમના ઘરમાં રહેવાનું ચાલુ રાખવાનું સલામત હોય, જ્યાં તેઓ તેમ કરવા માગતાં હોય અને જ્યાં ગુનેગાર વ્યક્તિ તે મકાનની અંદર ન રહેતી હોય ત્યાં તેમને વ્યવસાયિકો દ્વારા નાંખવામાં આવેલાં સુરક્ષાનાં ઉપાયો નાંખી આપીને તેમના પોતાના ઘરમાં રાખવામાં આવે છે.

આ સંયુક્ત એલ.જી.એ. એન્ડ કમ્યૂનિટીઝ એન્ડ લોકલ ગવર્નમેન્ટની માર્ગદર્શિકાનું લક્ષ્ય લોકલ ઓથોરિટીઓ અને અન્ય મુખ્ય હિતધારકોને ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકોને મદદ કરવા માટે બનાવવામાં આવેલી અસરકારક સ્કીમો બનાવવા અને ચલાવવામાં મદદ કરવાનું છે.

આ માર્ગદર્શિકા અહીંથી ફક્ત ઓન-લાઈન જ મેળવી શકાય છે:
http://www.communities.gov.uk/index.asp?id=1502478gov.uk

## ઈમિગ્રેશનનો હોદ્દો અને જાહેર ભંડોળ

વર્ષે લગભગ 500 સ્ત્રીઓને યુકેના નાગરિક સાથે લગ્ન કરવા માટે યુનાઈટેડ કિંગડમમાં પ્રવેશવાની મંજૂરી એ શરતે આપવામાં આવે છે કે તેમને જાહેર ભંડોળમાંથી કોઈ પૈસાની મદદ નહિ મળે. આ કિસ્સામાં જાહેર ભંડોળ એટલે કોઈ પણ સામાજિક ભંડોળ, દાખલા તરીકે હાઉસિંગ બેનિફિટ.

ઘરેલૂ હિંસાનો ભોગ બનતાં લોકોના કિસ્સામાં, ઈમિગ્રેશનના નિયમો તેમને તેમના પોતાના વતી દેશમાં અનિશ્ચિત મુદત સુધી રહેવાની મંજૂરી માગતી અરજી કરવાની પરવાનગી આપે છે, જે આપવા માટે અમુક ચોક્કસ પુરાવા આપવાની જરૂર પડે છે. જો કે, અરજીનો જ્યાં સુધી નિકાલ ન આવે ત્યાં સુધી, તેમની હાલની ઈમિગ્રેશનની પરિસ્થિતિને કારણે તેઓ કોઈ રહેઠાણની સવલત મેળવી શકતાં નથી. સલામતીના કોઈ સ્થળ કે કોઈ પ્રકારની સહાયતા વગર આ સ્ત્રીઓએ ઘણી વાર પરાણે પોતાના ઘરે પાછાં ફરવું પડે છે અને વધારે અત્યાચારનો, અમુક કિસ્સામાં મોતનો ભોગ બનવું પડે છે.

લોકલ ઓથોરિટીએ એ વાતનો વિચાર કરવાની જરૂર છે કે ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં લોકોને સંભાળ અને દેખરેખની અમુક નિશ્ચિત જરૂરતો હોઈ શકે અને/અથવા તેમના પર નિર્ભર બાળકો હોઈ શકે, જેના કારણે તેઓ કદાચ એન.એચ.એસ. એન્ડ કમ્યૂનિટી કેર એક્ટ NHS & Community Care Act ની કલમ 47, લોકલ ગવર્નમેન્ટ એક્ટ Local Government Act ની કલમ 2, ચિલ્ડ્રન એક્ટ Children Act 1989 અથવા અલગ અલગ કેસના સંજોગોના

આધારે બીજા લાગતાવળગતા કાયદા હેઠળ સહાય મેળવવા માટે લાયક ઠરી શકે.

1999માં, થોડી છૂટછાટ મૂકવામાં આવી હતી, જેથી પોતાના પ્રોબેશનરી સમય દરમ્યાન હિંસક જીવનસાથી અથવા પતિ કે પત્નીને છોડી દેનારાં લોકોને, અને ઘરેલૂ હિંસાને કારણે તેમના સંબંધોનો અંત આવી ગયો હોવાનું કોર્ટમાં પુરવાર કરીને અથવા તેવી બીજી કોઈ રીતે સાબિત કરી શકનારાં લોકોને સ્થાયી થવાની પરવાનગી આપવામાં આવી હતી.

નવેમ્બર 2002માં, હિંસાના પુરાવા તરીકે વાપરી શકાય તેવા પુરાવાઓના પ્રકારનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. આમ તો કોઈ ઓર્ડર, ગુનાની સાબિતી કે પોલીસની ચેતવણી સર્વોત્તમ પુરાવા તરીકે રજૂ કરવામાં આવી શકે, પરંતુ જીપીનો રીપોર્ટ, કોર્ટમાં આપવામાં આવેલું વચન, અને પોલીસે સ્થળ પર હાજરી આપી હોવાનો રીપોર્ટ, સોશિયલ સર્વિસીસ તરફથી રીપોર્ટ, અથવા કોઈ આશ્રયસ્થાન (રેફ્યુજ) તરફથી લખી આપવામાં આવેલો સહાય માટેનો પત્ર પણ સ્વીકાર્ય બનાવવામાં આવ્યો હતો.

ઈમિગ્રેશન અને નેશનાલિટી ડિરેક્ટોરેટ આવા કેસોને અગ્રતા આપીને તેમનો ઝડપી પદ્ધતિથી ઉકેલ લાવી રહ્યું છે અને વધારે તાજેતરમાં, જો અરજી કરનારાં ઘરવિહોણાં હોય તો તેમને ચાર્જ લેવાની નવી પદ્ધતિમાંથી મુક્તિ આપવામાં આવી છે.

અરજી કરવાની અને પુરાવા એકઠા કરવાની પ્રક્રિયામાં સુધારો કરવા માટે નવાં પગલાં લેવામાં આવી રહ્યાં છે, જેમાં એજન્સીઓ માટેના પ્રો-ફોર્મા, 'શરણાર્થી' (રેફ્યુજ) શબ્દના અર્થ અને સમજૂતીનો વિસ્તાર કરવાનો સમાવેશ થાય છે. એપ્રિલ 2007માં માર્ગદર્શક નોંધ સાથેનું એક નવું એપ્લિકેશન ફોર્મ[19] અમલમાં આવશે.

## પોલીસ રીફોર્મ એક્ટ 2002 - ઘરેલૂ હિંસા અને આરોગ્ય

ઘરેલૂ હિંસાના મામલામાં એન.એચ.એસ.એ ખાસ યોગદાન આપવાનું હોય છે, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પર પડતી તેની અસરોને લીધે જ નહિ, પરંતુ કદાચ વ્યવસાયિકોનો સંપર્ક માટેનું એન.એચ.એસ. પહેલું સ્થાન હોઈ શકે છે, જેઓ પરિસ્થિતિને ઓળખીને તેમાં દરમ્યાનગીરી કરી શકે છે.

આના પરિણામે, ઇંગ્લેન્ડમાં 30 એપ્રિલ 2004થી ક્રાઈમ એન્ડ ડિસઓર્ડર પાર્ટનરશીપોની અંદર પ્રાઈમરી કેર ટ્રસ્ટો (પી.સી.ટી.ઝ) Primary Care Trusts (PCTs) જવાબદાર ઓથોરિટીઓ બની હતી. (આ માટેનો સંબંધિત કાયદો પોલીસ રીફોર્મ એક્ટ Police Reform Act 2002 દ્વારા સુધારો કરાયા મુજબ ક્રાઈમ એન્ડ ડિસઓર્ડર એક્ટ Crime and Disorder Act 1998 ની કલમ 5 (1) છે.)

એટલે કે સ્થાનિક રીતે ગુનાખોરી અને ગેરવ્યવસ્થા તેમજ ડ્રગ્સના દુરૂપયોગ સામે પગલાં લેવા માટે જવાબદાર બીજી ઓથોરિટીઓની સાથે ભાગીદારીમાં મળીને કામ કરવાની હવેથી પી.સી.ટી.ઝની કાનૂની ફરજ બને છે.

## એજ્યુકેશન એક્ટ 2002

કૌટુંબિક હિંસાના બનાવ અને વિદ્યાર્થીઓ પર થતા અત્યાચાર ઓળખવામાં સ્કૂલો પહેલું પગથિયું હોઈ શકે છે, અને તેઓ આવા કેસોને સોશિયલ સર્વિસીસ પાસે મોકલી શકે છે. જ્યાં સ્કૂલને શંકા થાય કે કોઈ વિદ્યાર્થી પર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે અથવા તેના પર અત્યાચાર થવાનું જોખમ છે, અથવા તેમનું માનવું હોય કે કૌટુંબિક સમસ્યાઓ છે, તો તે ચિંતાઓની જાણ કરવા માટે તેમણે તેમની સ્થાનિક કાર્યપદ્ધતિઓનું અનુસરણ કરવું જોઈએ. એજ્યુકેશન એક્ટ Education Act 2002 ની કલમ 175 ખાતરી કરશે કે ગવર્નિંગ સમિતિઓ અને લોકલ એજ્યુકેશન ઓથોરિટીઓ પાસે બાળકની સુરક્ષા માટેની યોગ્ય કાર્યવાહીઓ અમલમાં હોય.

---

[19] ઘરેલૂ હિંસાને લગતી હાલની પ્રશ્નાવલિઃ http://www.ind.homeoffice.gov.uk/6353/11406/dvquestionnaire.pdf

# સૂચિ A: સંલગ્ન વ્યક્તિ કોણ છે?

## ઓક્યુપેશન ઓર્ડરોને લગતા કેસોમાં (FLA 1996 ની કલમ 62(3))

- તેઓ હાલમાં કે પહેલાં એકબીજાં સાથે પરણેલાં હોય, અથવા હાલમાં કે પહેલાં સિવિલ પાર્ટનરો હોય.
- તેઓ સહનિવાસી હોય કે ભૂતકાળમાં સાથે રહેલાં હોય (5 ડિસેમ્બર 2005 થી DVCV Act ની કલમ 3 સહનિવાસી સમલિંગી દંપતિઓનો સમાવેશ કરવા માટે Family Law Act 1996 ની કલમ 62(1)(a) માં સુધારો કરે છે)
- તેઓ એક જ ઘરમાં રહેતાં હોય કે પહેલાં રહેલાં હોય, બેમાંથી કોઈ એક બીજાનું ફક્ત કર્મચારી, ભાડૂત, લોજર કે બોર્ડર ન હોય તેવાં કોઈ કારણસર
- તેઓ એકબીજાનાં સગાં હોય (Family Law Act 1996 માં ‘‘સગાં’’ની વ્યાખ્યા લંબાવીને તેમાં સગા પિતરાઈ ભાઈ-બહેનોનો સમાવેશ કરવામાં આવ્યો છે)
- તેમણે એકબીજાં સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું હોય (તે એગ્રીમેન્ટનો અંત લાવવામાં આવ્યો હોય કે નહિ)
- તેઓ સિવિલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટમાં બંધાયાં હોય (Civil Partnership Act 2004 ની કલમ 73 માં વ્યાખ્યા કરવામાં આવ્યા મુજબ) (તે એગ્રીમેન્ટનો અંત લાવવામાં આવ્યો હોય કે નહિ);
- કોઈ પણ બાળકના સંબંધમાં, બંને વ્યક્તિઓ માતા અથવા પિતા હોય અથવા તેમના પર માતા કે પિતા તરીકેની જવાબદારી હોય - વ્યક્તિ તે અવકાશમાં આવે છે જો:

  1) તે બાળકની માતા કે પિતા હોય; અથવા

  2) તેના પર બાળકની માતા કે પિતા તરીકેની જવાબદારી હોય.
- તેઓ એક જ કૌટુંબિક કાનૂની કાર્યવાહીના પક્ષો હોય (FLA 1996ના ભાગ IV હેઠળ ચાલતી કાર્યવાહીઓ સિવાયની કાર્યવાહી હેઠળ).

## નોન-મોલેસ્ટેશન ઓર્ડરના કેસોમાં (FLA 1996)

જો પ્રતિવાદી નીચેનામાંથી કોઈ પણ શ્રેણીમાં આવતો/આવતી હોય, તો અરજી કરી શકાય છે:

a) અરજી કરનારના સંબંધમાં:

- પતિ કે પત્ની
- ભૂતપૂર્વ પતિ કે પત્ની
- સહનિવાસી
- ભૂતપૂર્વ સહનિવાસી
- સિવિલ પાર્ટનર

- ભૂતપૂર્વ સિવિલ પાર્ટનર

b) અરજી કરનાર વ્યક્તિ અથવા a) માં જણાવેલી કોઈ પણ વર્ગની વ્યક્તિના સંબંધમાં:

- પિતા
- માતા
- સાવકા પિતા
- સાવકી માતા
- પુત્ર
- પુત્રી
- સાવકો પુત્ર
- સાવકી પુત્રી
- દાદી કે નાની
- દાદા કે નાના
- પૌત્ર કે દોહિત્ર
- પૌત્રી કે દોહિત્રી
- ભાઈ
- બહેન
- સાવકા ભાઈ કે બહેન
- કાકા, મામા, ફૂઆ
- કાકી, મામી, ફોઈ
- ભત્રીજી, ભાણી
- ભત્રીજો, ભાણીયો
- સગા પિતરાઈઓ

c) ઉપર b) માં જણાવેલી વ્યક્તિના સંબંધમાં:

- પતિ કે પત્ની
- ભૂતપૂર્વ પતિ કે પત્ની
- સહનિવાસી
- ભૂતપૂર્વ સહનિવાસી
- સિવિલ પાર્ટનર
- ભૂતપૂર્વ સિવિલ પાર્ટનર

d) ● એક જ ઘરમાં રહેતી હોય કે પહેલાં રહેલી હોય તેવી કોઈ વ્યક્તિ.

e) ● અરજી કરનાર વ્યક્તિ જેની સાથે લગ્ન કરવા માટે મંજૂર થયેલી હોય, અથવા જેની સાથે સિવિલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ કર્યું હોય તેવી કોઈ વ્યક્તિ; જ્યાં તે એગ્રીમેન્ટનો અંત લાવી દેવામાં આવ્યો હોય, તેમાં તે અંત લાવવામાં આવ્યાના ફક્ત 3 વર્ષની અંદર.

f) ● જ્યાં અરજી કરનાર વ્યક્તિ કોઈ બાળકની માતા કે પિતા હોય અથવા જેના પર કોઈ બાળક માટેની માતા કે પિતા તરીકેની જવાબદારી હોય, માતા કે પિતા તરીકેની જવાબદારી ધરાવનાર બીજી કોઈ વ્યક્તિ અથવા માતા કે પિતા.

g) ● જ્યાં કોઈ બાળકને દત્તક લેવામાં આવ્યું હોય અથવા દત્તક આપવા માટે છૂટું કરવામાં આવ્યું હોયઃ

i) કુદરતી માતા કે પિતા, અથવા આવા કોઈ કુદરતી માતા કે પિતાના માતા કે પિતા તેની સાથે સંકળાયેલાં હોય;

ii) અડોપ્શન ઓર્ડરની રૂએ કોઈ બાળક અથવા બાળકના માતા કે પિતા, અથવા અડોપ્શન ઓર્ડર માટે અરજી કરનાર વ્યક્તિ, અથવા કોઈ પણ સમયે બાળકને દત્તક આપવા માટે મૂકવામાં આવ્યું હોય તેવી કોઈ પણ વ્યક્તિ.

વર્ગ i) ની કઈ પણ વ્યક્તિ, વર્ગ ii) માંની કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધ ઓર્ડર મેળવવાની અરજી કરી શકે.

h) ● કોઈ પણ કૌટુંબિક કાનૂની કાર્યવાહીમાંનો બીજો પક્ષ.

**નોંધઃ** Family Law Act 1996 ના ભાગ IV હેઠળ ઓર્ડર મેળવવા માટે કોણ અરજી કરી શકે છે તેનો માપદંડ ઉપર જોઈ શકાય છે તેમ ઘણો વિસ્તૃત છે. સામાન્ય રીતે, જો ઘરેલૂ હિંસાનો ભોગ બનેલી વ્યક્તિ, હિંસા કરનારા ગુનેગાર સાથે સંબંધિત હોય, તો આ એક્ટનો ઉકેલ તરીકે ઉપયોગ કરી શકાય છે. જો કે, જ્યાં ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ ક્યારેય હિંસા કરનારા ગુનેગાર સાથે ન રહેલી હોય, તેની સાથે ક્યારેય પરણેલી ન હોય અથવા તેની સાથે તેનાં બાળકો ન હોય તો તેવી પરિસ્થિતિઓમાં આ એક્ટનો ઉપયોગ કરી શકાશે નહિ.

## સૂચિ B: જેમના પર કોઈ પ્રકારનું જોખમ રહેલું હોય અથવા જેમને ધમકીઓ આપવામાં આવી હોય તેવાં સાક્ષીઓ

| ખાસ પગલાં (ઉપાયો) | 1999 YJCE Act માં સંદર્ભ | કલમ 16 સાક્ષીઓ (બાળકો અને અરક્ષિત પુખ્ત વયનાં લોકો) | કલમ 17 સાક્ષીઓ (ભયભીત/તણાવનો ડર) |
|---|---|---|---|
| સાક્ષીને આરોપી દેખાય નહિ તેવી રીતે પડદા પાછળ રાખવા | s.23 | સંપૂર્ણપણે ઉપલબ્ધ | સંપૂર્ણપણે ઉપલબ્ધ |
| જીવંત લિન્ક દ્વારા જુબાની આપવી | s.24 | સંપૂર્ણપણે ઉપલબ્ધ | સંપૂર્ણપણે ઉપલબ્ધ |
| ખાનગીમાં જુબાની આપવી | s.25 | સંપૂર્ણપણે ઉપલબ્ધ | સંપૂર્ણપણે ઉપલબ્ધ |
| વિગ અને ગાઉન કાઢી નાંખવાં | s.26 | ફક્ત ક્રાઉન કોર્ટમાં જ | ફક્ત ક્રાઉન કોર્ટમાં |
| મુખ્યત્વે વિડિયો રેકોર્ડ કરાયેલી જુબાની | s.27 | ક્રાઉન કોર્ટમાં મળી શકે છે, પરંતુ મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં - બાળક સાક્ષીઓ માટે જ્યાં ખાસ સુરક્ષાની જરૂર હોય **ફક્ત** ત્યાં જ અમુક પ્રમાણમાં મળી શકે છે - આંશિક ઉપલબ્ધી ફક્ત પ્રયોગાત્મક વિસ્તારોમાં | ઉપલબ્ધ નથી, વૂડ ગ્રીન અને શેફિલ્ડ ક્રાઉન કોર્ટ સિવાય |
| ઈન્ટરમીડિયેટરી મારફતે તપાસ | s.29 | | લાગુ પડતું નથી |
| વાતચીતમાં સહાયક સાધનો | s.30 | સંપૂર્ણપણે ઉપલબ્ધ | લાગુ પડતું નથી |

નીચેના ટેબલમાં 1999 Youth Justice and Criminal Evidence Act (1999) (YJCE Act) માં આપવામાં આવેલાં ખાસ પગલાં જણાવવામાં આવ્યાં છે.

અત્યંત કડક ખાસ પગલાં નહિ હોવા છતાં, યૂથ જસ્ટિસ એન્ડ ક્રિમિનલ એવિડન્સ એક્ટ Youth Justice and Criminal Evidence Act 1999 (YJCEA) ની s34-40 માં ગુનાનો ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓની, પોતાના માટે જાતે કાનૂની કાર્યવાહી કરી રહેલા આરોપી દ્વારા કરવામાં આવતી ઉલટ તપાસમાંથી બચાવવાની સત્તા પણ આપવામાં આવેલી છે.

ખાસ કરીને આ એક્ટની s38 એવી જોગવાઈ કરે છે કે કોર્ટે આરોપીને ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની ઉલટ તપાસ લેવાના હેતુસર પ્રતિનિધિ નિમવા માટે પૂરતો સમય આપવો જ જોઈએ. જો આ સમય પૂરો થયે કોઈની નિમણૂંક કરવામાં ન આવી હોય, તો આરોપી વતી ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની ઉલટ-તપાસ કરવા માટે કોર્ટે કોઈ પ્રતિનિધિની નિમણૂંક કરવી જોઈએ કે નહિ તેનો તેણે વિચાર કરવો જ જોઈએ. આવા સંજોગોમાં પ્રતિનિધિ માટેની ચૂકવણી સેન્ટ્રલ ફંડ્સમાંથી કરવામાં આવવી જોઈએ.

# સૂચિ C: પારિભાષિક શબ્દોની યાદી

## સંક્ષિપ્ત સમય

સુનાવણીની નોટિસ આપવા માટેની સામાન્ય સમયમર્યાદા ‘સંક્ષિપ્ત’ કરી દેવામાં આવી શકે, એટલે કે ટૂંકાવવામાં આવી શકે, ખાસ કરીને ઓક્યુપેશન ઓર્ડરોની અરજીઓમાં અને સામાન્ય સમય કરતાં વહેલા નોંધવામાં આવેલા કેસોમાં. અરજી કરનારે હજુ પણ બતાવવું પડે છે કે પ્રતિવાદીને તે અરજી વિશે જાણ કરવામાં આવેલી છે જેના પરિણામે એવો ઓર્ડર કરવામાં આવી શકે જેથી તેમને તેમના કૌટુંબિક ઘરમાંથી બહાર કાઢવામાં આવી શકે. એવું સૂચન કરવામાં આવે છે કે કોર્ટને બંને પક્ષોની વાત સાંભળવાની તક મળી હોય તેવા કિસ્સામાં તે આવો ઓર્ડર કરે તેવી શક્યતા વધારે છે.

## જામીન

પોલીસ અથવા કોર્ટ દ્વારા પ્રતિવાદીને અમુક નિશ્ચિત તારીખ, સમય અને સ્થળ સુધી છોડવો/છોડવી. જામીન સાથે શરતો લાગુ પાડી શકાય છે, દાખલા તરીકે કોઈ ગુના નહિ કરવા અથવા અમુક ચોક્કસ વિસ્તારથી કે તેમાંથી દૂર રહેવું.

## બાઈન્ડિંગ ઓવર (શાંતિ જાળવવી)

‘બાઈન્ડિંગ ઓવર’ અરજી ઉપર (અથવા ‘ફરિયાદ’ ઉપર) અથવા કોર્ટ દ્વારા કરી શકાય છે. બંધાયેલી વ્યક્તિ સારું વર્તન કરવા માટેનું અસરકારક રીતે વચન આપે છે અને (દસ્તાવેજમાં સહી કરીને) અમુક નિશ્ચિત કરવામાં આવેલા સમય માટે શાંતિ જાળવવા મંજૂર થાય છે. જો તેઓ આમ ન કરે, તો અસલ ઓર્ડરમાં કોર્ટે સ્પષ્ટતા કરેલી પૂરેપૂરી કે અમુક ભાગની રકમ ચૂકવવાનો તેને ઓર્ડર કરવામાં આવી શકે છે.

## કેર ઓર્ડર (સંભાળ માટેનો હુકમ)

ચિલ્ડ્રન એક્ટ Children Act 1989 હેઠળ કરવામાં આવતો ઓર્ડર જે કોઈ બાળકને લોકલ ઓથોરિટીની સંભાળમાં મૂકે છે. આ માટેની અરજી ફક્ત લોકલ ઓથોરિટી દ્વારા અથવા સેક્રેટરી ઓફ સ્ટેટ દ્વારા અધિકૃત મંજૂરી આપવામાં આવેલી વ્યક્તિ દ્વારા જ કરી શકાય છે. કોઈ બાળકને ઘણા મોટા પ્રમાણમાં નુક્સાન થઈ રહ્યું છે અથવા ઘણા મોટા પ્રમાણમાં નુક્સાન થવાની શક્યતા છે તેવો જ્યારે કોર્ટને સંતોષ થાય ત્યારે જ આ કેર ઓર્ડર કરવાની કોર્ટ પાસે સત્તા છે. કેટલીક વાર માતાપિતાએ તેમનાં બાળકોને નુક્સાન કરવા માટે કશુંક કર્યું હોય અથવા બીજા કોઈને તેમ કરવા દીધું હોય ત્યારે આ ઓર્ડર આપવામાં આવે છે. આમાં શારીરિક નુક્સાન કે જાતીય હેરાનગતીનો સમાવેશ થાય છે. શારીરિક નુક્સાન અને જાતીય હેરાનગતીને કારણે લાગણીશીલ નુક્સાન પણ થઈ શકે છે. (Children Act 1989 ની કલમ 31)

## ક્લેઈમ ફોર્મ (સિવિલ - દીવાની)

ઔપચારિક લેખિત બયાન - સ્ટેટમેન્ટ જેમાં દાવો કરનાર વ્યક્તિ જે ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરી રહી હોય તે જણાવવામાં આવે છે. ફોર્મમાં ક્લેઈમની વિગતો પણ આપેલી હોઈ શકે, જેમ કે કેસ સાથે સંબંધિત બનાવોની તારીખો અને સ્થળો વિશેની પાર્શ્વભૂમિકાની માહિતી સહિત. જો આ વિગતો ક્લેઈમ ફોર્મમાં સમાવેલી ન હોય, તો કોર્ટમાં ક્લેઈમ ફાઈલ કરવાના 14 દિવસની અંદર તે કોર્ટને મોકલી શકાય છે.

## કમિટલ હીયરીંગ - બંધનકર્તા સુનાવણી (સિવિલ - દીવાની)

ચૂકાદાની અમલબજાવણી કરાવવાની એક પદ્ધતિ જેમાં વ્યક્તિને જેલમાં મોકલવામાં આવે એવું જણાવતો ઓર્ડર મેળવવામાં આવે છે. જ્યારે તે વ્યક્તિએ કોર્ટનો અનાદર કર્યો હોય, દાખલા તરીકે કોર્ટના કોઈ ઓર્ડરનું પાલન ન કર્યું હોય ત્યારે તે સામાન્ય રીતે મેળવવામાં આવે છે.

## શરતી છૂટકારો

કોઈ ગુનેગારને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી શરતી છૂટકારો આપવામાં આવી શકે. તેની શરત એવી હોય છે કે તે આ સમય દરમ્યાન બીજા કોઈ ગુના કરશે નહિ. તે પછી તે છૂટકારો રદબાતલ કરી દેવામાં આવે છે. જો કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા સમયમાં કોઈ નવો ગુનો કરવામાં આવ્યો હોય, તો ગુનેગારને જે ગુના માટે શરતી છૂટકારો આપવામાં

આવ્યો હોય તે જ ગુના માટે નવેસરથી સજા કરવામાં આવી શકે છે. તે પછી ગુનેગારે જૂના અને નવા બંને મામલાઓ માટે સજા ભોગવવી પડે છે. શરતી છૂટકારા કન્વિક્શનો છે.

## સંપર્ક માટેની પ્રવૃત્તિ (Children and Adoption Act 2006)

સંપર્ક માટેની પ્રવૃત્તિ - કોન્ટેક્ટ એક્ટિવિટી એટલે કે વ્યક્તિને બાળક સાથે સંપર્ક કરવા, જાળવવા કે સુધારવામાં મદદ કરી શકે તેવી કોઈ પણ માહિતી બેઠક, કાર્યક્રમ, વર્ગ, કાઉન્સેલિંગ કે માર્ગદર્શનની બેઠક. જ્યારે માતાપિતા છૂટાં પડે કે છૂટાછેડા લે ત્યારે જો તેઓ તેમનાં બાળકો માટેની ગોઠવણો ઉપર સહમતી ન કરી શકે તો તેમને મદદ કરવા માટે આ વધારાની સગવડ છે. માતાપિતા નિર્ણય લેવા માટે તેમનો ઝઘડો ફેમિલિ કોર્ટમાં લઈ જઈ શકે. બાળકોને લગતા મોટા ભાગના કોર્ટ કેસોમાં બાળકોના રહેવા અને સંપર્ક કરવાને લગતા મુદ્દા પર માતાપિતાઓ વચ્ચેના અંગત ઝઘડા સંડોવાયેલા હોય છે. જેને સામાન્ય રીતે 'કસ્ટડી' કે 'એક્સેસ' તરીકે પણ ઓળખવામાં આવે છે. (Children and Adoption Act 2006 દ્વારા સુધારો કરવામાં આવ્યા મુજબ Children Act 1989ની કલમ 8.)

## કોર્ટનો અનાદર

કોર્ટના ચૂકાદા ન માનવા કે કાર્યવાહી ન માનવી, દાખલા તરીકે નોન-મોલેસ્ટેશન ઓર્ડરનો ભંગ કરવો એ કોર્ટનો અનાદર કર્યો કહેવાય છે. ઓર્ડરમાં જણાવેલી વ્યક્તિ (પ્રતિવાદી)ને ચેતવણી આપવામાં આવે છે કે જો તે ઓર્ડરનું પાલન નહિ કરે, તો તેને કોર્ટનો અનાદર કરવાને કારણે જેલ સજા કરવામાં આવશે, આ હકીકતને ટેકો આપવા માટે સાથે પીનલ નોટિસ લગાવવામાં આવે છે.

## ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ

સી.પી.એસ. પબ્લિક પ્રોસિક્યુટિંગ ઓથોરિટી છે જે પોલીસથી સ્વતંત્ર છે પણ તેમની સાથે મળીને પ્રોસિક્યુશન ટીમના એક ભાગ તરીકે કામ કરે છે. ઇંગ્લેન્ડ અને વેલ્સમાં સી.પી.એસ. લોકો પર ફોજદારી ગુનાના આરોપ મૂકીને તેમના પર કાનૂની કાર્યવાહી કરે છે. તે પોલીસને સંભવિત પ્રોસિક્યુશનો પર સલાહ આપે છે; કોર્ટ માટે કેસો તૈયાર કરે છે; મેજિસ્ટ્રેટ્સ કોર્ટ અને ક્રાઉન કોર્ટ્સમાં કેસો પર કાર્યવાહીઓ કરે છે; અને ક્રાઉન કોર્ટ્સમાં તેમજ ઉપલી કોર્ટ્સમાં કેસો પર કાર્યવાહી કરવા માટે કાઉન્સેલને સૂચના આપે છે.

## ''આઈધર વે'' - બેમાંથી કોઈ પણ બાજુનો કેસ

એવા કેસ માટે કહેવામાં આવે છે જે માટે ''બેમાંથી કોઈ પણ બાજુએ ટ્રાયલ કરી શકાય તેમ હોય'' અથવા ''બેમાંથી કોઈ પણ બાજુનો ગુનો હોઈ શકે.'' આનો અર્થ એ થાય કે તે કેસ ઉપર મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં કે ક્રાઉન કોર્ટમાં કાર્યવાહી કરી શકાય છે. મેજિસ્ટ્રેટ્સ કોર્ટ કેસની સુનાવણી માટે તેને ક્રાઉન કોર્ટમાં મોકલી શકે છે, સી.પી.એસ. તે કેસની સુનાવણી માટે તેને ક્રાઉન કોર્ટમાં મોકલી શકે છે અથવા પ્રતિવાદી તેના કેસનો ટ્રાયલ ક્રાઉન કોર્ટમાં કરવાનું પસંદ કરી શકે છે.

## તાત્કાલિક સુરક્ષા માટેનો ઓર્ડર

જો એવું માનવાનું વાજબી કારણ હોય કે કોઈ બાળક પીડાઈ રહ્યું છે, અથવા જો ઓર્ડર કરવામાં નહિ આવે તો તેને ઘણા મોટા પ્રમાણમાં નુક્સાન થવાની શક્યતા છે, તો Children Act 1989 હેઠળ ઓછામાં ઓછા 8 દિવસ માટે કરવામાં આવેલો ઓર્ડર જે લોકલ ઓથોરિટીને કે લેખિત કાયદા દ્વારા અધિકૃત કરાયેલી કોઈ વ્યક્તિને કોઈ બાળકને યોગ્ય રહેઠાણમાં મોકલવાની અથવા તેને હોસ્પિટલમાંથી કાઢતાં રોકવાનો હક આપે છે. આ ઓર્ડર વધારે કાયમી કેર ઓર્ડર મેળવવા તરફનું પહેલું પગલું હોઈ શકે છે (ઉપર જુઓ). બાળક રહેતું હોય તે ઘરમાંથી કોઈ લાગતીવળગતી વ્યક્તિને બહાર કાઢવા માટેનો અથવા બાળકના ઘરની આસપાસ નક્કી કરવામાં આવેલા અમુક ચોક્કસ વિસ્તારની બહાર રહેવા માટેનો ઓર્ડર પણ કોર્ટ કરી શકે. (Children Act 1989 ની કલમો 44 અને 44A)

## એક્સ-પાર્ટે - જુઓ નોટિસ વગર

## ઈન્ડિપેન્ડન્ટ ડોમેસ્ટિક વાયોલન્સ એડવાઈઝર [IDVA]

IDVA ની સેવાઓ દરેક સ્થાનિક સ્પેશ્યાલિસ્ટ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ સાથે જોડાયેલી હોય છે (SDVC પણ જુઓ) અને તે ગુનાનો ભોગ બનેલી વ્યક્તિને કોર્ટની પ્રક્રિયામાં તેમજ અનેક કાનૂની અને સ્વૈચ્છિક સંસ્થાઓની સહાય મેળવવામાં મદદ કરે છે.

## જેના માટે ફક્ત ફોજદારી ગુનાનો આરોપ મૂકી શકાય હોય તેવો ગુનો

જે ગુના માટે ફોજદારી ગુનાનો આરોપ મૂકીને જ, એટલે કે ક્રાઉન કોર્ટમાં જ્યુરિ દ્વારા ટ્રાયલ કરી શકાય તેમ હોય તેવો ગુનો. સૌથી વધારે ગંભીર ગુના (ખૂન, બળાત્કાર) માટે ફક્ત ફોજદારી ગુનાના આરોપ જ મૂકી શકાય તેમ હોય છે. જો કે આ બધા જ કેસો મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં શરૂ થશે અને તેમને તાત્કાલિક પ્રારંભિક સુનાવણી માટે ક્રાઉન કોર્ટમાં મોકલી આપવામાં આવે છે.

## મનાઈહુકમ

કોર્ટ ઓર્ડરના સ્વરૂપમાં એક ઉકેલ જે કોઈ એક ચોક્કસ વ્યક્તિ માટે કરવામાં આવ્યો હોય છે અને તેને અમુક ચોક્કસ પ્રકારનું કરવા પર, અથવા કશુંક કરવાનું ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકે છે, અથવા તેને અમુક ચોક્કસ કામ કરવાનો હુકમ કરે છે.

## ઈન્ટિગ્રેટેડ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ [IDVC]

આ ફોજદારી અને કૌટુંબિક બંને પ્રકારના કેસો માટે ''એક કુટુંબ માટે એક જજ'' દ્વારા સુનાવણી પર આધારિત હોય છે, જેથી લોકોએ તેમની એકની એક વાત વારંવાર કહેવી ન પડે. પહેલી પ્રયોગાત્મક ઈન્ટિગ્રેટેડ કોર્ટની પદ્ધતિ ક્રોયડન મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં આવેલી છે [ઓક્ટોબર 2006 માં શરૂ કરવામાં આવી].

## લિક્વિડેટેડ/અનલિક્વિડેટેડ ક્લેઈમો

લિક્વિડેટેડ ક્લેઈમ એટલે અમુક ચોક્કસ રકમની નુક્સાની માટેનો દાવો, દાખલા તરીકે £1,000. અનલિક્વિડેટેડ ક્લેઈમ એટલે ચોક્કસ ન હોય તેવી કોઈ રકમની નુક્સાની માટેનો દાવો, દાખલા તરીકે £10,000 કરતાં વધારે નહિ. કેસ સાંભળનાર જજ કેટલી રકમ આપવી તેનો નિર્ણય કરશે.

## નોન-મોલેસ્ટેશન ઓર્ડર

Family Law Act 1996 હેઠળ કરવામાં આવતો ઓર્ડર જે કોઈ વ્યક્તિને સીધી કે આડકતરી રીતે 'સંલગ્ન વ્યક્તિ' અથવા કોઈ સંબંધિત બાળક પર દુરાચાર કરવા પર અથવા કોર્ટે તેને જે કરવાની મનાઈ કરી હોય તેવું કોઈ કામ કરતાં રોકવા માટે નિયંત્રણ મૂકે છે.

## ઓન-નોટિસ એપ્લિકેશન

કોર્ટ દ્વારા સુનાવણી માટે નોંધવામાં આવેલી અરજી જેના માટે તેના બધા જ પક્ષોને તે સુનાવણીની તારીખ અને સમયની સૂચના આપવામાં આવેલી હોય.

## પીનલ નોટિસ

સિવિલ - દીવાની ઓર્ડરો સાથે જોડી શકાય તેવી એક નોટિસ જે પક્ષ અથવા પક્ષોને ચેતવણી આપે છે કે જો તેઓ ઓર્ડરનું અથવા ઓર્ડરમાં જણાવેલી અમુક બાબતોનું પાલન નહિ કરે તો તેમણે કોર્ટનો અનાદર કર્યો ગણાશે અને તેમને કદાચ જેલ સજા થઈ શકે. નોન-મોલેસ્ટેશન ઓર્ડરો પરની પીનલ નોટિસો ફરજિયાત હોય છે, પરંતુ બીજા ઓર્ડરોના સંદર્ભમાં તે મરજિયાત હોય છે. જો અરજી કરનાર (ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ)ને લાગતું હોય કે પ્રતિવાદી (ગુનેગાર) પીનલ નોટિસની અવગણના કરે કે તેનો ભંગ કરે તેવી શક્યતા છે, તો પ્રતિવાદીની ધરપકડ કરીને તેને કોર્ટ સમક્ષ હાજર કરવા માટે ઓર્ડર સાથે પાવર ઓફ અરેસ્ટ જોડવાની અરજી અરજી કરનારે પોતે કોર્ટમાં કરવાની હોય છે.

## ગુનેગારો માટેના પ્રોગ્રામો

ગુનેગારો માટેના પ્રોગ્રામો મુખ્યત્વે પુરૂષોને તેમનું વર્તન બદલવા અને સન્માનપૂર્ણ, હેરાનગતી વગરના સંબંધો વિકસાવવામાં મદદ કરવા માટે છે. આંકડાકીય રીતે જોતાં મોટા ભાગના ગુનેગારો પુરૂષો હોવાથી, ગુનેગારો માટેના મોટાભાગના પ્રોગ્રામો પુરૂષો સાથે કામ કરે છે. આ પ્રોગ્રામો સામાન્ય રીતે 8-15 પુરૂષોનાં નાનાં જૂથોમાં કરવામાં આવે છે જેઓ તેમના હાલના કે ભૂતકાળના સંબંધોમાં હિંસક કે અત્યાચાર કરનારા રહ્યા હોય.

## પાવર ઓફ અરેસ્ટ - ધરપકડની સત્તા

નોન-મોલેસ્ટેશન ઓર્ડર (1 જુલાઈ 2007 સુધી) અથવા ઓક્યુપેશન ઓર્ડર સાથે જોડવામાં આવેલી સત્તા જેથી જે ઓર્ડર સાથે પાવર જોડવામાં આવ્યો હોય તે ઓર્ડરનો કોઈ વ્યક્તિએ ભંગ કર્યો હોવાની શંકા જવાનું પોલીસ પાસે વાજબી કારણ હોય, પછી ભલે તે વ્યક્તિ કોઈ ફોજદારી ગુનો ન કરી રહી હોય તો પણ, તેની કોઈ વોરંટ વગર પોલીસ ધરપકડ કરી શકે છે. નોન-મોલેસ્ટેશન ઓર્ડર અથવા ઓક્યુપેશન ઓર્ડર સાથે પાવર ઓફ અરેસ્ટ જોડવાનું ફરજિયાત નથી અને 1 જુલાઈ 2007થી, નોન-મોલેસ્ટેશન ઓર્ડર સાથે પાવર ઓફ અરેસ્ટ જોડવામાં આવશે નહિ. જો કે, હાલમાં, જો પ્રતિવાદીએ અરજી કરનાર વ્યક્તિ અથવા કોઈ સંબંધિત બાળક સાથે હિંસા કરી હોવાનું કે કરવાની ધમકી આપી હોવાનું દેખીતું હોય, તો કોર્ટે પાવર ઓફ અરેસ્ટ જોડવો જ પડે છે, સિવાય કે કેસના બધા જ સંજોગોમાં અરજી કરનાર વ્યક્તિ અથવા બાળક યોગ્ય રીતે સુરક્ષિત હોવાનો કોર્ટને સંતોષ થયો હોય. આનો ફાયદો એ છે કે, જ્યાં પાવર ઓફ અરેસ્ટ જોડવામાં આવ્યો હોય ત્યાં, અરજી કરનાર વ્યક્તિએ પ્રતિવાદીની ધરપકડ કરાવવાની માગણી કરવા કોર્ટ પાસે જવું પડતું નથી, કારણ કે પોલીસ વોરંટ વગર જ તેની ધરપકડ કરી શકે છે.

## પ્રોસેસ સર્વર

એક અધિકૃત વ્યક્તિ, જે લાક્ષણિક રીતે 'કોર્ટના ઓફિસર' હોય છે, જેઓ લોકોને કાનૂની દસ્તાવેજો આપવા માટે જવાબદાર હોય છે - સામાન્ય રીતે પ્રતિવાદીઓ કે વાદીઓને.

## રીમાન્ડ

આરોપી વ્યક્તિને કસ્ટડીમાં મોકલવો અથવા તેને જામીન પર છોડવો/છોડવી. જો શકમંદ વ્યક્તિને કસ્ટડીમાં રીમાન્ડ પર રાખવામાં આવે, તો તેને કોર્ટ સમક્ષ ફરીથી હાજર કરવાનો હોય ત્યાં સુધી તેને જેલમાં મોકલી આપવામાં આવશે.

## સ્પેશ્યાલિસ્ટ ડોમેસ્ટિક વાયોલન્સ કોર્ટ [SDVC]

હાલની મેજિસ્ટ્રેટ્સ કોર્ટની અંદર જ આવેલું એક ખાસ સ્થાન, જ્યાં ન્યાયાધીશો અને કર્મચારીઓને સાથે તાલીમ આપવામાં આવે છે અને સાથે ગુનાનો ભોગ બનેલાં લોકો માટે અસરકારક ટેકો પૂરો પાડવામાં આવે છે. એપ્રિલ 2007માં ઇંગ્લેન્ડ અને વેલ્સમાં આવાં 64 સ્થળો હશે.

## ખાસ પગલાં / સગવડો

ગુનાનો ભોગ બનેલાં લોકોની સુરક્ષા કરવા માટે વધારાની સત્તાઓ કે સગવડો. આમાં કોર્ટ કેવા પ્રકારની છે તેના આધારે, રાહ જોવા માટેના અલગ રૂમો, પડદા પાછળ રહીને અથવા વિડિયો લિન્ક મારફતે જુબાની આપવી, વગેરેનો સમાવેશ થઈ શકે છે. શું સગવડ મળી શકે તેમ છે તે હંમેશાં પૂછી જુઓ.

## સંક્ષિપ્ત ગુના

જે ગુના માટે જ્યુરિને બદલે ફક્ત મેજિસ્ટ્રેટ્સ સમક્ષ જ ટ્રાયલ ચલાવી શકાય તેમ હોય. મોટા ભાગે નાના ગુના (દાખલા તરીકે સામાન્ય હુમલો અને દારૂના નશામાં ધમાલ કરવી) સંક્ષિપ્ત ગુના છે.

## જામીનગીરી

જો કોઈ એક વ્યક્તિ પૈસા ચૂકવી કે આપી ન શકે, તો તેના વતી પૈસા ચૂકવનાર કે આપનાર ગેરંટોર. જામીનગીરીઓ કોઈ બોન્ડિંગ કંપની દ્વારા આપી શકાય જે કોઈ ગાર્ડિયન, એડમિનિસ્ટ્રેટર અથવા બિલ્ડિંગ કોન્ટ્રાક્ટર માટે ''બોન્ડ પોસ્ટ'' કરે.

મોટા ભાગની જામીનગીરીના એગ્રીમેન્ટોમાં, જે વ્યક્તિ જામીન માગી રહી હોય (પૈસા માગી રહી હોય) તેણે સૌથી પહેલાં તે ચૂકવવા માટે જવાબદાર વ્યક્તિ પાસેથી તે મેળવવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

## થર્ડ પાર્ટી ઓર્ડરો - ત્રાહિત પક્ષ માટેના ઓર્ડરો

FLA 1996 ના ભાગ IVની કલમ 60 ‘થર્ડ પાર્ટી ઓર્ડરો’ - ત્રાહિત પક્ષ માટેના ઓર્ડરને લગતી છે. આ કલમ હેઠળ કોઈ નક્કી કરવામાં આવેલી વ્યક્તિ, અથવા અમુક ચોક્કસ શ્રેણીની વ્યક્તિ, ઘરેલૂ હિંસાનો ભોગ બનેલી વ્યક્તિઓ વતી ઓક્યુપેશન ઓર્ડરો કે નોન-મોલેસ્ટેશન ઓર્ડરો મેળવવા માટે કારભાર કરી શકે તે માટેની લોર્ડ ચાન્સલરને સત્તા આપે છે. જો કે, હાલમાં કલમ 60 અમલમાં નથી, અને નજીકના ભવિષ્યમાં તેને અમલમાં લાવવાની કોઈ યોજના પણ નથી.

## નોટિસ વગર (અગાઉ ‘એક્સ-પાર્ટે’)

એક પક્ષની ગેરહાજરીમાં બીજા પક્ષ દ્વારા કોર્ટની કાર્યવાહી શરૂ કરવા માટે કરવામાં આવેલી અરજી (અરજી કરનાર વ્યક્તિની સુરક્ષા કરવાની તત્કાલિનતાને કારણે તે ઘણી વાર FLA 1996 હેઠળ કરવામાં આવે છે).

## સૂચિ D: સંદર્ભનાં બીજાં સ્થાનો અને વધુ વાંચન

**ACPO પોલીસ-ફેમિલિ ડિસ્ક્લોઝર પ્રોટોકોલ:**

- સમજૂતી આપતો મેમોરેન્ડમ પ્રોટોકોલ (કાર્યવાહીઓ અને ફોર્મ્સ સહિત પ્રયોગાત્મક યોજનાઓમાં વાપરવામાં આવ્યા મુજબ) http://www.dca.gov.uk/family/metpol-expmem.pdf;
- મેટ્રોપોલિટન પોલીસ સર્વિસ (એમ.પી.એસ.) સ્વરૂપ http://www.dca.gov.uk/family/metpol-protocol.pdf;
- નોર્ધન સરકિટ સ્વરૂપ (લંડન/એમ.પી.એસ.ની બહારના વિસ્તારો માટે) (તે 90 પાનાં લાંબું હોવાનું જણાવ્યું છે તે કૃપા કરીને અવગણશો, તે ફક્ત 11 પાનાં જ લાંબું છે) http://www.dca.gov.uk/family/metpol-northerncircuit.pdf;
- પ્રમાણભૂત રીપ્લાય અને રીક્વેસ્ટ ફોર્મ: સૂચિઓ B અને C:
  http://www.dca.gov.uk/family/stdreq-form-annexb.doc
  http://www.dca.gov.uk/family/stdpol-replyform-annexc.doc
- ઈવેલ્યુએશન રીપોર્ટ (તેની છાપેલી મર્યાદિત સંખ્યામાં નકલો હજુ પણ એચ.એમ.સી.એસ. પાસેથી મળી શકે છે): http://www.dca.gov.uk/family/police-info-family-proceedings.pdf

આ દસ્તાવેજો એચ.એમ.સ.એસ.ની વેબસાઈટ પર મેળવવા માટે અહીં ક્લિક કરો:
http://www.hmcourts-service.gov.uk/infoabout/family_law/index.htm

જે વિભાગમાં 'Part IV of the Family Law Act 1996' લખેલું હોય તેમાં જાવ, ત્યાં હવે જમણી બાજુના 'Further Information' ખાનામાં 'Domestic Violence Guidance and Information' મથાળા હેઠળ લિન્ક છે જે તમને ડી.સી.એ.ની સાઈટ પર લઈ જશે.

**બ્રોકન રેઈનબો Broken Rainbow**: ઘરેલૂ હિંસાનો ભોગ બની રહેલાં લેસ્બિયન, ગે, દ્વિજાતિય અને લિંગપરિવર્તન કરાવેલાં (lesbian, gay, bisexual and transgender (LGBT)) લોકો માટે ટેકો. **હેલ્પલાઈન** 08452 60 44 60 દરે સોમવારથી શુક્રવાર સવારે 9થી બપોરે 1 અને બપોરે 2થી સાંજે 5 ત્યાં LGBT લોકો કર્મચારીઓ તરીકે કામ કરે છે. http://www.broken-rainbow.org.uk/

**કો-ઓર્ડિનેટેડ એક્શન અગેઈન્સ્ટ ડોમેસ્ટિક અબ્યુઝ CAADA – Co-ordinated Action Against Domestic Abuse**
[અગાઉની CRARG http://www.crarg.org.uk/index.html]
info@caada.org.uk ફોન: 01749 812968
સીધા જ એડવોકસી પ્રોજેક્ટોને, તેમના સ્થાનિક બહુ-સંસ્થાકીય ભાગીદારોને સેવાઓ પૂરી પાડીને અને ભંડોળ આપનારાંઓ, નીતિ સલાહકારો અને સરકાર સાથે કામ કરવા મારફતે, તે ઘરેલૂ હિંસામાંથી બચીને નીકળેલાં બધાં જ લોકો માટે, અને ખાસ કરીને જેમના પર સૌથી વધારે જોખમ રહેલું હોય, તેમને એક સુસંગત, વ્યવસાયિક અને અસરકારક જવાબ આપવા માટે કામ કરે છે.

કામના સ્થળે ઘરેલૂ હિંસા અંગે કાર્યવાહી કરવા માટે કેબિનેટ ઓફિસની માર્ગદર્શિકા
**http://www.civilservice.gov.uk/management/domestic_violence/publications/doc/empl_leaf_21oct04.doc**
**http://www.civilservice.gov.uk/management/domestic_violence/publications/doc/domestic-violence_lm_leaf.doc**

કમ્યૂનિટી લીગલ સર્વિસ ડાઈરેક્ટની વેબસાઈટ: ‘ www.clsdirect.org.uk. આ વેબસાઈટ પર લાયકાતની ગણતરી કરતું કેલ્ક્યુલેટર આપેલું છે અને અનેક પત્રિકાઓ પણ મળી શકે છે, જેમાં ‘ડોમેસ્ટિક વાયોલન્સ, અબ્યુઝ એન્ડ હરેસમેન્ટ’ (ઘરેલૂ હિંસા, અત્યાચાર અને હેરાનગતિ) નામની પત્રિકા હોવા ઉપરાંત છૂટાછેડા અને જુદા પડવા જેવા સંબંધિત અન્ય વિષયો પર પત્રિકાઓ પણ છે.

**કોપોટરરેટ અલાયન્સ અગેઈન્સ્ટ ડોમેસ્ટિક વાયોલન્સ: Corporate Alliance Against Domestic Violence:** પ્રગતિ કરી રહેલી કંપનીઓ અને સંસ્થાઓનું એક જૂથ જે કામના સ્થળે ઘરેલૂ હિંસાની અસરો દૂર કરવા મ ા ટ ે અ લ ગ અ લ ગ
http://www.corporatealllianceuk.com/home.asp

કોર્ટની ફીઃ શું તમારે તે ચૂકવવી પડશે? Court Fees: Do you have to pay them? – કોર્ટ સર્વિસની પત્રિકા EX160A. EX 160 - ફી ચૂકવવામાંથી મુક્તિ કે ઘટાડો મેળવવા માટેનું એપ્લિકેશન ફોર્મ
(note) http://www.hmcourts-service.gov.uk/HMCSCourtFinder/GetLeaflet.do?court_leaflets_id=172
(application) http://www.hmcourts-service.gov.uk/HMCSCourtFinder/GetForm.do?court_forms_id=168

ક્રાઉન પ્રોસિક્યુશનની વેબસાઈટ www.cps.gov.uk

- ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (ફેબ્રુઆરી 2006) ઘરેલૂ હિંસાના કેસો પર કાનૂની કાર્યવાહી કરવામાટેની નીતિની પુસ્તિકા *Policy for Prosecuting Cases of Domestic Violence* Booklet, http://www.cps.gov.uk/publications/docs/DomesticViolencePolicy.pdf
- *પ્રોસિક્યુશન માટેના નિર્ણયો કેવી રીતે લેવામાં આવે છે* http://www.cps.gov.uk/publications/docs/DomesticViolenceLeaflet.pdf

બળજબરીપૂર્વક કરાવવામાં આવતાં લગ્નો સામે પગલાં લેવાં - શૈક્ષણિક વ્યવસાયિકો માટે માર્ગદર્શિકા
http://www.fco.gov.uk/Files/kfile/Dealing%20with%20cases%20of%20Forced%20Marriages.pdf

બળજબરીપૂર્વક કરાવવામાં આવતાં લગ્નો સામે પગલાં લેવાં - પોલીસ માટે માર્ગદર્શિકા
http://www.fco.gov.uk/Files/kfile/InteractiveForcedMarriage091106.pdf

ડિપાર્ટમેન્ટ ફોર કોન્સ્ટિટ્યુશનલ અફેર્સની વેબસાઈટ www.dca.gov.uk

**ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ, ઘરેલૂ હિંસાનો જવાબ આપવો, આરોગ્ય વ્યવસાયિકો માટેની એક માહિતી પુસ્તિકા Department of Health, Responding to Domestic Violence a handbook for health professionals, 2005: http://www.dh.gov.uk/assetRoot/04/12/66/19/04126619.pdf**

*ઘરેલૂ હિંસા* ***કાયદો અને વ્યવહાર*** *Domestic Violence* ***Law and Practice***, (**પાંચમી** આવૃત્તિ 2006) (ડિસ્ટ્રિક્ટ જજ) રોજર બર્ડ [**ISBN: 0 85308 974 4**]

**ડી.વાય.એન. - પુરૂષો માટે વેલ્સ ડોમેસ્ટિક અબ્યુઝ હેલ્પલાઈન DYN – Wales Domestic Abuse Helpline for men** www.dynproject.org/
**029 2048 9500 – ફક્ત કાર્ડિફમાં / 0808 801 0321 – કાર્ડિફની બહાર**
ડી.વાય.એન. પ્રોજેક્ટ ઘરેલૂ હિંસાનો ભોગ બનેલાં પુરૂષો માટે ખાનગીમાં સલામતીનું આયોજન અને એડવોકસીની સેવા પૂરી પાડે છે. આ પ્રોજેક્ટ કાર્ડિફમાં અને વેલ્સમાં ગે, દ્વિજાતિય, લિંગપરિવર્તન કરાવેલાં અને વિજાતીય પુરૂષો માટે કામ કરે છે અને હેરાનગતીવાળા સંબંધોમાં રહેલા પુરૂષોને સહાય કરવા માટે અનેક પ્રકારની સેવાઓ તેમજ સંસાધનો પ્રદાન કરી શકે છે. આમાં માહિતી, સલાહ આપવાનો અને અનેક સહાયક સેવાઓ મેળવી આપવાનો સમાવેશ થાય છે.

**ફોર્સ્ડ મેરેજ યૂનિટ Forced Marriage Unit**
**સંપર્ક 0207 008 0151** www.fco.gov.uk
ફોર્સ્ડ મેરેજ યૂનિટ જે લોકોને બળજબરીથી વિદેશમાં લગ્ન કરાવી દેવાનું જોખમ રહેલું હોય તેમના માટે ખાનગીમાં સલાહ અને સહાય મેળવવા માટેનું એકમાત્ર સ્થાન છે.

**એચ.એમ. કોર્ટ્સ સર્વિસની વેબસાઈટ – www.hmcourts-service.gov.uk**

હોમ ઓફિસની વેબસાઈટ www.homeoffice.gov.uk
***પ ત્રિ ક્રા ામ: ા ર` સ ર ¥ ાં u જી વ્ડ ળ ાન'lt જ્ણ્ર ર્ v e***
http://www.crimereduction.gov.uk/isp21.pdf

**ઈ મ IMKAAN ન**
**http://www.imkaan.org.uk/pub/index.php?id=8**
**લક્ષ્યનું નિવેદનઃ ઘરેલૂ હિંસાનો અનુભવ કરી રહેલાં એશિયન મહિલાઓ અને બાળકોની જરૂરતો પૂરી કરતાં આશ્રયસ્થાનોને વ્યૂહરચનાત્મક સમર્થનની અને સંસ્થાકીય સહાયની સેવા પૂરી પાડવી.**

ઈમિગ્રેશન એડવાઈઝ સર્વિસ - 020 7357 6917 / www.iasuk.org

લૉ સોસાઈટીની *Family Law Protocol* 2nd edition
http://www.lawsociety.org.uk/search/view=query.law#

લીગલ સર્વિસ કમિશનની વેબસાઈટ www.legalservices.gov.uk

- લાયકાતની ગણતરી http://www.legalservices.gov.uk/civil/whatis_calculator.asp
- ફંડિંગ કોડ www.legalservices.gov.uk/civil/guidance/funding_code.asp

**પુરૂષો માટેની સલાહ લાઈન Mens Advice Line www.mensadviceline.org.uk.**
**હેલ્પલાઈન 0808 801 0327**

**નેશનલ ડિલિવરી પ્લાન અને રીપોર્ટ**
**http://www.crimereduction.gov.uk/domesticviolence/domesticviolence51.pdf**

**નેશનલ ડોમેસ્ટિક વાયોલન્સ હેલ્પલાઈન 0808 2000 247**
**રેફ્યુજ વેબસાઈટો, WAFE પણ જુઓ,**

નોર્ધન આયરલેન્ડ રીજનલ ફોરમ ઓન ડોમેસ્ટિક વાયોલન્સ, Northern Ireland Regional Forum on Domestic Violence, Ending the Pain and Healing the Hurt – *A Practical Guide for Faith Communities Responding to Domestic Violence*, ઓક્ટોબર 1999 [નોર્ધન આયરલેન્ડ વિમેન્સ એઈડ]

**નોર્ધન આયરલેન્ડ સ્ટ્રેટેજી [ફેબ્રુઆરી 2006] www.nio.gov.uk**
**ઘરમાં હિંસા સામે પહોંચી વળવું**

**નોર્ધન આયરલેન્ડ વિમેન્સ એઈડ / હેલ્પલાઈન 0800 917 1414 www.niwaf.org**

**રેફ્યુજ (આશ્રયસ્થાન) www.refuge.gov.uk**

રેફ્યુજી કાઉન્સિલ 020 7346 6777 www.refugeecouncil.org.uk

***રેઝોલ્યુશન - ફેમિલ લૉ માટે પહેલું*** **www.resolution.org.uk**
**અગાઉનું સોલિસિટર્સ ફેમિલિ લૉ અસોસિએશન સીધી લાઈન: 01689 899 585**

**રીસ્પેક્ટ RESPECT**
0845 122 8609 www.respect.uk.net
રીસ્પેક્ટ ઘરેલૂ હિંસાનાં ગુનેગારો માટેના કાર્યક્રમો અને તેની સાથે સંકળાયેલી સહાયક સેવાઓ માટેની માટેની યુકેની સભ્યો માટેની સંસ્થા છે. તેનું મુખ્ય ધ્યાન, ગુનેગારો સાથે વધારે અસરકારક દરમ્યાનગીરીઓને પ્રોત્સાહન આપીને ઘરેલૂ હિંસાનો અનુભવ કરી રહેલાં લોકોની સલામતી વધારવા ઉપર કેન્દ્રિત કરવામાં આવે છે.

**રાઈટ્સ ઓફ વિમેન Rights of Women http://www.rightsofwomen.org.uk/**
મનાઈહુકમ વિશેની માહિતી પુસ્તિકા અને ઓર્ડર માટેનું ફોર્મ
http://www.rightsofwomen.org.uk/pdfs/dv_2nd_ed.pdf

- સ્ત્રીઓ દ્વારા સ્ત્રીઓ માટે મફત કાનૂની સલાહ આપતી લાઈન: 020 7251 6577
  દર મંગળવાર, બુધવાર અને ગુરૂવારે બપોરે 2–4 / સાંજે 7–9: શુક્રવારે બપોરે 12–2 સુધી ખુલ્લી.
- સ્ત્રીઓ દ્વારા સ્ત્રીઓ માટે જાતીય હિંસાને લગતા કાયદા વિશે મફત સલાહ આપતી લાઈન: 020 7251 8887
  દર સોમવારે સવારે 11 - બપોરે 1 અને મંગળવારે સવારે 10 - બપોરે 12 સુધી ખુલ્લી.

**સાઉથોલ બ્લેક સિસ્ટર્સ Southall Black Sisters www.southallblacksisters.org.uk/**
ફોન: 020 8571 9595 southallblacksisters@btconnect.com

વિક્ટિમ સપોર્ટની વેબસાઈટ www.victimsupport.org.uk
વિક્ટિમ સપોર્ટ વિટનેસ સર્વિસની પત્રિકા, *કોર્ટમાં જવું Going to Court*
http://www.victimsupport.org.uk/vs_england_wales/coping_with_crime/criminal_justice_system/going_to_court_leaflet.pdf

**વેલ્શ વિમેન્સ એઈડ / ડોમેસ્ટિક અબ્યુઝ હેલ્પલાઈન**
**હેલ્પલાઈનઃ 808 8010 800** **www.welshwomensaid.org**
વેલ્શ વિમેન્સ એઈડ સેવાઓ પૂરી પાડતી એક અગ્રણી સંસ્થા છે જે ખાસ કરીને વેલ્સમાં ઘરેલૂ હિંસા અને અત્યાચારનો અનુભવ કરી રહેલી અરક્ષિત સ્ત્રીઓ અને બાળકો માટે સેવાઓ પૂરી પાડે છે. વેલ્શ વિમેન્સ એઈડ એક રાષ્ટ્રિય છત્ર સંસ્થા છે જેમાં સમગ્ર વેલ્સમાં આવેલાં 35 સ્થાનિક વિમેન્સ એઈડ ગ્રુપો સભ્ય છે.

**વિમેન્સ એઈડ** www.womensaid.org.uk
આમાં હેલ્પલાઈનો, આશ્રયસ્થાનો તેમજ પત્રિકાઓ મંગાવવા માટેના સંપર્કો વિશેની માહતી આપવામાં આવી છે.

બળજબરીપૂર્વક લગ્ન કરાવવામાં આવતાં હોય તેવાં યુવાન લોકો અને અરક્ષિત પુખ્ત વયનાં લોકો. સોશિયલ વર્કરો માટે કાર્યવ્યવહારની માર્ગદર્શિકાઃ
http://www.fco.gov.uk/Files/kfile/Forced%20Marriage%20Guidelines%20for%20social%20workers.pdf